પાના ૮, કિંમત રૂ.૨, તા. ૦૯-૦૧-૨૦૨૬-શુક્રવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૨૫ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in pratapdarpan_official pratapdarpansrt@gmail.com pratapdarpan_official11

# દિલ્હીમાં ગૃહ મંત્રાલય પાસે ટીએમસીનું વિરોધ પ્રદર્શન

**વિરોધ પ્રદર્શનમાં સુરક્ષા કર્મીઓ સાથ ઝપાઝપી: આઠ સાંસદોની અટક : આઈ-પેકના ડીરેક્ટરને ત્યાં ઈડીની રેડના વિરોધમાં કોલકાતામાં મહારેલી**

નવી દિલ્હી, તા. ૦૯

પશ્ચિમ બંગાળના TMCના IT સેલના ચીફના ઠેકાણાઓ પર EDના દરોડાના વિરોધમાં શુક્રવારે TMCએ દિલ્હીમાં ગૃહ મંત્રાલયની બહાર પ્રદર્શન કર્યું. આ પ્રદર્શનમાં પાર્ટીના ૮ સાંસદો સામેલ હતા. જેમાં ડેરેક ઓ બ્રાયન, મહુઆ મોઈત્રા, કીર્તિ આઝાદ સૂત્રોચ્ચાર કરતા જોવા મળ્યા.

દિલ્હી પોલીસે સાંસદોને હટાવવાનો પ્રયાસ કર્યો. આ દરમિયાન ધક્કામુક્કી થઈ, કેટલાક સાંસદો પડી પણ ગયા. પોલીસ તેમને ઉઠાવીને લઈ ગઈ. મહુઆએ કહ્યું- જુઓ, ચૂંટાયેલા સાંસદો સાથે કેવો વ્યવહાર કરવામાં આવી રહ્યો છે.

આ તરફ, પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી કોલકાતામાં કેન્દ્રીય તપાસ એજન્સી પ્રવર્તન નિર્દેશાલય (ED)ની કાર્યવાહીના વિરોધમાં રેલી કાઢશે. ૮ જાન્યુઆરીએ TMCના IT સેલના ચીફ અને પોલિટિકલ એક્શન કમિટી (I-PAC)ના ડિરેક્ટર પ્રતીક જૈનના ઠેકાણાઓ પર રેડ પાડવામાં આવી. આ કાર્યવાહી ૨૦૨૦ના કોલસા તસ્કરી કૌભાંડ સાથે સંકળાયેલા મની લોન્ડરિંગ કેસની તપાસમાં થઈ. EDની એક ટીમે ગુરુવારે સવારે જૈનના લાઉડન સ્ટ્રીટ સ્થિત ઘર અને બીજી ટીમે સોલ્ટલેક સ્થિત ઓફિસ પર દરોડા પાડ્યા હતા. પ્રતીક જૈન જ મમતા બેનર્જી માટે પોલિટિકલ સ્ટ્રેટેજી તૈયાર કરે છે. તેથી જ્યારે સીએમ મમતાને દરોડાની જાણ થઈ, ત્યારે તેઓ પોલીસ અધિકારીઓ સાથે સીધા પ્રતીકના ઘરે પહોંચ્યા હતા. ૨૦-૨૫ મિનિટ રોકાયા પછી એક ફાઇલ ફોલ્ડર લઈને નીકળી ગયા હતા.

આ પછી મમતા પ્રતીકની ઓફિસે પહોંચ્યા હતા. અહીં તેઓ લગભગ ૩:૩૦ કલાક રોકાયા હતા. મમતાએ આ કાર્યવાહીને રાજકારણથી પ્રેરિત ગણાવી છે. તેમણે કહ્યું કે મને માફ કરો વડાપ્રધાનજી, કૃપા કરીને તમારા ગૃહમંત્રીને કાબુમાં રાખો. દેશમાં કદાચ પહેલીવાર બન્યું છે, જ્યારે કોઈ સીએમએ દરોડા દરમિયાન આવું પગલું ભર્યું હોય. EDએ આ મામલે દેશભરમાં ૧૦ સ્થળોએ દરોડા પાડ્યા. જેમાં ૬ બંગાળના અને ૪ દિલ્હીના છે.



# યુક્રેનમાં યુરોપનું શાંતિરક્ષક દળ ગોઠવવા સામે રશિયાનો વિરોધ

**યુક્રેન પર મર્યાદીત પરમાણુ હુમલાની રશિયાની તૈયારીથી ખળભળાટ**

નવી દિલ્હી, તા. ૦૯

અમેરિકાના વેનેઝુએલા પર કબ્જા તથા આ દેશનું ક્રુડતેલ વહન કરી રહેલા રશિયન ઓઈલ ટેન્કર પર અમેરિકા-સાથી દેશોએ બળજબરીથી કબ્જો કરવા ઉપરાંત રશિયા સંબંધીત ક્રુડ ઓઈલ તથા સંરક્ષણ ઉત્પાદનો સંબંધી પ્રતિબંધ મુકતા ખરડાને અમેરિકી સંસદમાં રજુ કરાતા જ હવે રશિયા પણ યુક્રેન મુદ્દે નિર્ણાયક બની રહ્યું છે.

આ યુદ્ધમાં પુરી સરસાઈ મેળવવા અણુ હુમલાની પણ તૈયારી કરી રહ્યુ હોવાનો અહેવાલ ન્યુયોર્ક ટાઈમ્સે આપ્યો છે. યુક્રેને જે રીતે રશિયાની વ્યુહાત્મક ન્યુકલીયર ટેસ્ટ સાઈટને સતત નિશાન બનાવવાનું શરૂ કર્યુ છે તે પછી રશિયા હવે યુક્રેન પર મર્યાદીત અસર કરતો અણુ હુમલો કરી શકે છે. રશિયાએ અગાઉ રશિયાએ જે મધ્યમ અંતરના બેલેસ્ટીક મિસાઈલનો ૨૦૨૪માં ઉપયોગ કર્યો હતો તેવા જ મિસાઈલ ફરી એક વખત રશિયા ઉપયોગ કરે તેવી ધારણા છે. આ પ્રકારના મિસાઈલમાં અગાઉ વોરહેડનો ઉપયોગ થયો હતો પણ તે અણુ શો વહન કરવાની ક્ષમતા ધરાવે છે.

ચાર વર્ષના યુદ્ધમાં ફકત બીજી વખત રશિયા આ પ્રકારના મિસાઈલનો ઉપયોગ કરી રહ્યું છે. રશિયાએ અગાઉ જ યુક્રેન સેનાને શરણે આવવા અને શાંતિ માટે જે ઓફર કરી હતી તે યુક્રેને નકારી છે.

જે રીતે અમેરિકી-બ્રિટીશ સૈન્ય હથિયારોથી યુક્રેન રશિયાના છેક અંદરના ભાગમાં પ્રહાર કરવા સક્ષમ બન્યુ છે તેથી રશિયાની ચિંતા વધી ગઈ છે. સૂત્રોના જણાવ્યા મુજબ રશિયા મર્યાદીત રીતે હુમલો કરીને યુક્રેનને શરણે કરવા મજબૂર કરી શકે છે.

રશિયાએ યુક્રેન અને યુરોપને યુદ્ધનું ગઠબંધન કરી રહેલા દર્શાવતા યુક્રેનમાં યુરોપના શાંતિ રક્ષક દળો ગોઠવવા સામે ચેતવણી આપતા કહ્યું કે તે રશિયા સામે યુદ્ધ જ ગણાશે.

# હવે સ્લીપર બસ દુર્ઘટનામાં સીબીઆઈ તપાસ : ગડકરી

**કેન્દ્રીય પરિવહન મંત્રી નિતીન ગડકરીએ આપ્યો નિર્દેશ**

નવી દિલ્હી, તા. ૦૯

દેશમાં વધતા જતા માર્ગ અકસ્માતો અને સ્લીપર બસોને બનાવવામાં આચારવામાં આવતી અનિયમિતતાને રોકવા માટે કેન્દ્રીય માર્ગ પરિવહન તેમજ રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરી સખ્ત એકશનના મૂડમાં છે.

તેમણે જણાવ્યું હતું કે, પ્રાઈવેટ બસ બોડી બિલ્ડરો (વેન્ડરો) દ્વારા બસો બનાવવામાં આચરવામાં આવેલ મોટા સ્તરે લાપરવાહી, સુરક્ષા ધોરણો પર ખરી ન ઉતરવા છતા ફિટનેસ સર્ટીફીકેટ જાહેર કરવા અને અન્ય પ્રકારના ગોટાળાની શંકા જોઈ કેટલાક મામલાની તપાસ સીબીઆઈ પાસે કરાવવાની ભલામણ કરવામાં આવશે. રાજયો અને કેન્દ્રશાસિત રાજયોના ટ્રાન્સપોર્ટ મંત્રીઓ અને કમિશ્નરોની વાર્ષિક બેઠકની અધ્યક્ષતા કર્યા બાદ તેમણે મીડિયાને કહ્યું હતુ કે અમારા પ્રયાસો છતા પણ માર્ગ અકસ્માતમાં ઘટાડો થવાના બદલે વધારો થઈ રહ્યો છે. ગત વર્ષ ત્રણ મહિનામાં રાજસ્થાન સહિત અન્ય રાજયોમાં સ્લીપર બસોમાં આગ લાગવાની થયેલી પાંચથી છ ઘટનાઓનો ઉલ્લેખ કરતા કહ્યું હતુ કે તેમાં ૧૪૫ લોકો જીવતા ભડથુ થઈ ગયા હતા.

અમે માફી કે આંખ આડા કાનના મૂડમાં નથી, તેના પર અંકુશ

અનુસંધાન પાના ૭ પર

# સુપ્રિમ કોર્ટમાં સતત ત્રીજા દિવસે રખડતા કૂતરાઓના મુદ્દે સુનાવણી

**આ કૂતરા વિરુદ્ધ માણસોનો કેસ નથી તેવી અરજદારે દલીલ કરી**

નવી દિલ્હી, તા. ૦૯

શુક્રવારે સતત ત્રીજા દિવસે સુપ્રીમ કોર્ટ રખડતા કૂતરા કેસની સુનાવણી કરી રહી છે. એનિમલ રાઈટ્સ તરફથી પ્રતિનિધિત્વ કરતા એડવોકેટ શાદાન ફરાસતે કહ્યું, "આ કૂતરા વિરુદ્ધ માણસોનો કેસ નથી." આ એક એવો કિસ્સો છે જ્યાં રાજ્ય તેની જવાબદારીમાં નિષ્ફળ ગયું છે. તેઓ હવે એકબીજાને બલિનો બકરો બનાવી રહ્યા છે, જ્યારે મનુષ્યો અને પશુઓ બંનેનું રક્ષણ થવું જોઈએ. આ મામલે છેલ્લા ૭ મહિનામાં છ વખત સુનાવણી થઈ ચૂકી છે. ગયા વર્ષે નવેમ્બરમાં સુપ્રીમ કોર્ટે શાળાઓ, હોસ્પિટલો, બસ સ્ટેન્ડ, સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ અને રેલવે સ્ટેશનો પરથી રખડતા કૂતરાઓને હટાવવાનો આદેશ આપ્યો હતો. આ સાથે કોર્ટે કહ્યું હતું કે આ પ્રાણીઓને નિર્ધારિત શેલ્ટરમાં ટ્રાન્સફર કરવામાં આવે.

કોર્ટે ગુરુવારે સુનાવણી દરમિયાન એક અંગ્રેજી અખબારમાં છપાયેલા અહેવાલનો ઉલ્લેખ કરતા કહ્યું કે વકીલોએ ૨૯ ડિસેમ્બરનો તે અહેવાલ જોવો જોઈએ અને શુક્રવારે તેના પર તૈયારી કરીને આવવું જોઈએ.

ગુરુવારે લગભગ અઢી કલાકની સુનાવણીમાં કોર્ટે કૂતરાઓના વર્તન અંગે ચર્ચા કરી. જસ્ટિસ વિક્રમ નાથે કહ્યું કે કૂતરાઓ માણસોનો ડર ઓળખી જાય છે તેથી કરડે છે. આના પર એક વકીલે (કૂતરાઓની તરફેણ કરનાર) ઈનકાર કર્યો. પછી જસ્ટિસે કહ્યું- તમારું માથું ન હલાવો, આ વાત હું મારા પર્સનલ અનુભવથી કહી રહ્યો છું.

અરજદારના વકીલે કહ્યું કે રાજ્યોએ જે આંકડા આપ્યા છે. તેમાંથી કોઈએ એ જણાવ્યું નથી કે નગરપાલિકાઓ દ્વારા કેટલા શેલ્ટર ચલાવવામાં આવે છે. દેશમાં માત્ર ૫ સરકારી શેલ્ટર છે. તેમાંથી દરેક શેલ્ટરમાં ૧૦૦ કૂતરા રહી શકે છે.

અનુસંધાન પાના ૭ પર

# આદેશ વિના સૈનિકો હુમલાનો જવાબ આપી દેશે : ડેનમાર્ક

**ગ્રીલેન્ડને ખરીદ્યા વિના કંટ્રોલ કરી શકે છે અમેરિકા : રિપોર્ટ**

નવી દિલ્હી, તા. ૦૯

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ગ્રીનલેન્ડ પર કબજો કરવાની ધમકી વચ્ચે ડેનમાર્કે કડક વલણ અપનાવ્યું છે. ડેનમાર્કના રક્ષા મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે જો કોઈ વિદેશી તાકાત ડેનિશ ક્ષેત્ર પર હુમલો કરે છે, તો સૈનિકો કમાન્ડરના આદેશની રાહ જોયા વિના તરત જ વળતો પ્રહાર કરશે અને ગોળીબાર કરશે. આ નિયમ ૧૯૫૨નો છે, જે શીત યુદ્ધના સમયનો છે અને આજે પણ લાગુ પડે છે. આ નિર્દેશ એપ્રિલ ૧૯૪૦માં નાઝી જર્મની દ્વારા ડેનમાર્ક પરના હુમલા પછી બનાવવામાં આવ્યો હતો, જેથી સૈનિકોને તરત જ પ્રતિક્રિયા આપવાની સ્વતંત્રતા મળે. ગ્રીનલેન્ડમાં ડેનમાર્કનો સૈન્ય એકમ જોઈન્ટ આર્કટિક કમાન્ડ તે નક્કી કરશે કે કોઈ કાર્યવાહી હુમલો ગણાશે કે નહીં. આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે ટ્રમ્પ વારંવાર ગ્રીનલેન્ડ પર નિયંત્રણની માગ કરી રહ્યા છે. સાથે જ જરૂર પડ્યે સૈનિકો મોકલવાની ધમકી આપી રહ્યા છે. જ્યારે અમેરિકી મીડિયા ધ ન્યૂ યોર્ક ટાઈમ્સ (NYT) એ નિષ્ણાતોને ટાંકીને જણાવ્યું કે ગ્રીનલેન્ડ પર નિયંત્રણ માટે અમેરિકાને તેને ખરીદવાની કે તેના પર બળજબરીથી કબજો કરવાની જરૂર નથી.

# લેન્ડ ફોર જોબ કેસમાં લાલુ યાદવ પરિવાર સામે કોર્ટમાં આરોપ ઘડાયા

**લાલુ-રાબડી , તેજસ્વી-મીસા , હેમા- તેજ પ્રતાપ પર ચાલશે કેસ: કોર્ટે પરને નિર્દોષ છોડયા**

નવી દિલ્હી, તા. ૦૯

લેન્ડ ફોર જોબ કેસમાં લાલુ પરિવારની મુશ્કેલીઓ વધી ગઈ છે. કોર્ટે લાલુ પરિવાર પર આરોપો નક્કી કર્યા છે. ૪૧ લોકો પર આરોપો નક્કી થયા છે. આ લોકો પર હવે કેસ ચાલશે. કોર્ટે ૫૨ લોકોને નિર્દોષ છોડ્યા છે.

સુનાવણીને લઈને આજે શુક્રવારે લાલુ યાદવની મોટી દીકરી મીસા ભારતી અને દીકરો તેજપ્રતાપ દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટ



પહોંચ્યા. આ મામલો કેન્દ્રીય તપાસ બ્યુરો (CBI) દ્વારા નોંધવામાં આવ્યો છે.

રાઉઝ એવન્યુ કોર્ટના વિશેષ જજ વિશાલ ગોગ્નેએ કહ્યું કે લાલુ યાદવ અને તેમનો પરિવાર એક ગુનાહિત ગેંગની જેમ કામ કરી રહ્યા હતા અને તેમની તરફથી એક વ્યાપક ષડયંત્ર રચવામાં આવ્યું હતું.

જજે આદેશ સંભળાવતા કહ્યું, "કોર્ટ શંકાના આધારે એવું માને છે કે લાલુ પ્રસાદ યાદવે પોતાના પરિવાર (દીકરીઓ, પત્ની અને દીકરાઓ) માટે સ્થાવર સંપત્તિઓ મેળવવા માટે સરકારી નોકરીને સોદાબાજીના હથિયાર તરીકે ઉપયોગ કરવાની એક વ્યાપક ષડયંત્ર રચ્યું હતું." આ કેસમાં કુલ ૪૧ આરોપીઓ વિરુદ્ધ પ્રિવેન્શન ઓફ કરપ્શન એક્ટની કલમ ૧૩(૨) અને ૧૩(૧)(d) હેઠળ આરોપો ઘડવામાં આવશે. કોર્ટે ૫૨ આરોપીઓને નિર્દોષ છોડવાનો આદેશ આપ્યો છે. કોર્ટે પુરાવાના આધારે સ્વીકાર્યું છે કે લાલુ યાદવ વિરુદ્ધ લગાવવામાં આવેલા આરોપો સાચા

અનુસંધાન પાના ૭ પર

# ભારત જર્મની સાથે ૭૨ હજાર કરોડનો સબમરીન સોદો કરશે

**ભારત-જર્મની વચ્ચે સૌથી મોટો સંરક્ષણ કરાર કરાશે**

નવી દિલ્હી, તા. ૦૯

જર્મની અને ભારત ૮ બિલિયન ડોલર (આશરે ૭૨,૦૦૦ કરોડ) ના સબમરીન નિર્માણ સોદાને અંતિમ સ્વરૂપ આપી રહ્યા છે. આ ભારતનો જર્મની સાથેનો સૌથી મોટો સંરક્ષણ કરાર હશે. પ્રથમ વખત, જર્મની સબમરીન ઉત્પાદન માટે ટેકનોલોજી પણ ટ્રાન્સફર કરશે. આ સબમરીન જર્મનીની થિસેનક્રુપ મરીન સિસ્ટમ્સ જીએમબીએચ અને ભારતની સરકારી માલિકીની માઝાગોન ડોક શિપબિલ્ડર્સ લિમિટેડ દ્વારા સંયુક્ત રીતે બનાવવામાં આવશે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, જર્મન ચાન્સેલર ફ્રેડરિક મેર્ઝ આવતા અઠવાડિયે ભારતની મુલાકાત લેશે. ભારતીય નૌકાદળ પાસે હાલમાં એક ડઝન જૂની રશિયન અને છ નવી ફ્રેન્ચ સબમરીન છે. કેન્દ્રીય સૂત્રોએ જણાવ્યું હતું કે જો જર્મની સાથેનો સોદો અંતિમ સ્વરૂપ આપવામાં આવે છે, તો ભારત ફ્રાન્સ પાસેથી વધુ ત્રણ સબમરીન ખરીદવાની યોજના રદ કરશે. જર્મન સરકારના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, મેર્ઝ સોમવારે ગુજરાતમાં પીએમ નરેન્દ્ર મોદીને મળશે. મેર્ઝ આ વાતચીતનો ઉપયોગ યુરોપિયન યુનિયન અને

અનુસંધાન પાના ૭ પર

# બિહારમાં કાતિલ ઠંડીના કારણે એક હજાર બાળકો બિમાર પડયા

**મધ્યપ્રદેશમાં ગાઢ ધૂમ્મસ છવાતા ટ્રેન અને વ્યવહાર ખોરંભે**

નવી દિલ્હી, તા. ૦૯

મધ્ય પ્રદેશના ૧૭ જિલ્લામાં શુક્રવારે ધુમ્મસ છવાયેલું રહ્યું. આ કારણે દિલ્હીથી ભોપાલ, ઈન્દોર-ઉજ્જૈન આવતી એક ડઝન ટ્રેનો મોડી છે. છતરપુરનું ખજુરાહો સૌથી ઠંડું રહ્યું. અહીં તાપમાન ૩.૨ ડિગ્રી નોંધાયું. રીવામાં ૪.૧ ડિગ્રી, દતિયામાં ૪.૨ ડિગ્રી, નૌગાંવ-શિવપુરીમાં ૫ ડિગ્રી, ઉમરિયામાં ૫.૪ ડિગ્રી અને પચમઢીમાં ૫.૮ ડિગ્રી રહ્યું.

બિહારના પટનામાં ઠંડીના કારણે ૭ દિવસમાં ૧૦૦૦થી વધુ બાળકો બીમાર થઈને હોસ્પિટલ પહોંચ્યા, જેમાંથી ૩ના મોત થયા. ૧૫ જિલ્લાનું લઘુત્તમ તાપમાન ૬ ડિગ્રીથી નીચે નોંધાયું. ગયાજી શહેર સૌથી ઠંડું રહ્યું, જ્યાં તાપમાન ૪.૫ ડિગ્રી રહ્યું. ઉત્તરાખંડના પહાડી વિસ્તારોમાં હિમવર્ષા થવાથી ઠંડી વધી ગઈ છે, જેના કારણે ચમોલી, રુદ્રપ્રયાગ, ઉત્તરકાશી અને પિથોરાગઢમાં પાણીની પાઈપલાઈન જામી ગઈ છે. તો વળી દેહરાદૂનના ચકરાતામાં તાપમાન -૧°C નોંધાયું છે. અહીં આજે સવારે ઝાકળ જામી ગયેલું જોવા મળ્યું. રાજસ્થાનમાં ધુમ્મસ ઓછું થયા પછી બર્ફીલા પવનની અસર તેજ બની ગઈ છે. સૌથી ઠંડું શહેર સીકર રહ્યું, જ્યાં લઘુત્તમ તાપમાન ૨.૫ ડિગ્રી નોંધાયું. જ્યારે, રણ પ્રદેશોમાં પણ કડકડતી ઠંડી શરૂ થઈ ગઈ. ઠંડીના કારણે ૨૫ જિલ્લાઓમાં શાળાઓમાં રજા રહેશે. ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, બિહાર, મધ્ય પ્રદેશ, ઝારખંડ, છત્તીસગઢ, પંજાબ, હરિયાણામાં હળવા વરસાદનું એલર્ટ. પહાડી રાજ્યોમાં તાપમાન વધુ ઘટી શકે છે. હિમવર્ષા ચાલુ રહેશે.

# અમેરિકાએ પકડેલા જહાંજ પર ત્રણ ભારતીયો પણ સવાર હતા

**અમેરિકાને રશિયન સાંસદે પરમાણુ હુમલાની ધમકી આપી**

નવી દિલ્હી, તા. ૦૯

અમેરિકાએ બુધવારે જે રશિયન જહાજ મેરિનેરાને પકડ્યું હતું, તેના પર ત્રણ ભારતીય નાગરિકો પણ સવાર હતા. આ માહિતી રશિયન ન્યૂઝ એજન્સી રશિયા ટુડેએ સૂત્રોને ટાંકીને આપી છે. રિપોર્ટ અનુસાર, મેરિનેરા જહાજ પર કુલ ૨૮ લોકો હાજર હતા. જેમાં ૧૭ યુક્રેનિયન, ૬ જ્યોર્જિયન, ૩ ભારતીય અને ૨ રશિયન નાગરિકો હતા. અમેરિકાનો આરોપ છે કે આ જહાજ વેનેઝુએલાથી તેલ લઈ જઈ રહ્યું હતું અને તેણે અમેરિકી પ્રતિબંધોનું ઉલ્લંઘન કર્યું. આ જહાજ પકડાયા બાદ રશિયન સાંસદ એલેક્સી ઝુરાવલ્યોવે કહ્યું કે રાષ્ટ્રપતિ પુતિને પરમાણુ હથિયારોથી હુમલો કરવો જોઈએ અને અમેરિકી કોસ્ટ ગાર્ડના જહાજોને ડુબાડી દેવા જોઈએ. રશિયાએ આ કાર્યવાહીનો સખત વિરોધ કર્યો છે. રશિયાના પરિવહન મંત્રાલયે જણાવ્યું કે અમેરિકી સૈનિકોએ આ જહાજને ખુલ્લા સમુદ્રમાં રોક્યું, જ્યાં કોઈ પણ દેશનો અધિકાર હોતો નથી. આ આંતરરાષ્ટ્રીય દરિયાઈ કાયદાનું ઉલ્લંઘન છે. રશિયાના વિદેશ મંત્રાલયે જણાવ્યું કે અમેરિકાને પહેલાથી જ જાણ કરવામાં આવી હતી કે આ જહાજ રશિયન છે અને નાગરિક કાર્યો માટે ઉપયોગમાં લેવાઈ રહ્યું છે. રશિયાએ માંગ કરી છે કે જહાજ પર હાજર રશિયન નાગરિકો સાથે યોગ્ય વ્યવહાર

અનુસંધાન પાના ૭ પર

# ઈરાનના ૧૦૦ શહેરોમાં હિંસક પ્રદર્શન : એક પોલીસની હત્યા

**ટ્રમ્પની ધમકી બાદ એરપોર્ટ, ઈન્ટરનેટ અને ફોન સેવા બંધ : કુલ ૪૫નાં મોત**

નવી દિલ્હી, તા. ૦૯

ઈરાનમાં મોંઘવારી વિરુદ્ધ ૧૦ દિવસથી ચાલી રહેલા પ્રદર્શનો વચ્ચે ગુરુવારે રાત્રે પરિસ્થિતિ વધુ વણસી. ઝદ્વદ્નના રિપોર્ટ અનુસાર, દેશભરમાં ૧૦૦થી વધુ શહેરોમાં પ્રદર્શનો થયા છે.

પ્રદર્શનકારીઓએ રસ્તાઓ બ્લોક કર્યા, આગ લગાડી. લોકોએ "ખામેનેઈને મોત" અને "ઈસ્લામિક રિપબ્લિકનો અંત થયો" જેવા નારા લગાવ્યા. કેટલીક જગ્યાએ પ્રદર્શનકારીઓ ક્રાઉન પ્રિન્સ રેઝા પહેલવીના સમર્થનમાં રહ્યા. તેઓ 'આ છેલ્લી લડાઈ છે, શાહ પહેલવી પાછા ફરશે'ના નારા લગાવી રહ્યા હતા.

અમેરિકી હ્યુમન રાઈટ્સ એજન્સી અનુસાર, પ્રદર્શનો દરમિયાન થયેલી હિંસામાં અત્યાર સુધીમાં ૪૫ લોકો માર્યા ગયા છે, જેમાં ૮ બાળકોનો સમાવેશ થાય છે. એક પોલીસ અધિકારીની ચાકુ મારીને હત્યા કરવામાં આવી. જ્યારે ૨,૨૭૦થી વધુ લોકોને કસ્ટડીમાં લેવામાં આવ્યા છે.

આ દરમિયાન અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાની લોકોનું સમર્થન કરતા કહ્યું કે જો તેમના અવાજને દબાવવાનો પ્રયાસ કરવામાં આવશે તો અમે છોડીશું નહી. ત્યારબાદ દેશભરમાં ઈન્ટરનેટ અને ફોન સેવાઓ બંધ કરી દેવામાં આવી છે. તે જ સમયે, તેહરાન એરપોર્ટ બંધ કરી દેવામાં આવ્યું છે અને સેનાને એલર્ટ પર રાખવામાં આવી છે.

આ અશાંતિ વચ્ચે અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પે ફરી ધમકી આપી છે કે જો પ્રદર્શનકારીઓને મારવામાં આવશે તો અમેરિકા ઈરાન પર હુમલો કરશે. ટ્રમ્પે કહ્યું, ''મેં તેમને કહી દીધું છે કે જો તેઓ લોકોને મારવાનું શરૂ કરશે, જેવું કે તેઓ તેમના રમખાણોમાં અવારનવાર કરે છે, તો અમે તેમને ખૂબ જ જોરદાર રીતે નિશાન બનાવીશું.'' સુરક્ષા દળોએ ગોળીબાર કર્યો, હોસ્પિટલો પર દરોડા પાડ્યા અને ઘાયલોની ધરપકડ કરી. બીજી

અનુસંધાન પાના ૭ પર



# ફાઇન આર્ટના વિદ્યાર્થીઓ માટે કોતરકામનો વર્કશોપ યોજાયો

## રિપોરેક્સ, વુડ તથા સ્ટોનમાંથી વિવિધ શિલ્પો સાકાર કરાયા

સુરત, તા.૯

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી માં ચાલતા ડિપાર્ટમેન્ટ ઓફ ફાઈન આર્ટ્સ ના સ્કલપ્ચર વિભાગ માં વિભાગ ની ૨૦વર્ષીય ઉજવણી ના ભાગ રૂપે પહેલા, બીજા અને ત્રીજા વર્ષ ના કુલ ૨૬ સ્ટુડન્ટ્સ દ્વારા અભ્યાસક્રમ ના ભાગ રૂપે કાર્વિંગ (કોતરકામ) વર્કશોપ દ્વારા સિપોરેક્સ, વુડ તેમજ સ્ટોન માંથી વિવિધ પ્રકારનાં શિલ્પો બનાવાયા.

ફાઈન આર્ટ્સ ના સ્કલપ્ચર વિભાગ માં ૨૦૧૫ થી પરંપરાગત રીતે કાર્વિંગ દ્વારા શિલ્પો બનાવવા માં આવે છે, જેમાં ૨૧૦ એકર માં ફેલાયેલી યુનિવર્સિટી નું કેમ્પસ વિવિધ પ્રકારના વૃક્ષો અને પ્રાણીઓ થી સંપન્ન છે, જેમાં કુદરતી રીતે તૂટી પડેલા વૃક્ષો ના લાકડા નો ઉપયોગ, લોકલ સ્ટોન તેમજ લોકલ બિલ્ડિંગ મટીરિયલ સિપોરેક્સ, ઈંટ માંથી શિલ્પો બનાવવા માં આવે છે.જેમાં વિધાર્થીઓ દ્વારા છીણી, હથોડી અને બીજા સાધનો પણ સ્ટુડન્ટ્સ દ્વારા તૈયાર કરવા માં આવે છે, જેમાં વિધાર્થીઓ દ્વારા આસપાસ ના વાતાવરણ માંથી મળી આવતા ઝાડ, પાન, પશુ પક્ષી તેમજ માનવ સંબંધો જેવા વિવિધ વિષયો પર શિલ્પો છે. આ વિધાર્થીઓ દ્વારા છીણી, હથોડી અને પાવર ટૂલ્સ દ્વારા શિલ્પો તૈયાર કરતા પહેલા વિધાર્થીઓ ડ્રોઈંગ, અને સ્કેલ મોડલ બનાવી ફાઈનલ વર્ક સિપોરેક્સ, લાકડા તેમજ સ્ટોન થી શિલ્પો તૈયાર કરવા માં આવે છે. જે ભારત વર્ષ માં અને ઈટલી માં વર્ષો થી પરંપરાગત રીતે કાર્વિંગ દ્વારા શિલ્પો તૈયાર થાય તે મેથડ થીજ તૈયાર કરાયા છે. આ વિષય માં સ્ટુડન્ટ્સ કુદરતી પર્યાવરણ નું જતન કરતા ની સાથે સાથે ભારત ની કોતરકામ કલા વર્ષો જૂની પ્રદ્ધતિ નું જતન કરી રહ્યા છે. આ શિલ્પો ને કાર્વિંગ પછી પરંપરાગત રીતે કાનસ અને બીજા પાવરટૂલ્સ નો ઉપયોગ થી ફિનિશિંગ કરી ને પોલિશ કરવામાં આવે છે, જેના થી આ શિલ્પો આકર્ષક અને વર્ષો સુધી ટકી રહે છે.

## ડાયરેક્ટ ટેક્ષ એડવાઇઝરી કમિટીમાં

# ચેમ્બરના પ્રમુખ નિખિલ મદ્રાસીની ટ્રેડ પ્રતિનિધિ તરીકે નિમણૂંક

## દક્ષિણ ગુજરાતના ઉદ્યોગકારો અને વેપારીઓના અવાજને નીતિગત સ્તરે વધુ મજબૂતી મળશે

સુરત, તા.૯

ભારત સરકારના નાણાં મંત્રાલયના રેવન્યુ વિભાગ દ્વારા ગુજરાત તેમજ દાદરા અને નગર હવેલી તથા દમણ–દીવ પ્રદેશ માટે રિજીયોનલ ડાયરેકટ ટેક્ષ એડવાઇઝરી કમિટી (RDTAC)માં ટ્રેડ પ્રતિનિધિ તરીકે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીની નિમણૂંક કરવામાં આવી છે. આ નિમણૂંક સમગ્ર દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ અને વેપાર જગત માટે ગૌરવની બાબત છે.



આ કમિટીમાં ટ્રેડ પ્રતિનિધિ કેટેગરીમાં ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીની, મેમ્બર ઓફ પાર્લામેન્ટ કેટેગરીમાં લોકસભા સાંસદ શ્રી ભરત મનુભાઇ સુતરીયાની, રાજ્ય સરકારના પ્રતિનિધિ કેટેગરીમાં અમદાવાદના સ્ટેટ ટેક્ષના એડિશનલ કમિશનર શ્રી કમલ દિનકરરાય શુકલની, લોયર ડિલીંગ વીથ ઈન્કમ–ટેક્ષ મેટર્સ કેટેગરીમાં શ્રી ધ્રુવેનકુમાર વિનોદચંદ્ર શાહની, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ કેટેગરીમાં શ્રી સુલભ ઉરેશકુમાર પદશાહની, ઈન્ડસ્ટ્રી પ્રતિનિધિની કેટેગરીમાં શ્રી જનિક નૌતમભાઇ વકિલની, યુનિવર્સિટી પ્રોફેસર્સ/કોલેજ પ્રિન્સિપલ કેટેગરીમાં ડો. શંકર એસ. સોઢાની અને બેંક મેનેજર કેટેગરીમાં શ્રી હિતેશ મહેન્દ્ર દવેની નિમણૂંક કરવામાં આવી છે.

ભારત સરકાર દ્વારા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખને Regional Direct Tax Advisroy Committeeમાં Representative of Trade તરીકે નિમણૂંક આપવી એ દક્ષિણ ગુજરાતના ઉદ્યોગકારો અને વેપારીઓના વિશ્વાસનો પ્રતિબિંબ છે. આ કમિટી મારફતે કરદાતાઓને આવકવેરા સંબંધિત જે સામાન્ય પ્રશ્નો અને મુશ્કેલીઓ ઊભી થાય છે, તે મુદ્દાઓને સકારાત્મક રીતે સરકાર અને આવકવેરા વિભાગ સમક્ષ રજૂ કરવાની અસરકારક તક મળશે. ચેમ્બર હંમેશા ઉદ્યોગ–વ્યાપાર અને સરકાર વચ્ચે સેતુરૂપે કાર્ય કરતી રહી છે અને આવનારા સમયમાં પણ કરદાતાઓના હિતમાં રચનાત્મક સૂચનો રજૂ કરતી રહેશે. ચેમ્બરના પ્રમુખની આ મહત્વપૂર્ણ રાષ્ટ્રીય સ્તરની કમિટીમાં નિમણૂંકથી દક્ષિણ ગુજરાતના ઉદ્યોગકારો અને વેપારીઓના અવાજને નીતિગત સ્તરે વધુ મજબૂતી મળશે, તેવી ચેમ્બરે આશા વ્યક્ત કરી છે.

# સિધ્ધનાથ પેટ્રોલિયમ દ્વારા સર્વરોગ નિદાન, રક્તદાન કેમ્પનું આયોજન

## તા.૧૧મીએ અંભેટા ગામે કેમ્પનું આયોજન

સુરત, તા.૯

ઓલપાડ તાલુકા નાં કાંઠા વિસ્તાર નાં સુરત-દાંડી રોડ પર અંભેટા ગામનાં પાટિયા નજીક મુખ્યમાર્ગ પર આવેલ શ્રી સિધ્ધનાથ પેટ્રોલિયમ નાં માલિક સંજયભાઈ પટેલ અને દીપકભાઈ પટેલ દ્વારા છેલ્લા આજુબાજુ નાં કાંઠા વિસ્તાર ની જનતા માટે છેલ્લા બે વર્ષ થી સર્વરોગ નિદાન કેમ્પ અને રક્તદાન કેમ્પ નું આયોજન કરવામાં આવે છે.દર વર્ષ ની જેમ આં વર્ષ પણ તારીખ.૧૧.૦૧.૨૦૨૬ નાં રોજ સવારે ૮:૦૦ થી સાંજે ૪:૦૦ કલાક દરમિયાન નિઃશુક્લ સર્વરોગ નિદાન કેમ્પ જેમાં સુરત ની નામાંકિત હોસ્પિટલ યુનિવર્સલ હોસ્પિટલ નાં ડોક્ટર દ્વારા હેલ્થ ચેકપ,આંખ ની તપાસ ડો.ભાવિકાબેન પટેલ એક્યુરા આઈ કેર,સ્ત્રી રોગ નિષ્ણાંત ડો.પૂર્વીબેન પટેલ પહલ હોસ્પિટલ,દાંત ની સંપૂણ તપાસ ડો.જતીનભાઈ પટેલ ડેન્ટલ કેર ક્લિનિક સહીત ડોક્ટર ની ટીમ આવી તપાસ કરશે ત્યારે આજુબાજુ ગામની જનતા મોટી સંખ્યા આ

અનુસંધાન પાના ૭ પર

# ઓલપાડ ડભારી દરિયા કિનારે હોડીમાં ગેરકાયદે માછીમારી

## ભાવનગર જિલ્લાના ટંડેલેને ફીશરીઝ વિભાગે નોટીસ ફટકારી

સુરત, તા.૯

મુળ ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાનો વતની દિલિપ ઓધાભાઇ બારૈયા(ઉ.વ.૩૭)માછીમારીનો ધંધો કરે છે.દિલિપ બારૈયા ગત બુધવાર,તા.૦૭ ના રોજ સાંજે-૪:૩૦ કલાકના સુમારે ઓલપાડ તાલુકાના કાંઠા વિસ્તારના ડભારી ગામના દરીયા કિનારે ખોડીયાર માતાના મંદિર ખાતેના લેન્ડીંગ પોઇન્ટ પરથી પોતાના કબજાની 'જય મહાકાલી માં'ના નામથી રજીસ્ટર્ડ નંઃ ઇન્ડિયા/જીજે-૦૪, એમ.એમ-૧૦૬ વાળી હોડી લઈને દરિયામાં મચ્છી મારવા જઈ રહ્યો હતો,ત્યારે તેની પાસે ફીશરીઝ વિભાગની મંજુરીનો આધાર પોલીસ તંત્રએ માંગતા તે રજુ કરી શક્યો ન હતો.જેથી પોલીસે ફીશરીઝ વિભાગની મંજુરી, ટોકન લીધા વિના કે ઓનલાઇન એન્ટ્રી કરાવ્યા વગર બિનઅધિકૃત રીતે દરીયામાં માછીમારી કરવા બદલ તેને નોટીસ ફટકારી હતી.આ મામલે કીમ પોલીસ સ્ટેશનના પીએસઆઇદિનેશ ઝેડ.રાઠવાએ ઓલપાડ પોલીસ મથકમાં દિલિપ બારૈયા વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી હતી. જેના પગલે પોલીસે આરોપી વિરૂધ્ધ ગુજરાત મત્સ્યોધોગ નિયમો-૨૦૦૩ ના નિયમ ૭(૪)મુજબનો ભંગ કરી ગુજરાત મત્સ્યોધોગ(સુધારા) અધિનિયમ-૨૦૨૦ ની કલમ-૨૧(૧)ચ મુજબ ગુનો નોંધી વધુ તપાસ અ.હે.કો. અનુજ જશવંત કરી રહ્યા છે.

# રિષી દારૂવાલા ઓલ ઈન્ડિયા બાર એક્ઝામમાં ઉત્તિણ થયા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૯**



ઓલ ઇન્ડીયા બાર એક્ઝામીનેશન (AIBE) દ્વારા આજે કેન્ડીડેટોના રિઝલ્ટ જાહેર કરાયા હતા. જેમાં સુરત સહિત રાજ્ય ભરમાંથી વકીલાતનો અભ્યાસ પુર્ણ કર્યા બાદ AIBEની પરીક્ષા પાસ કરનાર કેન્ડીડેટોના રિઝલ્ય ડિકલેર કરાયા હતા. સુરતના રિષી જીતેન્દ્રભાઇ દારૂવાલા પણ AIBE પરીક્ષામાં પાસ થયા છે. વકીલાત ક્ષેત્રે ઉજ્જવળ ભવિષ્ય માટે તેમના મિત્ર વર્તુળ અને પરિવારજનોએ તેમને શુભકામના પાઠવી હતી.




# સુરત આવેલા બિહારના રાજ્યપાલ ખાનનું સ્વાગત

સુરત, તા.૯

મહામહિમ, બિહાર રાજ્યના રાજ્યપાલ શ્રી આરિફ મોહમ્મદ ખાન, જેઓ સુરતની મુલાકાતે આવ્યા હતા, તેમનું બિહાર વિકાસ પરિષદ અને બિહાર ફાઉન્ડેશન ગુજરાત ચેપ્ટરના અધિકારીઓ દ્વારા ડુમસ રોડ સ્થિત વેલેન્ટાઇન સિનેમાના ઈન્ડિયા હોલ ખાતે ઉષ્માભર્યું સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું. સુરતમાં, બિહારના ઉદ્યોગપતિઓ, સુરત અને દક્ષિણ ગુજરાતના વિવિધ સમાજોના પ્રમુખો અને તેમના પ્રતિનિધિઓએ રાજ્યપાલનું ભવ્ય સ્વાગત કર્યું. બિહારના ઉદ્યોગપતિઓ અને વિવિધ સમુદાયોના પ્રતિનિધિમંડળ સાથે વાત કરતા, મહામહિમ રાજ્યપાલે પોતાની સંસ્કૃતિ અને ધર્મનું પાલન કરવા પર ભાર મૂક્યો અને પોતાના સંબોધનમાં રામાયણ અને મહાભારત પર પોતાના જ્ઞાન/વિચારો શેર કર્યા.

# કુદીયાણા ગામે ઝેરી દવા પી ગયેલા શ્રમિકનું મોત

## ઓલપાડ કાંઠા વિસ્તારના ખેત મજૂરનો અગમ્ય કારણે આપઘાત

સુરત, તા.૯

ઓલપાડ તાલુકાના કાંઠા વિસ્તારના કુદીયાણા ગામે ઝેરી દવા ગટગટાવી ગયેલા ગામના એક શ્રમિકને મોત ભરખી ગયું છે.

વિજય રમણભાઈ રાઠોડ(ઉ.વ.૪૦)ઓલપાડ તાલુકાના કુદીયાણા ગામે જુના હળપતિવાસમાં રહી ખેતમજુરી કામ કરતો હતો.વિજય રાઠોડે કોઈ અગમ્ય કારણોસર ગત બુધવાર,તા.૦૭ ના રોજ સવારે-૧૦ કલાક પહેલાના સમયે પોતાના ઘરની રૂમમાં ખેતરમાં જંતુ મારવાની ઝેરી દવા ગટગટાવી લીધી હતી.જેથી આ બાબતે જાણ થતાં પરિવારજનોએ તેની ઓલપાડ ખાતેના સરકારી દવાખાને પ્રાથમિક સારવાર કરાવ્યા બાદ વધુ સારવાર અર્થે સુરત શહેરની નવી સિવિલ હોસ્પિટલમાં લઈ ગયા હતાં.જ્યાં ફરજ પરના હાજર ડોકટરે તપાસી વિજય રાઠોડને મૃત જાહેર કર્યો હતો.

આ બાબતે મૃતકના પુત્ર કરન રાઠોડે નવી સિવિલ હોસ્પિટલ ખાતેથી ઓલપાડ પોલીસને જાણ કરી હતી.જેના પગલે પોલીસે કાયદેસરનો ગુનો નોંધી વધુ તપાસ અ.હે.કો. ગૌતમ રામજી કરી રહ્યા છે.



# સિવિલ હોસ્પિટલના દર્દીઓ સાથે જન્મદિવસની ઉજવણી કરતા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી

## નાયબ મુખ્યમંત્રીએ દર્દીઓ અને સિવિલના આરોગ્ય સ્ટાફ સાથે આત્મીય સંવાદ કર્યો

સુરત, તા.૯

છેલ્લા બે દાયકાથી નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી નવી સિવિલ હોસ્પિટલના 'દર્દીનારાયણ'ની સેવા સાથે જન્મદિવસની ઉજવણી કરે છે, ત્યારે આ વર્ષે પણ તેમણે નવી સિવિલના દર્દીઓ સાથે જન્મદિનની ઉજવણી કરી હતી, તેમણે કીટ વિતરણ કરવા સાથે દર્દીઓ અને સિવિલના આરોગ્ય સ્ટાફ સાથે આત્મીય સંવાદ કર્યો હતો.

સામાન્ય કાર્યકરથી લઈને રાજ્યના નાયબ મુખ્યમંત્રી સુધીની સફર ખેડનાર હર્ષ સંઘવી હંમેશા સેવાકીય પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહ્યા છે. ખાસ કરીને કોવિડકાળ દરમિયાન તેમણે 'અટલ સંવેદના સેન્ટર' દ્વારા હજારો લોકોને મદદ પહોંચાડી પોતાની સંવેદનશીલતાનો પરિચય આપ્યો હતો. નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સિવિલ હોસ્પિટલના બાંકડા પર બેસીને દર્દીઓની સેવા કરવાનો અવસર મળ્યો છે. દર્દીઓ હોસ્પિટલમાં દુઃખ દર્દ સાથે દર્દીઓ આવે છે, અને સારવાર લઈ સ્વસ્થ થઈ હસતા ચહેરા ઘરે પરત ફરે છે જેના મૂળમાં રહેલા આરોગ્યકર્મીઓની સેવાસારવારની ભૂમિકા અને હોસ્પિટલના સ્ટાફના સમર્પણભાવનાને બિરદાવ્યા હતા.આ પ્રસંગે નર્સિંગ કાઉન્સિલના ઈકબાલ કડીવાલાએ જણાવ્યું હતું કે, અદના કાર્યકરથી લઈને નાયબ મુખ્યમંત્રી સુધીની સફરમાં જનસામાન્યને મદદ કરવી એ જ હર્ષભાઈ સંઘવી માટે સાચો ધર્મ રહ્યો છે. જેમની જીવનયાત્રા સંઘર્ષ, સેવા અને સમર્પણની એક અદ્દભૂત મિસાલ છે.

આ પ્રસંગે કે.પી. ગ્રુપના ફારુકભાઈ પટેલના હસ્તે કેન્સર, હિમોફેલિયાના દર્દીઓ અને સ્પેશિયલ ચાઈલ્ડ (દિવ્યાંગ બાળકો) માટે વિશેષ કિટનું વિતરણ કરાયું હતું. કિટમાં બાળકો માટે સ્કૂલ બેગ, કમ્પાસ બોક્ષ, કલર બોક્ષ, ફ્રૂટ, ચોકલેટ, રમકડા, ગેમ્સ, રબર-પેન્સિલ સહિત ન્યુટ્રીશન સામેલ હતા. સાથે નગરસેવકો અને કાર્યકર્તાઓ દ્વારા હોસ્પિટલમાં દાખલ દર્દીઓને ફળ અને બિસ્કિટ વહેંચીને તેમના સ્વાસ્થ્યની કામના કરવામાં આવી હતી. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીના ધર્મપત્ની શ્રીમતી પ્રાચી સંઘવી, સિવિલ સુપ્રિન્ટેન્ડન્ટ ડો.ધારિત્રી પરમાર, આર.એમ.ઓ. ડો.કેતન નાયક, કે.પી. ગ્રુપના ફારૂકભાઈ પટેલ, નર્સિંગ કાઉન્સિલના ઉપપ્રમુખ ઈકબાલ કડીવાલા, વિવિધ વોર્ડના કોર્પોરેટરો, તબીબો, નર્સિંગ સ્ટાફ અને મોટી સંખ્યામાં શુભેચ્છકોએ ઉપસ્થિત રહીને નાયબ મુખ્યમંત્રીને જન્મદિનની શુભેચ્છાઓ પાઠવી હતી.

# પીએમ સ્વનિધિ યોજનામાં સુરત મહાનગર પાલિકા રાજ્યમાં દ્વિતીય



## રાજ્યસ્તરે બીજા ક્રમનો એવોર્ડ મેયર માવાણીને અર્પણ કરાયો

સુરત તા.૯

શહેરનાશેરી ફેરીયાઓને કોઈપણ જામીનગીરી (collat-eral) વગર કાર્યકારી મૂડી ભંડોળ (વર્કિંગકેપિટલ) મળી રહે તે માટે મિનિસ્ટ્રી ઓફ હાઉસિંગ એન્ડ અર્બન અફેયર્સ-ભારત સરકાર દ્વારા૧૦૦% કેન્દ્ર પુરસ્કૃત યોજના PM સ્ટ્રીટ વેન્ડર્સ આત્મનિર્ભર નિધિ (PM SVANidhi) અમલીછે. જેમાં સુરત મહાનગર પાલિકાને PM સ્વનિધિ યોજનાની ઉત્કૃષ્ટ કામગીરી માટે રાજ્યસ્તરે બીજા ક્રમનો "PM સ્વનિધિ PRAISED AWARD ૨૦૨૩-૨૪" ગાંધીનગર ખાતે નાણા, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે મેયર દક્ષેશભાઈ માવાણીનેએનાયત કરવામાં આવ્યો હતો. રાજ્યસરકાર દ્વારા 'શહેરી વિકાસ વર્ષ-૨૦૨૫'ની ઉજવણી અંતર્ગત ગાંધીનગરમાં આયોજિત 'સ્વનિધિ સમારોહ-૨૦૨૬'માં PM સ્વનિધિયોજના અંતર્ગત લોન વિતરણની શ્રેષ્ઠકામગીરી કરનારમહાનગરપાલિકા/નગરપાલિકાઓને બેસ્ટ પર્ફોર્મિંગ એવોર્ડ વિતરણ કરવામાં આવ્યાહતા.જેમાં મ્યુનિ. કમિશનર અનેમેયરનામાર્ગદર્શન હેઠળ PM સ્વનિધિ યોજના અંતર્ગત સુરતનાસ્વનિધિ લોન વિતરણ પર્ફોર્મન્સમાં મેગા અને મિલિયન પ્લસ સિટી કેટેગરીમાં રાજ્ય કક્ષાએ સેકન્ડ બેસ્ટ પરફોર્મર સિટી તરીકે બહુમાનકરાયુંહતું. PM સ્વનિધિયોજના અંતર્ગત પ્રથમ તબક્કામાં લાભાર્થીને રૂ.૧૦,૦૦૦/-ની લોન સહાય આપવામાં આવે છે.પ્રથમ વખત નિયમિત ભરપાઈ થયે બીજા તબક્કામાં રૂ.૨૦,૦૦૦/-લોન તથા ત્રીજા તબક્કામાં રૂ. ૫૦,૦૦૦/- લોનની જોગવાઈ કરાઈ છે. જેમાં સુરત મહાનગર પાલિકા દ્વારા પ્રથમ તબક્કામાં

અનુસંધાન પાના ૭ પર

# ઉતરાયણ પર્વ પૂર્વે પતંગ બજારમાં ભારે ઉત્સાહ

## પતંગ રસીકો દ્વારા પતંગ-દોરાની ખરીદી જોરમાં

અંકલેશ્વર, તા.૯

અંકલેશ્વર સહિત સમગ્ર જિલ્લામાં આવનારા ઉતરાયણ પર્વને લઈને બજારોમાં હવે ઉત્સવમય માહોલ છવાઈ ગયો છે. વર્ષભર રાહ જોવાતી આ લોકપ્રિય પર્વની ઉજવણી માટે લોકો આગોતરી તૈયારીમાં લાગી ગયા છે. મુખ્ય બજારો, ચૌકચોરાહા, રહેણાંક વિસ્તારો તેમજ ગામડાંઓમાં ઠેર ઠેર પતંગોની હાટડીઓ મંડાતી જોવા મળી રહી છે. સવારથી મોડી રાત સુધી બજારમાં ગ્રાહકોની ભારે ભીડ જામતી જોવા મળે છે. બાળકો અને યુવાવર્ગમાં પતંગ ઉડાવવાનો ઉત્સાહ ખાસ જોવા મળી રહ્યો છે. રંગબેરંગી, ચમકદાર, મોટી-નાની સાઈઝની સાથે કાર્ટૂન ચિત્રો, ફિલ્મી પાત્રો, ધાર્મિક પ્રતીકો તથા દેશભક્તિ સંદેશાઓ ધરાવતા પતંગોની માંગ વધી છે. પરંપરાગત સાદા પતંગો ઉપરાંત હવે નવીન ડિઝાઈન અને હળવા વજનના પતંગો બજારમાં ઉપલબ્ધ હોવાથી ખરીદદારોમાં વધુ પસંદગી જોવા મળી રહી છે. વેપારીઓના જણાવ્યા મુજબ ગત વર્ષની સરખામણીમાં પતંગોના ભાવમાં સરેરાશ ૧૫ ટકા જેટલો વધારો નોંધાયો છે. કાગળ, બાંસ, ગુંદર સહિતના કાચા માલના ભાવમાં વધારો, પરિવહન ખર્ચ તથા મજૂરી ખર્ચ વધતા ભાવ પર તેની સીધી અસર પડી છે. તેમ છતાં ઉતરાયણ પ્રત્યે લોકોના ઉત્સાહમાં કોઈ ઘટાડો નથી. ઘણા પરિવારોએ તો પહેલેથી જ થોકમાં પતંગો અને દોરો ખરીદવાનું શરૂ કરી

અનુસંધાન પાના ૭ પર

# એસઆઈઆરની પ્રક્રિયાનું નિરિક્ષણ કરવા સ્પેશિયલ સચિવે સુરતની મુલાકાત લીધી

## ડ્રાફ્ટ યાદીમાં નામ જાહેર થયા પછીયે નોટિસથી મતદારોમાં ફફડાટ

સુરત, તા.૯

સ્પેશિયલ ઈન્સેન્ટિવ રિવિઝન (SIR)અંતર્ગત ચાલી રહેલી પ્રક્રિયાના કામની સમીક્ષા કરવા સુરત આવી પહોંચેલા સ્પેશિયલ ઓબઝર્વરે રાજકીય પાર્ટીના પ્રતિનિધિઓ સાથે મુલાકાત લઈને જનતાને પડતી મુશ્કેલીઓ તેમજ પ્રશ્નો બાબતે ચર્ચા કરી હતી જેમાં કોંગ્રેસ દ્વારા ડ્રાફ્ટ યાદીના મુદ્દાને પ્રખરતાથી ઉપડવામાં આવતા સામાન્ય જનતા સુધી ડ્રાફ્ટ યાદી અંગે સ્પષ્ટતા કરવા સુરત કલેક્ટરને આદેશ આપવામાં આવ્યો હતો.

આજે કલેક્ટર કચેરી ખાતે યોજાયેલી બેઠકમાં કોંગ્રેસના પ્રતિનિધિ સંતોષ પાટીલ દ્વારા ડ્રાફ્ટ યાદીનો મુદ્દો ઉપાડવામાં આવ્યો હતો. ડ્રાફ્ટ યાદીમાં નામ જાહેર થઈ ગયા પછીયે મતદારોને નોટિસ પાઠવવામાં આવી રહી છે જેને કારણે જનતામાં ડરનો માહોલ જોવા મળી રહ્યો છે. આ મામલે કલેક્ટર સૌરભ પારધીએ ખુલાસો કરતાં જણાવ્યું હતું કે ડ્રાફ્ટ એટલે કે કાચી યાદી બહાર પાડવામાં આવી રહી છે પરંતુ જેમાં બીએલઓ અથવા એઆરઓને શંકા લાગે એવા મતદારોને ખુલાસો કરવા તેમજ

અનુસંધાન પાના ૭ પર

## એક્સેલ સીટમાં યાદી નહિ આપી શકાયઃ કલેક્ટર

એસઆઈઆઈ અથવા સામાન્ય મતદાર યાદી સુધારણા બાદ ચૂંટણી પંચ વિવિધ રાજકીય પક્ષોને પીડીએફ ફોર્મેટમાં પેનડ્રાઈવ આપવામાં આવે છે. આ મુદ્દે કોંગ્રેસના પ્રતિનિધિ મુસદ્દીક કાનુન્ગોએ વિનંતી કરી હતી કે ડ્રાફ્ટ અથવા ફાઈનલ મતદાર યાદીનો ડેટા એક્સેલ ફોર્મેટમાં પુરું પાડવામાં આવે જેથી એક વ્યક્તિનું યાદીમાં કેટલી વાર નામ છે તે એક ક્લિક પર ક્લિયર થઈ શકે છે જોકે આ મુદ્દે કલેક્ટરે સ્પષ્ટ નન્નો ભણતા જણાવ્યું હતું કે પંચ દ્વારા પીડીએફ ફોર્મેટમાં જ વિગતો આપવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છેકે વોટ ચોરી પછી એક્સેલ ફોર્મેટમાં ચૂંટણી પંચની પોલ ખુલ્લી પડી શકે એમ હોય પંચ દ્વારા પીડીએફ ફોર્મેટમાં જ યાદી આપવાનો આગ્રહ સેવવામાં આવે છે. જેનાથી એક-એક મતદારને છુટો કરવામાં હજારો કલાક માનવશ્રમ કરવો પડે છે અને સમય પણ વેડફાય જાય છે અને જ્યાં સુધી બધુ ક્લિયર થાય ત્યાં સુધી જે-તે રાજ્યમાં ચૂંટણી પ્રક્રિયા સંપન્ન થઈ ચુકી હોય છે.

# ડ્રેનેજમાં ઝેરી કેમીકલ્સના નિકાલ અંગે બે કંપનીઓને ૨૫ લાખનો દંડ

## ઉમા અને મા એન્ટરપ્રાઈઝને ક્લોઝર નોટીસ ફટકારાઈ

અંકલેશ્વર, તા.૯

તા; ૦૫/૧/૨૦૨૫ ના રોજ GPCB પ્રાદેશિક કચેરી, સુરતને બમરોલી- સુરત ખાતે ગેરકાયદેસર રીતે Waste chemical ના નિકાલ કરવા અંગેની જાણ થતાં રાત્રી દરમીયાન સ્થળ તપાસ કરવામા આવેલ. સ્થળ તપાસ કરતાં બમરોલી વિસ્તારમાં આવેલ એકમો M/s: Uma Enterprise અને M/s: Maa Enterprise, Bamroli-Surat ™e premises મા બે Tanker દ્વારા ગેરકાયદેસર રીતે Waste - Calcium Chlroide chemical નો SMC ની drainage મા નિકાલ કરતાં ઝડપાયેલ. જે અંગે પ્રદૂષણના વાસ્તવિક સ્ત્રોતને ઓળખવા માટે વધુ તપાસ કરતાં, M/s: OM CHLORIDE, GIDC-PANOLI (અંકલેશ્વર) અને M/s: OPJ CHEM PVT. LTD., GIDC-Dahej એમ બંને એકમોની સુરત ખાતે આવેલ ગેરકાયદેસર યુનિટ સાથે સંડોવણી ધ્યાને આવી. જેમાં Waste Calcium Chlroide chemical નો ગેરકાયદે રીતે નિકાલ કરવામાં આવતો હોવાનુ ધ્યાને આવ્યું. તપાસમાં PRODUCT ના વેચાણની આડમાં Waste Calcium Chlroide ના ગેરકાયદેસર movement અને disposal અંગે ખુલાસો થયો.

અનુસંધાન પાના ૭ પર

# અદાણી મુન્દ્રા પોર્ટે ક્રૂડ ઓઇલ લોજિસ્ટિક્સમાં નવો બેન્ચમાર્ક સ્થાપિત કર્યો

## દેશમાં સૌ પ્રથમ વાર સંપૂર્ણ ભરેલા ફ્જ્ઞ્ઝનું સફળ બર્થિંગ




મુંદ્રા પોર્ટે ભારતના દરિયાઈ ઈતિહાસમાં એક નવો બેન્ચમાર્ક સ્થાપિત કર્યો છે. અદાણી પોર્ટ્સ અને સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડ (APSEZ) એ તેના મુન્દ્રા બંદર પર ભારતના પ્રથમ વેરી લાર્જ ક્રૂડ કેરિયર (VLCC) ના સફળ બર્થિંગની ઉપલબ્ધિ હાંસલ કરી છે. માઉન્ટ ન્યૂ રેનોન, જહાજ ૩.૩ લાખ ક્યુબિક મીટરની વિશાળ કાર્ગો ક્ષમતા સાથે મુંદ્રા બંદર ઉપર બર્થ કરાયું હતું, મુન્દ્રા ભારતનું પ્રથમ એવુ બંદર છે જે આવા સંપૂર્ણ લોડેડ જહાજને સફળતાપૂર્વક હેન્ડલ કરે છે.

મુન્દ્રા બંદર ખાતે સંપૂર્ણપણે ભરેલા VLCC ને સીધું જેટી ઉપર સુરક્ષિત, ઝડપી, ખર્ચ-કાર્યક્ષમ રીતે બર્થ કરીને ક્રૂડ હેન્ડલિંગ પ્રદાન કરાયું. આ સિદ્ધિ ભારતની વિસ્તરતી ઉર્જા અને વેપાર મહત્વાકાંક્ષાઓ સાથે સુસંગત વિશ્વ-સ્તરીય અને ભવિષ્ય માટે તૈયાર માળખાકીય સુવિધાઓ વિકસાવવા માટે APSEZ ની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

સંપૂર્ણપણે ભરેલા VLCCને સીધા જેટી બર્થિંગ વખતે અનેક પ્રકારની કાળજી રાખવી પડે છે. આ જહાજોના બથ'ગ માટે વિશાળ ડ્રાફ્ટ, ડિસ્પ્લેસમેન્ટ અને સહાયક માળખાની જરૂરિયાતના કારણે વૈશ્વિકસ્તરે જૂજ બંદરો પર ઉપલબ્ધ છે. આ બેન્ચમાર્ક સાથે મુન્દ્રા પોર્ટનો વૈશ્વિક ક્રૂડ હેન્ડલિંગ હબના જૂથમાં સમાવેશ થયો છે. તે આંતરરાષ્ટ્રીય દરિયાઈ અને ઉર્જા નકશા પર ભારતની સ્થિતિને વધુ મજબૂત બનાવે છે.


મુન્દ્રા પોર્ટ આંતરરાષ્ટ્રીય વેપાર અને ઊર્જા સુરક્ષામાં ભારતની વધતી જતી કુશળતાનો પુરાવો છે. તોફાની દરિયાઈ પરિસ્થિતિઓ અને પડકારજનક હવામાનમાં ધ માઉન્ટ ન્યૂ રેનોનનું બથ'ગ મુશ્કેલ કાર્ય હતું.

જો કે, APSEZ મુંદ્રાની મરીન ટીમ અને પોર્ટ મેનેજમેન્ટે તેમાં કુશળતા, સંકલન અને ઓપરેશનલ શ્રેષ્ઠતા દાખવી. ભારતની સૌથી વ્યૂહાત્મક રિફાઈનિંગ અસેટ્સમાંની એક મુન્દ્રાની VLCC જેટ્ટી લગભગ ૪૮૯ કિલોમીટર લાંબી પાઈપલાઈન દ્વારા બાડમેર સ્થિત HPCL રિફાઈનરી સાથે જોડાયેલી છે. તે ભારતની ઉર્જા સુરક્ષા, મોટા પાયે ક્રૂડ આયાતની કાર્યક્ષમતા, સપ્લાય ચેઈનની સ્થિતિસ્થાપકતા તેમજ ગુજરાત અને રાજસ્થાનના આર્થિક વિકાસને વેગ આપે છે. મુન્દ્રા સ્થિત ભારતની પ્રથમ VLCC જેટ્ટી પોર્ટ એન્જિનિયરિંગમાં અનેક રીતે મહત્વપૂર્ણ છે. તેની લંબાઈ ૪૦૦ મીટર, બર્થ પોકેટ ઊંડાઈ: ૨૫ મીટર, LOA: ૩૩૩ મીટર અને મહત્તમ ૩૬૦,૦૦૦ મેટ્રિક ટન વિસ્થાપન ધરાવે છે. તેનો મહત્તમ ડ્રાફ્ટ ૨૧.૬ મીટર અને મહત્તમ ડિસ્ચાર્જ દર ૧૦,૦૦૦-૧૨,૦૦૦ $m^3$ પ્રતિ કલાક વચ્ચે છે. ચાર બ્રેસ્ટિંગ ડોલ્ફિન, ઉચ્ચ-ક્ષમતાવાળા હૂક (દરેક ૧૫૦ ટન જીઉન સુધી) થી સજ્જ છ મૂરિંગ ડોલ્ફિન અને મહાકાય જહાજો માટે અદ્યતન ફેન્ડર સિસ્ટમ્સનું દરિયાઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ધરાવે છે. કચ્છના અખાતમાં સ્થિત મુન્દ્રા વ્યૂહાત્મક રીતે ઉત્તર અને પશ્ચિમ ભારત માટે મહત્વપૂર્ણ દરિયાઈ પ્રવેશદ્વાર તરીકે સેવા આપે છે. ઓલ-વેધર બંદરમાં ૨૭ ઓપેશનલ બર્થ, બે SPM અને વિવિધ શ્રેણીના કાર્ગોને હેન્ડલ કરવાની તેની ક્ષમતા છે. મુન્દ્રા ભારતનું સૌથી મોટું કન્ટેનર હેન્ડલિંગ બંદર પણ છે, તે કન્ટેનર, આયાતી કોલસો અને વાણિજ્યિક કાર્ગો હેન્ડલિંગની ક્ષમતાઓમાં રાષ્ટ્રનું નેતૃત્વ કરે છે. ૨૦૨૪-૨૫ માં એક જ વર્ષમાં ૨૦૦ મિલિયન મેટ્રિક ટનથી વધુ કાર્ગોનું હેન્ડલ કરનાર તે ભારતમાં પ્રથમ પોર્ટ હતું. મુન્દ્રા પોર્ટની કાર્યક્ષમતા અને વિશ્વસનીયતા માટે ૨૦૨૪ અને ૨૦૨૫ માટે વિશ્વ બેંકના કન્ટેનર પોર્ટ પર્ફોર્મન્સ ઈન્ડેક્સ (CPPI) માં માન્યતા આપવામાં આવી હતી. VLCCનું આ સફળ બર્થિંગ ભારતના દરિયાઇ ઈતિહાસમાં એક નવો અધ્યાય છે, જે દેશને વૈશ્વિક ક્રૂડ ઓઈલ લોજિસ્ટિક્સમાં એક પ્રબળ ખેલાડી તરીકે સ્થાન આપે છે.









# નાની ઉંમરે કલાની જીત

ઋદ્ધિ ભટ્ટાચાર્ય, કોલકાતાઃ- આપણા બંગાળીઓ માટે કલાકાર અને કલાના પ્રયોગ સમગ્ર ભારતની તુલનામાં ઓછા નથી. સાચું કહીએ તો, કલાકારની ઉંમર કોઈ મુદ્દો નથી. કલાજ એ તેની સાચી ઓળખ છે. સૌંદર્ય ચર્ચા, બ્રાઇડલ મેકઅપ અને રિસેપ્શન લુક પર આધારિત એક વર્કશોપનું આયોજન તનુશ્રી મેકઓવર એન્ડ ક્રિએશનના કર્ણધાર તનુશ્રી મંડલે કર્યું. વ્યાવસાયિક એકાદશ ધોરણની વિદ્યાર્થિની હોવા છતાં, નિષ્ઠા અને ઈચ્છાશક્તિ હોય તો કેટલી દૂર જઈ શકાય તેનું ઉત્તમ ઉદાહરણ આ યુવતીએ રજૂ કર્યું.

કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે એ.આઈ.ટી.એ.એ કલબના કર્ણધાર જયંત દાશગુપ્ત અને રૂમા દાશગુપ્ત ઉપસ્થિત રહ્યા. આ ઉપરાંત અહીં એક રેમ્પ શોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જ્યાં તમામ મોડેલોએ પોતાની ઓળખ આપી. તેમાં સૌમાં વિજેતા તરીકે સંયુક્તા ચૌબે પસંદ થઈ. ન્યાયાધીશ તરીકે પ્રખ્યાત મોડેલ સંચારી ઢાળી હાજર રહ્યા.

મુખ્ય અતિથિએ જણાવ્યું કે ૧૭ વર્ષની ઉંમરે એક પ્રસાધન કલાકાર અને મોડેલ સાથે નવા રૂપમાં એક ઓર્ગેનાઇઝર તરીકેની ઓળખ મળી. એટલી નાની ઉંમરે લગભગ ૪૫ દિવસ સુધી અવિરત મહેનત કરીને, પોતાની યોજના અને સપનાને વાસ્તવિક રૂપ આપ્યું— પોતે આયોજિત કરેલા એક શૂટ દ્વારા. આ માત્ર તેની સફળતા નથી, પરંતુ આ ઈન્ડસ્ટ્રીના એક સપનાની પૂર્ણતા છે.

આ કાર્યક્રમમાં ડ્રેસ પૂરા પાડનાર પ્રખ્યાત ડિઝાઇનર મહાનંદ માઝી હતા. કાર્યક્રમમાં હાજર મોડેલોમાં નાયના બંદ્યોપાધ્યાય, પ્રિયાંકા મંડલ, સબનામ સુલતાના, ઋતિકા સાંતરા, સોહિની સોમ, સ્નેહા પ્રામાણિક, કામેલિયા રાયચૌધરી, દેવદત્તા બેરા, સર્વાણી દાસ માઇતિ, તાનિયા બર્ધન, દેવપ્રિયા ગૌતમ, રિમી સિંહ, સંયુક્તા ચૌબે, માયુરિકા સાધુખાન, પ્રદીપ્તા મજુમદાર, મધુમિતા માઇતિ, મિનાશ્રી પોદ્દાર અને હૈમંતી મંડલનો સમાવેશ થાય છે.

પ્રસાધન કલાકારોમાં રમા માલી, રીતા દાસ, ફૂલન સૌ, રાણી સૌ, નવમિતા ઘોષ, રૂપા સોનકર, શ્રદ્ધા ગુપ્તા, અંજલી ઠાકુર, અનિમા ખાતૂન, નિશુ સૌ, અમૃતા રાય, રેશમી સિંહ, અંતરા બરાલ, ઉમા પાઈક અને અફરિન બેગમ હાજર રહ્યા. આવા એક અસાધારણ પ્રયાસને ટોલીવુડના અનેક નિર્માતાઓ સહિત ઈન્ડસ્ટ્રીના ઘણા લોકોએ પહેલેથી જ સલામ કરી છે અને આવનારા સમયમાં વધુ સારું જોવા માટે તેઓ ઉત્સુક છે.





# પોચા આદિલ આરિફઃ સુરક્ષા કુશળતાથી કલાત્મક નિપુણતા સુધી

ગુજરાતના જીવંત રાજ્યમાંથી આવેલા, પોચા આદિલ આરિફે સુરક્ષા અને કલાત્મકતામાં તેમની બહુમુખી કુશળતા દ્વારા પોતાના માટે એક નોંધપાત્ર સ્થાન બનાવ્યું છે. તેમની યાત્રા તેમના અતૂટ સમર્પણ, શ્રેષ્ઠતાના અવિરત પ્રયાસ અને સુરક્ષા અને પ્રેરણા બંને માટેના જુસ્સાનો પુરાવો છે.

### શરૂઆતના વર્ષો અને શૈક્ષણિક પાયો

સર્જનાત્મકતા પ્રત્યે કુદરતી ઝુકાવ સાથે જન્મેલા, આદિલની યાત્રા સ્કેચિંગ અને કલાત્મક અભિવ્યક્તિમાં ઊંડો રસ સાથે શરૂ થઈ હતી. તેમણે તેમના શરૂઆતના વર્ષોમાં વિવિધ કલા સ્વરૂપોનું સંપૂર્ણ અન્વેષણ કર્યું, સ્કેચ કલાકાર તરીકે એક વિશિષ્ટ કારકિર્દીનો પાયો નાખ્યો.

શૈક્ષણિક રીતે, આદિલે એશિયન ઈન્ટરનેશનલ યુનિવર્સિટી, મણિપુરમાંથી સ્નાતક થયા. તેમણે ગુજરાતની પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કર્યો અને ૨૦૧૦ માં ગોધરાની ૩૦મી ગુજરાત બટાલિયન દ્વઝ્ઝ આર્મી વિંગમાં જોડાઈને શિસ્ત અને નેતૃત્વ કુશળતા વિકસાવી. NCC માં તેમની સફળતા તેમના દૃઢ નિશ્ચય અને શિસ્તનો પુરાવો હતી.

### સુરક્ષા ક્ષેત્રમાં કારકિર્દી અને યોગદાન

સુરક્ષા ક્ષેત્રમાં આદિલનો ઉદય ઝડપી અને સ્થિર રહ્યો છે. મૂળભૂત તાલીમ કાર્યક્રમોથી શરૂ કરીને, તેમણે તેમની તીક્ષ્ણ બુદ્ધિ,

ફરજ પ્રત્યે સમર્પણ અને શીખવાની ઉત્સુકતા દ્વારા ઝડપથી પોતાને અલગ પાડ્યા. તેમણે પ્રતિષ્ઠિત સંસ્થાઓમાં સુરક્ષા દળોને તાલીમ આપી છે અને સ્કીલ ઈન્ડિયા પહેલમાં મુખ્ય ભૂમિકા ભજવી છે.

૨૦૧૭ થી, તેઓ ગોધરાના આરબી કાર્સ પ્રાઈવેટ લિમિટેડ (મારુતિ સુઝુકી એરેના) ખાતે સુરક્ષા અધિકારી તરીકે કાર્યરત છે. અહીં, તેમણે ૬૧ સુરક્ષા કર્મચારીઓને તાલીમ આપી અને ૫૦,૦૦૦ થી વધુ ગ્રાહકોને સુરક્ષા સંબંધિત માર્ગદર્શન પૂરું પાડ્યું. તેમના નેતૃત્વ હેઠળ, કંપનીએ મજબૂત સુરક્ષા પગલાં અમલમાં મૂક્યા, કર્મચારીઓ અને મુલાકાતીઓ માટે સલામત વાતાવરણ સુનિશ્ચિત કર્યું.

કલા અને માન્યતા

સુરક્ષામાં તેમની કારકિર્દીની સમાંતર, આદિલનો કલા પ્રત્યેનો જુસ્સો વધતો રહ્યો. તેમના સ્કેચ તેમની જટિલ વિગતો અને ભાવનાત્મક ઊંડાણ દ્વારા અલગ પડે છે. તેમની કલાકૃતિઓ વિવિધ પ્રદર્શનો અને સ્પર્ધાઓમાં પ્રદર્શિત કરવામાં આવી છે, જેનાથી તેમને ઓલ ઇન્ડિયા નેશનલ-લેવલ સ્કેચ આર્ટિસ્ટ ગ્લોબલ મેરિટ એવોર્ડ જેવા પ્રતિષ્ઠિત પુરસ્કારો મળ્યા છે. તેમની કલા ઉત્સુક અવલોકન અને તેમના વિષયોના સારને કેપ્ચર કરવાની અસાધારણ ક્ષમતાને પ્રતિબિંબિત કરે છે. સિદ્ધિઓ અને સન્માન

આદિલની વ્યાવસાયિક સફર ઘણી નોંધપાત્ર સિદ્ધિઓથી ભરેલી છે. તેમણે ટોટલ ડિફેન્સ રન ઈન્ડિયા જેવી પડકારજનક ઈવેન્ટ્સમાં ભાગ લીધો છે અને ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે. તેમને ભારતીય દેશભક્તિ પુરસ્કાર પણ મળ્યો છે, જે રાષ્ટ્રીય સેવા અને સમર્પણમાં તેમના યોગદાનને માન્યતા આપે છે.

ફર્સ્ટ પિક્ચર પ્લેજ" માં ભાગ લીધો, જે એક ઐતિહાસિક પહેલ છે જેણે ભારતભરના હજારો લોકોને દેશભક્તિ અને એકતાને પ્રોત્સાહન આપવા માટે જોડ્યા. આ સિદ્ધિને ઈન્ડિયન બુક ઓફ રેકોર્ડ્સ દ્વારા માન્યતા આપવામાં આવી હતી, જેનાથી તેમને એક પ્રેરણાદાયી વ્યક્તિત્વ તરીકે સ્થાપિત કરવામાં આવ્યા હતા.

આ ઉપરાંત, તેમણે ફ્રૈંજીય, મોહાલી ખાતે તાલીમ લીધી હતી, જ્યાં તેમણે સુરક્ષા ક્ષેત્રમાં નવા વ્યાવસાયિકોના વિકાસમાં યોગદાન આપ્યું હતું. તેમને તેવોનો અભિયાસ ૨૦૨૫ શ્રી ગુરુ ગોવિંદ યુનિવર્સિટીમાંથી ફાયર એન્ડ સેફ્ટીમાં ૧ ફસ્ટ ક્લાસ નંબર એ પાસ થયા છે પીજી ડિપ્લોમા ફાયર સેફટી મેનેજમેન્ટ નો અભિયાસ નાગપુર મહારાષ્ટ બોર્ડ થી પળ કરીયો છે જે તેમની બહુપક્ષીય પ્રતિભાને પ્રતિબિંબિત કરે છે.

વૈશ્વિક અને રાષ્ટ્રીય માન્યતા

આદિલે અત્યાર સુધીમાં ૧૫ વિશ્વ રેકોર્ડ અને ૫૫ ઓનલાઈન પરીક્ષા પ્રમાણપત્રો પ્રાપ્ત કર્યા છે, જેમાં ઝ્ફૈંઢ-૧૯ ઓનલાઈન પરીક્ષા પ્રમાણપત્ર (૨૦૨૦)નો સમાવેશ થાય છે. તેમની શ્રેષ્ઠતાને ૧૧ આંતરરાષ્ટ્રીય પુરસ્કારો અને ૩૦ રાષ્ટ્રીય પુરસ્કારો દ્વારા માન્યતા આપવામાં આવી છે.

તેઓ હાલ ફાયર સેફટી ના ઈન્સક્ટર તરીકે અલગ અલગ ઈન્સ્ટિટયૂટ માં આશરે ૧૨૦૦ થી અધિક વિદ્યાર્થી ઓને ફાયર સેફ્ટી રેસકિયું. એર રાયફલ હોર્સ રેડિંગ. સ્વિમિંગ જેવી અલગ અલગ વિભાગની તાલીમ આપેલ છે હાલ આપી રહેલ છે

# જમ્યા પછી તરત જ તમે પણ કરો છો આ પાંચ કામ? આજે જ બંધ કરો, નહીતર

આપણે આપણા સારા આરોગ્ય માટે આપણા ખાવા-પીવાની બાબતોનું ખાસ ધ્યાન રાખીએ છીએ, પણ આટલું ધ્યાન રાખ્યા પછી આપણે અમુક વખત એવા કામો કરી દેતાં હોઈએ છીએ કે કરેલી બધી જ મહેનત પર પાણી ફરી વળે છે. અનેક વખત પૌષ્ટિક અને સારો ખોરાક ખાધા પછી આપણે કેટલીક એવી ભૂલો કરીએ છીએ જે આપણા સ્વાસ્થ્ય માટે સારી તો નહીં પણ અવળી અસર કરે છે. આજે આપણે અહીં આવી જ પાંચ કામ વિશે વાત કરીશું કે જે જમ્યા બાદ તરત તો ના જ કરવા જોઈએ. જો તમે પણ જમ્યા પછી આમાંથી જ કોઈ કામ કરો છો તો તમને એને કારણે પારાવાર નુકસાન પહોંચી શકે છે, તો ચાલો વધારે સમય વેડફ્યા વિના જાણીએ કયા છે આ પાંચ કામ-



**રનિંગ**

દોડવું એ આરોગ્ય માટે ખૂબ જ ફાયદાકારક છે અને એ આપણને ફિટ એન્ડ ફાઈન રાખે છે. પરંતુ જમ્યા પછી તરત જ દોડવું આરોગ્યને નુકસાન પહોંચાડી શકે છે. આને કારણે પાચન સંબંધિત સમસ્યાઓ થઈ શકે છે. આ જ કારણસર રાત્રિભોજન અથવા બપોરે લંચ કર્યા પછી દોડશો નહીં. હા, જમ્યા બાદ થોડોક સમય રહીને ચાલવા જઈ શકો છો.

**સૂઈ જવું**

ઘણા લોકોને એવી ટેવ હોય છે કે પેટ ભરીને જમી લીધા બાદ તેમને તરત જ સૂવા જોઈએ. પણ ખૂબ જ ખોટી અને અયોગ્ય આદત છે. આવું કરવાથી સ્વાસ્થ્યને ખૂબ જ નુકસાન થાય છે. જમ્યા બાદ સૂઈ જવાને કારણે પેટમાં એસિડ વધી જાય છે અને પાચનક્રિયા ધીમી પડે છે ખોરાક ખાધા પછી થોડોક સમય બેસો અને ત્યાર બાદ જ ઉંઘવું જોઈએ.

**જીમમાં વર્કઆઉટ**

જમ્યા જો તમને પણ તરત જ જીમમાં જવાની આદત હોય તો આજે જ આ આદત છોડી દો. આ પ્રકારના વર્કઆઉટથી તમને જરાય ફાયદો થતો નથી. આ પ્રકારે કસરત કરવાથી પેટ ફૂલાઈ જવાની, ઉબકા આવવી કે ઉલ્ટી થવા જેવી સમસ્યા જોવા મળી શકે છે.

**ચા પીવાની આદત**

ઘણા લોકોને જમ્યા પછી તરત જ ચા પીવાની આદત હોય છે પણ આવું કરવું તમારા જોખમી સાબિત થઈ શકે છે. જમ્યા બાદ તરત જ ચા પીવાથી પાચન મંદ પડી જાય છે અને ખોરાકમાંથી પોષક તત્વોનું શોષણ પણ ઓછું થાય છે, એટલે જમ્યા બાદ તરત જ ચા પીવાનું ટાળવું જોઈએ.

**ઠંડુ પાણી પીવો છો**

જો તમે પણ જમ્યા બાદ તરત જ ઠંડુ પાણી પીવો છો તો તે પણ તમને નુકસાન પણ કરી શકે છે. આવું કરવાને કારણે એસિડિટી અને પેટનું ફૂલવાનું કારણ બને છે. જેના કારણે ખોરાક પચવામાં મુશ્કેલી પડી શકે છે.

# વલસાડ જિલ્લામાં મકરસંક્રાંતિના તહેવારમાં ચાઈનીઝ તુક્કલ, નાયલોન દોરીના વેચાણ અને વપરાશ ઉપર પ્રતિબંધ

**વલસાડ તા. ૦૯ જાન્યુઆરી**

વલસાડ જિલ્લામાં આગામી મકરસંક્રાંતિના તહેવારની ઉજવણી નિમિત્તે તા.૧૪-૦૧-૨૦૨૬ના રોજ કેટલાક શહેરો/ નગરોમાં તેમજ ગ્રામ્ય કક્ષાએ પતંગ મહોત્સવ તથા અન્ય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આ તહેવાર દરમ્યાન કેટલાક વેપારીઓ સ્કાય લેન્ટર્સ (ચાઈનીઝ તુક્કલ), ચાઈનીસ માંજા, પ્લાસ્ટીક દોરી, સીન્થેટીક માઝા, સીન્થેટીક પદાર્થથી કોટીગ કરેલ હોય અને નોને બાયોટીગ્રેબલ હોય તેવી દોરીનું વેચાણ કરતા હોય છે, જે સ્કાય લેન્ટર્સ (ચાઈનીઝ તુકકલ) ઉડાડવાના કારણે તે સળગીને ગમે તે વિસ્તારમાં પડવાના કારણે જાહેર જનતા, પશુ-પક્ષી, જાહેર ખાનગી માલ મિલકત તેમજ પર્યાવરણે નુકશાન થવાની શક્યતા રહેલી છે, તેમજ પ્લાસ્ટિકની દોરીના ઉપયોગથી પશુ-પક્ષીઓ તેમજ માનવીને જાનહાનિ થવાનો સંભવ રહેલ છે. આવા બનાવો બનતા અટકાવવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી મહિપાલસિંહ ચુડાસમાએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ- ૧૬૩ મુજબ મળેલી સત્તાની રૂએ તા.૧૭-૦૧-૨૦૨૬ સુધી નીચે દર્શાવેલા કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે.

- પ્રતિબંધિત કૃત્યો -

(૧) મકરસંક્રાંતિ દરમિયાન સમગ્ર વલસાડ જિલ્લામાં વેપારીઓ તથા આમજનતાએ સ્કાય લેન્ટર્સ (ચાઈનીઝ તુક્કલ), ચાઈનીઝ માંઝા, પ્લાસ્ટીક/નાયલોન દોરી, કાચ પાયેલી તથા મેટાલીક કોટીગ કરેલી તથા અન્ય હાનિકારક પદાર્થોથી કોટીગ કરેલી દોરી, નાયલોન અથવા અન્ય સીન્થેટીક પદાર્થથી કોટીગ કરેલી હોય અને નોન- બાયોડીગ્રેબલ હોય તેવી દોરીનો સંગ્રહ/ વેચાણ તથા પતંગ ચગાવવા માટે ઉપયોગ કરવો નહિ. પરંતુ સરકારશ્રીના ગૃહ વિભાગના પરિપત્ર મુજબ પતંગ ઉડાડવા/ચગાવવાના હેતુથી ચોખાના લોટ, મેંદા, છોડ આધારિત ગુંદર અને અન્ય સમાન કુદરતી ઘટકો જેવા કુદરતી એડહેસિવની મદદથી કાચના પાવડરનું કોટિંગ કરેલો ઓછી તિક્ષ્ણ શક્તિ ધરાવતો કોટનનો માંજો, જે સંપૂર્ણપણે તૂટી શકે તેવો હોય અને પરંપરાગત પ્રક્રિયા દ્વારા બનાવવામાં આવેલા હોય તથા તેમાં તમામ ઘટકો બાયો-ડિગ્રેબલ પદાર્થો હોવા જોઈએ તથા કોટનના દોરા પર કોટિંગ માટેનો કાચનો પાવડર ૧૦ ટકાથી વધુ ન હોવો જોઈએ. જ્યારે ઉકાળેલા ચોખાનો સ્ટાર્ચ ૩૦ ટકા, મેંદો ૩૬ ટકા, કુદરતી ગુંદર અને રંગ ૨૪ ટકા કોટેડ સામગ્રીનો હોઈ શકે તથા કાચનો પાવડર જે કોટિંગ પદાર્થનો ૧૦ ટકા હોઈ શકે છે પરંતુ તે કોટનના માંજાના કુલ વજનના ૦.૫ ટકાથી વધુ ન હોવું જોઈએ તેવા કોટનનો માંજો/ દોરી વાપરી શકાશે.

(૨) જાહેર માર્ગો રસ્તાઓ ઉપર પતંગ ઉડાડવા નહિં તથા કપાયેલા પતંગો અને દોરા વગેરે મેળવવા હાથમાં લાંબા ઝંડા, વાંસ વગેરે લઈ જાહેર રસ્તાઓ, ગલીઓ, શેરીઓમાં દોડા-દોડી કરવું નહિં.

(૩) રસ્તાઓ તથા રેલ્વે લાઈન નજીક તથા ગલીઓમાં ઈલેકટ્રીક તથા ટેલીફોનના વાયરો નજીક આવી પતંગો ઉડાડવા તથા ભેરવાયેલા પતંગો ઉતારવાના પ્રયત્નો કરે તો બે ઈલેકટ્રીકના વાયરો ભેગા થવાથી શોર્ટ સર્કિટ તથા આગ-અકસ્માતના બનાવો બનવાની સંભાવના રહેલી હોવાથી આવા કૃત્યો કરવા નહિ. (૪) વલસાડ બહારથી આવી સ્કાય લેન્ટર્સ (ચાઈનીઝ તુકકલ), ચાઈનીઝ માંઝા/પ્લાસ્ટીક/નાયલોન દોરી, કાચ પાયેલી તથા અન્ય હાનિકારક પદાર્થોથી કોટીગ કરેલ દોરી તથા નાયલોન અથવા અન્ય સીન્થેટીક પદાર્થથી કોટીગ કરેલ હોય અને નોન— બાયોડીગ્રેબલ હોય તેવી દોરી લાવી વેચનાર વેપારીઓને પણ આ હુકમ લાગુ પડશે. આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતાની કલમ- ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. વલસાડ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સપેકટર કે તેથી ઉપરનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

## તંત્રી લેખ...

**શુક્રવાર, તા. ૦૯ જાન્યુઆરી ૨૦૨૬**

# શિક્ષકો ભણાવવા માટે છે, ઇતર કામગીરી માટે નહીં !

ભારતીય શાત્રો અને પરંપરાઓમાં શિક્ષકનું સ્થાન ઈશ્વરથીએ ઉપર માનવામાં આવ્યું છે. ચાણક્યનીતિ કહે છે માતા - પિતા તો સંતાનને ફક્ત જન્મ આપે છે, જ્યારે શિક્ષક તેમને દ્વિજ પ્રદાન કરે છે, બીજો જન્મ આપે છે, જેથી એ સમાજમાં સન્માનજનક જીવન જીવવા યોગ્ય બને છે. નિ:સંદેહ ગુરુ - શિક્ષકનું મહત્ત્વ ખૂબ જ છે, પણ આપણાં સરકારી તંત્રએ અને નીતિ - નવાં આયોજનોને લીધે શિક્ષકને 'સબ બંદર કા બંદા' બનાવી દીધા છે. કોઇ સર્વે કરાવવો છે તો કામ સોંપો શિક્ષકને, ચૂંટણીમાં મતદાન પ્રક્રિયામાં શિક્ષક, વસતી ગણતરી શિક્ષકને, મતદારયાદી શુદ્ધીકરણનાં કામની મુખ્ય જવાબદારી શિક્ષકને અપાણી, ચૂંટણી - આધારકાર્ડ લિન્કનું કામે શિક્ષકને સોંપાયું. હદ તો ત્યાં થઇ કે પાંચ વર્ષ પહેલાં કોરોના સમયે શિક્ષકોને શાળાઓ માટે રાશન જોખીને આપવાનો હુકમ થયો હતો. સામાજિક પ્રસંગોમાં થતો અનાજનો બગાડ રોકવામાંય શિક્ષકને સામેલ કરાતો ત્યારે વિરોધ ઊઠયો હતો. તેમાંય બિહારનાં સાસારામમાં નગર નિગમે બેહૂદું ફરમાન જારી કરીને હદ કરી નાખી. નગર નિગમે શિક્ષકોને રસ્તે રહેતા શેરીશ્વાનોની ગણતરી કરવાનું કામ સોંપ્યું. આ નિર્ણય નિંદનીય છે, સાથે હાસ્યાસ્પદ છે. રખડતા શ્વાનોનો મુદ્દો દેશભરમાં ગંભીર ચિંતાનો વિષય બન્યો છે. દેશની સર્વોચ્ચ અદાલતે આકરો મિજાજ અપનાવીને રખડતા કૂતરાઓની સમસ્યાનો ઉપાય કરવા ફરમાન છોડયા છે. અદાલત કહે છે રસ્તાઓ શ્વાનોથી મુક્ત રહે એ સુનિશ્ચિત કરવા માટેની કવાયત હોવી જ જોઇએ. શેરીશ્વાનો ઓચિંતા કરડે છે. વળી, તેના લીધે રસ્તા ઉપર ગંભીર અકસ્માત સર્જાય છે. ન્યાયમૂર્તિએ સામાન્ય જનનાં મનની વાત કરી છે કે રસ્તા પર દોડતા કૂતરા તેની પાસેથી પસાર થતાં વાહનો વિશેષ તો ટુ વ્હીલર્સ અને સાઈકલચાલકો માટે ખતરનાક હોય છે. પડી જવાથી ચાલકોને અસ્થિભંગથી હેમરેજ સહિતની ગંભીર ઈજા થાય છે અને કેટલાય કિસ્સામાં જીવન ગુમાવવાની નોબત આવે છે. રખડતા - ભટકતા શેરીશ્વાનોનો મામલો સંવેદનશીલ છે. જીવદયા સાથે સંકળાયેલો છે. કૂતરાઓ માટે શેલ્ટર હોમ બનાવવું, રસ્તે આવતા રોકવા એ બધાનો અમલ વ્યવહારુ કેમ બનાવવો એ પ્રશ્ન છે. સાસારામમાં શિક્ષકોને સોંપાયેલી વિચિત્ર કામગીરીની વાત પર પાછા આવીએ તો શિક્ષણ આલમમાં તેની ટીકા થઇ રહી છે. બિહારના શિક્ષકો વિષમ પરિસ્થિતિને લઇને પહેલેથી દબાવમાં છે. છાત્રોને ભણાવવાની શૈક્ષણિક જવાબદારી અને બિનશૈક્ષણિક કામગીરીના વધતા બોજ વચ્ચે સંતુલન જાળવવું મુશ્કેલ બની રહ્યું છે. ઇતર કામમાં કલાકો વીતાવતા શિક્ષક પાસે છાત્રોને ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવાની તાજગી, સમય કે ઉત્સાહ બચતાં નથી. બાળકો સાથે સંવાદ થઇ શકતો નથી. પ્રાથમિક શિક્ષણ કારકિર્દીનો પાયો છે. વિદ્યાર્થીની કારકિર્દી, વિકાસ, સમાજજીવનનો આધાર પ્રાથમિક શાળાઓમાં રચાય છે. શિક્ષકો શેરીશ્વાનોની ગણતરી કરવા નીકળશે તો ભણશે અને ભણાવશે કોણ ? વળી, આ કામગીરી શિક્ષકો માટે પણ જોખમી બની રહે તેમ છે. રખડતા કૂતરાનો ડર સૌને હોય છે. ખાસ કરીને મહિલા શિક્ષિકા આ કામગીરી કેમ કરી શકશે ? શિક્ષકો ગુરુ કહેવાય. એક નહી, અનેક પેઢીનું ઘડતર કરવાની તેમની જવાબદારી છે. સમૃદ્ધ ભારતનું ભવિષ્ય આજના છાત્રો જ છે. ગુણવત્તાયુક્ત શિક્ષણના અભાવે તેમનો પાયો નબળો પડે એ ન જ ચાલે.

# બિનહરીફ વિજયની બહુમતી

બિનહરીફ વિજય વિરલ બાબત છે, પણ મહારાષ્ટ્રની સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીઓમાં તે વ્યાપક બની ગઈ છે. સત્તાધારી મહાયુતિના ૬૯ નગરસેવકો બિનવિરોધ ચૂંટાઈ આવ્યા છે, આ આંકડો અભૂતપૂર્વ છે. આના માટે વિરોધ પક્ષમાં બેઠેલી રાજકીય પાર્ટીઓ ભાજપને જવાબદાર ઠેરવે છે, જે કદાચ કેટલાક અંશે સાચું પણ હોઈ શકે, પણ ઈતિહાસ પર નજર કરતાં એક વાત ઊડીને આંખે વળગે છે અને તે એટલે હંમેશાં સત્તાધારી પક્ષના ઉમેદવારો જ બિનહરીફ ચૂંટાઈ આવે છે. મહારાષ્ટ્રમાં ૨૦૦૯થી ૨૦૧૩ વચ્ચે યોજાયેલી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીમાં કુલ ૧૧ ઉમેદવારો બિનહરીફ ચૂંટાયા હતા અને આમાંના ચાર રાષ્ટ્રવાદી કૉંગ્રેસના, ત્રણ કૉંગ્રેસના હતા અને એ વખતે રાજ્યમાં આ બે પક્ષોની આઘાડી સરકાર હતી. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ધુળેમાં એક પ્રચાર સભામાં આ મુદ્દાને સ્પર્શતાં કહ્યું હતું કે અત્યાર સુધી દેશમાં ૩૫ સાંસદો બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે અને એમાંથી ૩૩ એવા વખતે ચૂંટાયા હતા જ્યારે દેશમાં કૉંગ્રેસની સરકાર હતી. ત્યારે લોકતંત્રની હત્યા નહોતી થતી. પણ, નગરસેવકો બિનહરીફ ચૂંટાઈ આવે છે ત્યારે લોકતંત્રના નામની દુહાઈઓ આપતા અને છાતી કૂટતા વિરોધી પક્ષો થાકતાં નથી. આ વખતે કલ્યાણ-ડોમ્બિવલી મહાનગરપાલિકામાં બાવીસ ઉમેદવારોને મતદાન વિના જ વૉકઓવર મળ્યો છે જેમાંના પંદર ભાજપના અને સાત સાથી પક્ષ શિવસેનાના છે અને યોગાનુયોગ એ કે આ નગરપાલિકા ભાજપના રાજ્ય એકમના પ્રમુખ રવીન્દ્ર ચવ્હાણની હોમ પીચ છે, જ્યાં અન્ય તમામ પક્ષોમાંથી મોટા પ્રમાણમાં નેતાઓ ભાજપમાં જોડાયા છે.

રાજયભરની વિવિધ નગરપાલિકાઓમાં એકલા ભાજપના જ ૪૪ ઉમેદવારો બિનહરીફ ચૂંટાયા છે, આ પહેલાં ૨૦૦૯થી ૨૦૧૩ વચ્ચે નાગપુર અને ૨૦૦૪થી ૨૦૦૯ વચ્ચે કેડીએમસીમાં ભાજપનો એક-એક ઉમેદવાર બિનહરીફ ચૂંટાયો હતો. બેમાંથી ૪૪ સુધીનો આ હનુમાન કૂદકો જોઈ નાગરિકો વિચારતા થઈ ગયા છે. સૌથી દુઃખદ વાત એ છે કે અનેક જગ્યાએ એકાદ દાયકા બાદ ચૂંટણીઓ યોજાઈ રહી છે અને છતાં લાખો મતદારો મતદાનના અધિકારથી વંચિત રહી જશે. આમ તો કોઈ ઉમેદવારની સામે હરીફ ન હોય તો ચૂંટણીમાં તેને વિજેતા જાહેર કરાય છે, પણ એવી માગણી ઊઠી છે કે કોઈ જગ્યાએ એક જ ઉમેદવાર હોય તો પણ મતદાન કરવું જોઈએ, કેમ કે હવે 'નન ઑફ ધ અબૉવ' એટલે કે 'નોટા'ની વ્યવસ્થા છે. આથી, આવી જગ્યાએ 'નોટા'ને વધુ મતો મળે તો નવેસરથી ચૂંટણી યોજી શકાય. જોકે, આ પરિસ્થિતિમાં સમસ્યા કરતાં ઉકેલ વધુ જાલીમ છે.

## ઓક્ટોબરમાં આ નિકાસ ઘટીને ૬.૩૧ અબજ ડોલર થઈ ગઈ છે.

# ટ્રમ્પ ૫૦૦ ટકા ટેરિફ લાદે તો ભારતીય અર્થતંત્રની બુંદ બેસી જાય

## ઓક્ટોબરમાં આ નિકાસ ઘટીને ૬.૩૧ અબજ ડોલર થઈ ગઈ છે.

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પનું ફરી છટક્યું છે અને ટ્રમ્પે રશિયા સામે કડક પ્રતિબંધો સંબંધિત લાદતા બિલને મંજૂરી આપી દેતાં આખી દુનિયા ઉંચીનીચી થઈ ગઈ છે. ભારત પણ ઊંચુંનીચું થઈ ગયું છે કેમ કે, આ બિલમાં રશિયા સાથે ધંધો કરનારા તમામ દેશોને ઝપટમાં લેવાની જોગવાઈ છે. ખાસ કરીને રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદનારા દેશોનો વારો પડી જશે. અને ભારત, ચીન અને બ્રાઝિલ પર ૫૦૦ ટકા સુધી ટૅરિફ ઠોકી દેવાય એવી જોગવાઈ છે.

ભારત અમેરિકાએ લાદેલા ૫૦ ટકા ટૅરિફમાં જ હાંફવા માંડ્યું છે તો ૫૦૦ ટકા ટૅરિફ લદાય તો શું થાય એ વિચારે ચિંતા થાય એ સ્વાભાવિક છે. આપણે સાવ લાંબા જ થઈ જઈએ ને અમેરિકામાં નિકાસ સાવ બંધ જ થઈ જાય. ટ્રમ્પ લાંબા સમયથી રશિયા સાથે ધંધો કરનારા દેશોને ચીમકી આપ્યા કરે છે. યુક્રેન યુદ્ધ પછી અમેરિકા અને યુરોપના દેશોએ રશિયા પર આર્થિક પ્રતિબંધો લાદ્યા છતાં રશિયા પડ્યું નથી કેમ કે દુનિયાના ભારત સહિતના ઘણા દેશોને સાધીને રશિયાએ પોતાના અર્થતંત્રને ટકાવી રાખ્યું છે. આ દેશો રશિયા પાસેથી સસ્તું ક્રૂડ ઓઈલ ખરીદી રહ્યા છે. તેથી રશિયા પાસે રોકડ આવ્યા કરે છે.

અમેરિકાને લાગે છે કે, આ કારણે રશિયાને યુદ્ધ લડવામાં મદદ મળી રહી છે. તેથી સૌથી પહેલાં રશિયાને મળતો આ રોકડનો પ્રવાહ બંધ કરવો જરૂરી છે. ટ્રમ્પે એ માટે ટૅરિફ લગાવ્યા પણ તેની ધારી અસર થઈ નથી તેથી હવે 'સેન્કશનિંગ ઓફ રશિયા એક્ટ ૨૦૨૫' પસાર કરીને રશિયા પાસેથી ઓઈલ ખરીદનારા દેશો પર ૫૦૦ ટકા ટૅરિફ લાદવાનું હથિયાર ટ્રમ્પ પાસે હાથવગું થઈ જશે. આ હથિયાર બતાવીને ટ્રમ્પ ભારત સહિતના દેશોને બિવડાવીને ધાર્યું કરાવવા માગે છે.

અત્યારે જે શક્યતા છે એ પ્રમાણે, અઠવાડિયામાં આ બિલ પસાર થઈ જશે. બિલ પસાર થાય ને ટ્રમ્પ ૫૦૦ ટકા ટૅરિફ ઠોકી દે તો ભારતના અર્થતંત્રની બુંદ બેસી જાય તેમાં બેમત નથી. અમેરિકાએ ભારત પર ૨૫ ટકા ટૅરિફ અને રશિયન ઓઈલની ખરીદી માટે વધારાની ૨૫ ટકા પેનલ્ટી લગાવી તેમાં જ ભારતને અમેરિકામાં પોતાનો સામાન વેચવામાં મુશ્કેલીઓ પડી જ રહી છે.

૫૦૦ ટકા ટૅરિફ લદાય તો ભારતનો એક પૈસાનો માલ અમેરિકામાં ના જાય. પાંચ ગણા ઉંચા ભાવે કોણ માલ ખરીદે? મતલબ કે ભારતની નિકાસ ઝીરો થઈ જાય. અમેરિકા સાથે અત્યારે ભારતનો વેપાર સરપ્લસ ચાલે છે. ૫૦૦ ટકા ટૅરિફ લદાય તો નિકાસ જ બંધ થઈ જાય ને ભારતની મોટી મોટી કંપનીઓને ફટકો પડી જાય તેથી આ બિલ ભારત માટે ખતરનાક છે.

ટ્રમ્પે ટૅરિફ લાદી તેના કારણે ભારતને કોઈ અસર થઈ નથી કે ભારત અમેરિકાને ઘૂંટણિયે નથી પડી ગયું એવી છાપ ઉભી કરવા મથામણ ચાલે છે પણ આ બંને વાતો ખોટી છે. ટ્રમ્પના ટૅરિફના કારણે ભારતની નિકાસને લગભગ ૨૫ ટકા ફટકો પડી ગયો છે એવું સત્તાવાર આંકડા કહે છે. ગ્લોબલ ટ્રેડ રીસર્ચ ઈનિશિયેટિવના આંકડા પ્રમાણે, ૨૦૨૫ના જુલાઈમાં ભારતે અમેરિકામાં ૮ અબજ ડૉલરની નિકાસ કરી હતી.

ઓક્ટોબરમાં આ નિકાસ ઘટીને ૬.૩૧ અબજ ડૉલર થઈ ગઈ છે. મતલબ કે, લગભગ બાવીસ ટકાનો ઘટાડો થયો છે. સપ્ટેમ્બરમાં તો આ નિકાસ ૩૦ ટકાથી વધારે ઘટીને ૫.૫૦ અબજ ડૉલર જ થઈ ગઈ હતી. ભારતે રશિયા પાસેથી ક્રૂડ લેવાનું ઓછું કરવા માંડ્યું તેથી ટ્રમ્પને દયા આવી તેમાં કેટલાંક અટવાયેલા ટ્રેડ ડીલ ક્લીયર થયા તેથી નિકાસ થોડી વધી છે પણ આ સ્થિતિ કાયમી રહેવાની નથી. ટ્રમ્પનું ફરી છટક્યું છે એ જોતાં ગમે ત્યારે તલવાર વિંઝાશે જ.

મોદી ટ્રમ્પને ઘોળીને પી ગયા છે ને ભારતનો વટ ઓછો નથી થવા દીધો એવી વાતોમાં પણ દમ નથી. ટ્રમ્પે ભારત પર ૨૫ ટકા વધારાની પેનલ્ટી ટૅરિફ સિવાય લાદી તેના મૂળમાં રશિયા પાસેથી ક્રુડ ઓઈલની મોટા પાયે ખરીદી છે. ટ્રમ્પે ચીમકી આપી છે કે, ભારત રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવાનું બંધ નહીં કરે તો હજુ વધારે ટૅરિફ લદાશે. આ ધમકીના પગલે ભારતે રશિયાથી ક્રૂડ ઓઈલની આયાત ઘટાડી છે એવું વિશ્વની ટોચની ન્યૂઝ એજન્સી રોઈટર્સનો રિપોર્ટ કહે છે.

આ રિપોર્ટ નુસાર, ભારતની રશિયન ઓઈલ આયાત નવેમ્બરમાં લગભગ ૧૭.૭ લાખ બેરલ પ્રતિદિન હતી કે જે ડિસેમ્બરમાં ઘટીને લગભગ ૧૨ લાખ બેરલ પ્રતિદિન રહી ગઈ છે. મતલબ કે, ભારતની આયાતમાં એક જ મહિનામાં લગભગ ૫૦ ટકાનો ઘટાડો થયો છે. નજીકના ભવિષ્યમાં આ આયાત ઘટીને ૧૦ લાખ બેરલ પ્રતિદિનથી પણ નીચે જતી રહેશે એવો રિપોર્ટમાં દાવો કરાયો છે. ભારત ૨૦૧૨થી રશિયા પાસેથી જંગી પ્રમાણમાં ક્રૂડ ખરીદે છે અને ૨૦૨૧ પછી પહેલી વાર ભારતની ખરીદી ઘટી છે તેનું કારણ ટ્રમ્પની ધમકીની અસર છે.

ભારત રાજદ્વારી રીતે પણ ટ્રમ્પને મનાવવા તો મથી જ રહ્યું છે. રિપબ્લિકન સેનેટર લિન્ડસે ગ્રેહામે કહ્યું છે કે, ગયા મહિને પોતે ભારતના અમેરિકા ખાતેના રાજદૂત વિનય મોહન કવાત્રાને મળ્યા ત્યારે કવાત્રાએ પોતાને વિનંતી કરેલી કે, ટ્રમ્પ ભારતના માલ પર લાદેલી ૨૫ ટકા ટૅરિફ માફ કરે એ માટે પ્રયત્ન કરજો. ગ્રાહમના કહેવા પ્રમાણે, કવાત્રાએ ભારત અને અમેરિકાના ટ્રેડ ડીલની ગાડી પાટે ચડાવવા માટે મથવા પણ પોતાને વિનંતી કરી હતી.

ભારત અમેરિકા સામે ઝૂકે તેમાં ખોટું નથી કેમ કે રશિયા કરતાં ભારતનાં આર્થિક હિતો અમેરિકા સાથે વધારે પ્રમાણમાં જોડાયેલાં છે. રશિયા ભારતને સસ્તું ક્રૂડ આપે છે પણ ભારત પાસેથી જંગી પ્રમાણમાં માલ લઈ શકતું નથી કેમ કે રશિયા પાસે મોટું માર્કેટ નથી. તેની સામે અમેરિકા રીઝે તો ભારત માટે મોટા પ્રમાણમાં પોતાનો માલ ઠાલવવાની તક આવી જાય. તેના કારણે ભારતના અર્થતંત્રની શિકલ જ બદલાઈ જાય. ટૂંકમાં ભારત માટે અમેરિકા સાથેના આર્થિક સંબંધો વધારે ફળદાયી છે જ ને ભારત સરકારે આ વાત સ્વીકારવી જોઈએ.

ટ્રમ્પ ૫૦૦ ટકા ટૅરિફ લાદી દે તો જખ મારીને તેના પગમાં પડવું જ પડશે તેના કરતાં અત્યારે જ વટનાં ગાજર ખાવાના બદલે અમેરિકા સાથે સારાસારી રાખવા માટે મથીએ છીએ એવું સ્વીકારવું જોઈએ. આ વાતનો સ્વીકાર કરવામાં નાના થઈ જવાના નથી પણ સરકાર આ વાત સ્વીકારતી નથી. તેના બદલે ભારત વિશ્વગુરૂ છે ને આખી દુનિયા ભારતના પગમાં આળોટે છે એવું ભ્રામક ચિત્ર ઊભું કરવા ફાંફાં મરાય છે. તેના કારણે લોકોને નુકસાન થઈ રહ્યું છે, દેશને નુકસાન થઈ રહ્યું છે.

## ગ્રીનલેન્ડની સત્તાવન હજારની લોકવસ્તીમાંથી ૫૬ ટકા ડેન્માર્કથી સ્વતંત્ર થવા માગે છે

# ટ્રમ્પને ગ્રીનલેન્ડમાં રસ કેમ છે?

• અમેરિકન પ્રેસિડન્ટ હેરી ટ્રુમેને ૧૯૪૬માં ૧૦૦ મિલિયન ડોલરની કીમતનું સોનું આપી ડેન્માર્ક પાસેથી ગ્રીનલેન્ડ ખરીદવાની ઓફર કરી હતી, જે નકારી કાઢવામાં આવી હતી. ત્યારથી અમેરિકાનો ડોળો આ ટાપુ પર છે.

ડોનાલ્ડ ટ્રમ્પને ગ્રીનલૅન્ડમાં રસ છે અને પહેલા કાર્યકાળ દરમિયાન પણ તેમણે આ ટાપુ ખરીદી લેવાની વાત ઉચ્ચારી હતી. એ વખતે આ સોદાને મોટી એસ્ટેટની ડીલ તરીકે આગળ કરી હતી અને ડેન્માર્કને આ ટાપુ સાચવવાની આપદામાંથી મુક્ત કરવાની ડંફાશ પણ મારી હતી. છેલ્લા થોડા દિવસોમાં એકથી વધુ વાર ટ્રમ્પ અને તેમના વહીવટ તંત્રના વરિષ્ઠોએ વારંવાર ગ્રીનલૅન્ડને અમેરિકાની આણ હેઠળ લઈ આવવાની વાત ઉચ્ચારી છે. ટ્રમ્પ એક પણ ગોળી ચલાવ્યા વિના ગ્રીનલૅન્ડને અમેરિકા હેઠળ લાવી શકે છે. અખંડ યુનાઈટેડ સ્ટેટ્સમાં કયાં રાષ્ટ્રોની કલ્પના ટ્રમ્પે કરી છે, એ તો તેઓ જ જાણે પણ ભૌગોલિક દૃષ્ટિએ ઉત્તર અમેરિકાનો હિસ્સો એવો વિશ્વનો સૌથી મોટો આ ટાપુ યુરોપનો ભાગ ગણાય છે અને આ સ્વાયત્ત ક્ષેત્ર પર કિંગ્ડમ ઑફ ડેન્માર્કનું નિયંત્રણ છે. ડેન્માર્ક નાટોનું સભ્ય રાષ્ટ્ર છે અને તેની પાસે પોતાનું ૧૬,૦૦૦ સૈનિકોનું સૈન્ય છે, એ જોતાં અમેરિકા માટે ગ્રીનલૅન્ડ પર કબજો કરવાનું મુશ્કેલ નહીં હોય.



અમેરિકન પ્રેસિડન્ટ હેરી ટ્રુમેને ૧૯૪૬માં ૧૦૦ મિલિયન ડૉલરની કીમતનું સોનું આપી ડેન્માર્ક પાસેથી ગ્રીનલૅન્ડ ખરીદવાની ઑફર કરી હતી, જે નકારી કાઢવામાં આવી હતી. ત્યારથી અમેરિકાનો ડોળો આ ટાપુ પર છે. ટ્રમ્પને આ ટાપુમાં રસ છે, કેમ કે તેની એક તરફ એટલાન્ટિક મહાસાગર છે અને બીજી બાજુ આર્કટિક ઑશન છે. ગ્લૉબલ વૉર્મિંગ-ક્લાયમેટ ચેન્જને કારણે આર્કટિક મહાસાગરમાંના ગ્લૅશિયર્સ અને આઈસ શીટ્સ પીગળી રહ્યા છે, જેના કારણે નવા શાપિંગ રૂટ બનવાની શક્યતાઓ ઊભી થઈ છે, જેના કારણે વેપારમાં સુગમતા વધી શકે છે. વળી, રશિયા અને ચીને આર્કટિક મહાસાગરમાં નવા વેપારી માર્ગ વિકસાવવાની તૈયારી દેખાડી છે. ચીન અને રશિયાનો પગ અહીં પડયો તો એ અમેરિકા માટે સંરક્ષણની દૃષ્ટિએ મોટું જોખમ છે. આથી અમેરિકા આ વેપારી માર્ગ પર ઈજારો સ્થાપવા થનગની રહ્યું છે. આ વ્યૂહાત્મક મહત્ત્વ ઉપરાંત ગ્રીનલૅન્ડ ખનિજ તત્ત્વો અને ધાતુઓથી સમૃદ્ધ છે. ઈલેક્ટ્રોનિક વેહિકલ અને બૅટરી બનાવવા માટે ઉપયોગી ૩૪ કાચી સામગ્રીમાંથી ૨૫ અહીં મળી આવે છે. વળી, ખનિજ તેલ, ગૅસ તથા ગ્રૅફાઈટ, તાંબું, નિકલ, ઝિન્ક ઉપરાંત સોનું, હીરા, ટાઈટૅનિયમ અને ટંગ્સ્ટન અને યુરેનિયમ જેવી ધાતુ-ખનિજોનો ભંડાર પણ છે. હાલ આ ક્રિટિકલ રૉ-મટિરિયલનું વિશ્વનું સૌથી મોટું નિકાસકાર ચીન છે.

ગ્રીનલૅન્ડની સત્તાવન હજારની લોકવસ્તીમાંથી ૫૬ ટકા ડેન્માર્કથી સ્વતંત્ર થવા માગે છે, આવામાં અમેરિકા અહીંના નાગરિકોને અમેરિકાનું નાગરિકત્વ આપી દે તો આપોઆપ આ દેશ યુએસએનો હિસ્સો બની શકે છે. આ વાત હવાઈ કિલ્લા જેવી લાગતી હોય તો ન્યૂ યૉર્કના રિયલ એસ્ટેટ ડેવલપર અને અર્થશાસ્ત્રી ડેવિડ બેકરે ગયા વર્ષે ગ્રીનલૅન્ડ ટાપુ ખરીદી લેવા અમેરિકાએ ૧૨.૫ બિલિયનથી ૭૭ બિલિયન ડૉલર જેવી રકમ ચૂકવવી પડે એવો અંદાજ બાંધ્યો હતો. ટ્રમ્પ આમાંથી કયો માર્ગ લેશે?

## બે પાડોશી દેશો વચ્ચે છેલ્લા થોડા સમયથી સંબંધોમાં તણાવની સ્થિતિ છે,

# ક્રિકેટ, રાજકારણ અને બાંગ્લાદેશ

■ બાંગ્લાદેશ આ સ્પર્ધાની ત્રણ મૅચો કોલકાતામાં અને એક મુંબઈમાં રમવાનું હતું. બે પાડોશી દેશો વચ્ચે છેલ્લા થોડા સમયથી સંબંધોમાં તણાવની સ્થિતિ છે, છતાં વર્લ્ડ કપ માટે બાંગ્લાદેશની ટીમ ભારત આવશે, એ લગભગ નક્કી હતું.

ખેલાડીઓની સુરક્ષા અને સુખાકારીનો મુદ્દો આગળ કરી બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (બીસીબી)એ ટી-૨૦ વર્લ્ડ કપ રમવા માટે પોતાની ટીમને ભારત મોકલવાની ના પાડી દેવા સાથે અમારી મૅચો તટસ્થ ભૂમિ પર યોજો એવી વિનંતી પણ ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી)ને કરી છે. ભારત-બાંગ્લાદેશ વચ્ચે બગડેલા રાજકીય-રાજદ્વારી સંબંધોને પગલે ભારતીય ક્રિકેટ બોર્ડ (બીસીસીઆઇ)એ આઈપીએલ ટીમ કોલકાતા નાઈટ રાઈડર્સને બાંગ્લાદેશી ઝડપી બૉલર મુસ્તાફિઝુર રહમાનને ટીમમાંથી છુટ્ટો કરવાની તાકીદ કર્યા બાદ બીસીબીએ આ પગલું લીધું છે. પાકિસ્તાને આ પહેલાં જ ભારતીય ધરતી પર રમવાનો નન્નો ભણ્યો હોવાથી આ સ્પર્ધામાંની પાકિસ્તાનની મૅચો તથા તેને સાંકળતી સંભવિત સેમિ-ફાઈનલ કે ફાઈનલ શ્રીલંકામાં રમાવાની છે. આઈસીસીના વડા અત્યારે ભારતના જય શાહ છે અને આ મામલે ગજગ્રાહ વધારવાને બદલે બાંગ્લાદેશની મૅચો ભારત બહાર રમાડવા માટે જરૂરી ફેરફાર કરવાનો નિર્ણય લીધો હોવાની ચર્ચા છે. તો, બાંગ્લાદેશમાં આઈપીએલના પ્રસારણ પર રાષ્ટ્રહિતમાં પ્રતિબંધ મૂક્યાના સમાચાર આવ્યા છે.




બાંગ્લાદેશ આ સ્પર્ધાની ત્રણ મૅચો કોલકાતામાં અને એક મુંબઈમાં રમવાનું હતું. બે પાડોશી દેશો વચ્ચે છેલ્લા થોડા સમયથી સંબંધોમાં તણાવની સ્થિતિ છે, છતાં વર્લ્ડ કપ માટે બાંગ્લાદેશની ટીમ ભારત આવશે, એ લગભગ નક્કી હતું.

પણ, ટી-૨૦ સ્પર્ધા આઈપીએલમાંથી એકમાત્ર બાંગ્લાદેશી ખેલાડી મુસ્તાફિઝુરને છુટ્ટો કરવાનો આદેશ બીસીસીઆઈએ ટીમ માલિકને આપ્યા પછી બાંગ્લાદેશના વચગાળાના શાસક મોહમ્મદ યુનુસની સરકારમાંના યુવા અને રમતગમત બાબતોના પ્રધાન આસિફ નઝરૂલે આ મુદ્દે ટિપ્પણી કરી કે, બાંગ્લાદેશ ક્રિકેટ, ક્રિકેટર કે રાષ્ટ્રનું કોઈપણ પ્રકારે અપમાન અમે સહન નહીં કરીએ. ગુલામીના દિવસો પૂરા થયા. એ પછી ક્રિકેટ બોર્ડને પણ કડક રુખ લેવાની ફરજ પડી છે. એક રીતે, ભારતે જ આ મુદ્દે દાખલો બેસાડ્યો છે. ગયા વર્ષે પાકિસ્તાનમાં યોજાયેલી ચૅમ્પિયન્સ ટ્રૉફી સ્પર્ધામાં ભાગ લેવા અમારી ટીમ નહીં જાય એ વલણ બીસીસીઆઈએ અખત્યાર કર્યા પછી નક્કી થયું કે, આ પ્રકારની બહુરાષ્ટ્રીય સ્પર્ધા ભારત કે પાકિસ્તાનની ભૂમિ પર રમાવાની હોય તો આ રાષ્ટ્રો વચ્ચેની મૅચ કોઈ તટસ્થ દેશમાં યોજવી. આ ગોઠવણ મુજબ પાકિસ્તાનની ટી-૨૦ વર્લ્ડ કપની મૅચો શ્રીલંકાના કોલંબો શહેરમાં યોજાવાની છે, હવે એમાં બાંગ્લાદેશનો ઉમેરો થવાનો છે. ભારત-પાકિસ્તાન વચ્ચે દ્વિપક્ષી ક્રિકેટ તો લાંબા સમયથી બંધ છે, પણ એશિયા કપની મૅચ બાદ પાકિસ્તાની ખેલાડીઓ સાથે હાથ ન મિલાવવાના ભારતીય ક્રિકેટ ટીમના નિર્ણયને પગલે તણાવ વધ્યો હતો. હવે, ભારત-પાકિસ્તાન વચ્ચે કોલંબોમાં લીગ મૅચ રમાવાની છે, તો બાંગ્લાદેશ-ભારતની ટક્કર સુપર એઈટ તબક્કામાં થઈ શકે છે.પાડોશી દેશો વચ્ચે રાજકીય તણાવને પગલે રમતના મેદાન પર તેની અસર કમનસીબ ગણાય, પણ લોહી અને ક્રિકેટ એકસાથે શક્ય ન બની શકે, એવું ભારત સરકારનું વલણ યથાયોગ્ય છે.

# સલમાન ડિજીટલ પ્લેટફોર્મના જાણીતા મેકર્સ રાજ & ડીકે સાથે એક્શન કોમેડી ફિલ્મ કરશે



સલમાન ખાન હાલ તેની આવનારી ફિલ્મ બેટલ ઓફ ગલવાનમાં વ્યસ્ત છે, પરંતુ તેના પછી તે રાજ એન્ડ ડીકે સાથે એક એક્શન કોમેડી ફિલ્મ અંગે ચર્ચાઓના તબક્કામાં છે. રાજ નિદિમોરુ અને ક્રિશ્ના ડિકે ઓટીટી અને એક્શન થ્રિલરની દુનિયાના જાણીતા મેકર્સ છે. આ અંગે કોઈ પ્રકારની માહિતી જાહેર કરવામાં આવી નથી, પરંતુ એવી ચર્ચા છે કે સલમાન ખાન લાંબા સમય પછી ફરી એક વખત એક્શન કોમેડી ફિલ્મ કરવા વિચારી રહ્યો છે. આ અંગેના અહેવાલો અનુસાર, હજુ આ ચર્ચા પ્રારંભિક તબક્કામાં છે. રાજ અને ડિકે એક્શન ફિલ્મમાં પણ ધારદાર હાસ્ય ઉમેરવા માટે જાણીતા છે, જો બધું યોગ્ય દિશામાં ચાલ્યું તો તેઓ એક મોટા સ્કેલની ફિલ્મ બનાવવા માગે છે. જો આ ચર્ચાઓ સફળ રહી તો સલમાન પહેલી વખત રાજ અને ડિકે સાથે કામ કરશે. રાજ અને ડિકે માટે પણ એક નોંધપાત્ર કમર્શીયલ ફિલ્મ હશે.આ અંગે એક સુત્ર દ્વારા મળતી માહિતી અનુસાર, ''સલમાન ખાને પ્રાથમિક વાર્તા સાંભળી હતી અને તેને રસ પણ પડ્યો છે. ભલે આ એક એક્શન ફિલ્મ હોવા છતાં સલમાન તેમાં અલગ અંદાજમાં જોવા મળશે. જોકે, હજુ તેણે આખરી સંમતિ આપી નથી. જો બધું સમું સૂતરું રહ્યું અને સલમાન આ ફિલ્મ કરશે તો મેકર્સ ૨૦૨૬ના અંત સુધીમાં ફિલ્મનું શૂટ શરૂ થઈ જશે. હાલ તો બધું સ્ક્રિપ્ટ અને અન્ય સર્જનાત્મક બાબતો પર કામ કરવાના તબક્કામાં છે.''હજુ તેની ચર્ચાઓ પ્રાથમિક તબક્કામાં હોવાથી કોઈ જ જાહેરાત કરવામાં આવી નથી. એક વખત સ્ક્રિપ્ટ અને ફિલ્મ કઈ રીતે બનાવવી છે, તે બધું બિલકુલ નક્કી થઈ જાય પછી જાહેરાત થઈ શકે છે. બંને પક્ષ ઈચ્છે છે કે દર્શકોને કશુંક નવું જોવા મળે સાથે જ સામાન્ય જનતા અને સલમાનના ફેનને પણ એ જોવામાં મનોરંજન મળે.હાલ તો સલમાન બેટલ ઓફ ગલવાનનાં કામમાં વ્યસ્ત છે. આ ફિલ્મ ૧૫ જુન ૨૦૨૦ના રોજ ગલવાન ખીણમાં ભારત અને ચીનની સેના વચ્ચે થયેલી અથડામણ પર આધારીત છે. જેમાં ૨૦૦ સૈનિકોએ ૧૨૦૦ ચાઈનીઝ સૈનિકોનો સામનો કર્યો હતો. આ ફિલ્મ અપુર્વ લાખિયાએ ડિરેક્ટ કરી હતી. તેમાં ચિત્રાંગદા સિંઘ પણ લીડ રોલમાં છે. આ ફિલ્મ એપ્રિલ ૨૦૨૬માં રિલીઝ થઈ શકે

# કલ્યાણી પ્રિયદર્શન સુપરવુમન પછી હવે ઝોમ્બી ફિલ્મમાં જોવા મળશે

## રણવીરની પ્રલયમાં કલ્યાણીનો લીડ રોલ જોવા મળશે



મલયાલમ સુપર હિરો ફિલ્મ લોકાહ ચેપ્ટર ૧ – ચંદ્રા એક બ્લોકબસ્ટર ફિલ્મ રહી છે, જેમાં કલ્યાણીએ એક સુપરવુમનનો રોલ કર્યો હતો. હવે તેને રણવીર સિંહની ઝોમ્બી થ્રિલર ફિલ્મ પ્રલય માટે લીડ રોલમા કાસ્ટ કરવામાં આવી છે. તેનાથી કલ્યાણી પ્રિયદર્શન બોલિવૂડમાં ડેબ્યુ કરી રહી છે. આ વર્ષે જુલાઇ કે ઓગસ્ટમાં આ ફિલ્મનું શૂટ શરૂ થશે. આ એક મોટો પ્રોજેક્ટ છે, જેમાં રણવીર સિંહ લીડ રોલમાં હશે. જય મહેતા પણ આ ફિલ્મથી ફીચર ફિલ્મમાં ડિરેક્ટર તરીકે ડેબ્યુ કરશે. આ પહેલાં જય મહેતાએ સ્કેમ ૧૯૯૨-ધ હર્ષદ મહેતા સિરિઝમાં કો ડિરેક્ટર તરીકે કામ કર્યું હતું અને વધુ એક સિરીઝ લૂટેરે પણ ડિરેક્ટ કરી હતી.

આ એક એવી ફિલ્મ છે, જેમાં પ્રલય પછીના વિશ્વમાં હિરો બચી જવા માટે ઝઝુમે છે અને નવું વિશ્વ ખડું કરવાની પ્રક્રિયા છે. એક અહેવાલ મુજબ જય મહેતા આ ફિલ્મમાં મુંબઇ એક અલગ વિશ્વ તરીકે કલ્પના કરે છે, જેમાં ધ હંગર ગેમ્સ જેવો સેટ હશે. આ અહેવાલમાં કહેવાયું છે, ''શહેરનો મોટા ભાગનો હિસ્સો ડિજિટલ દુનિયા બની ગયો હશે અને તેને વેરાન બતાવવામાં આવશે. આ ફિલ્મનો ઘણો હિસ્સો મુંબઈમાં શૂટ કરવામાં આવશે, ત્યાર પછી તેને અન્ય લોકોશન પર શૂટ કરવામાં આવશે.''

રણવીર સિંહે ૨૦૨૫માં સૌથી મોટી ફિલ્મ ધુરંધર આપી છે, જે આદિત્ય ધર દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે. જેમાં રણવીર એક ભારતીય જાસુસના રોલમાં જોવા મળે છે અને પાકિસ્તાની ગુનેગારોને ખુલ્લા પાડે છે. આ ફિલ્મની સફળતા પછી રણવીરે ફરહાનની ડોન ૩ છોડીને હવે પ્રલય શરૂ કરવાનો નિર્ણય લીધો છે. જોકે, તેની પાછળના કારણો હજુ સુધી જાહેર થયા નથી. તેના માટે રણવીરની ધુરંધર ૨ માટેનું શૂટિંગ અને ફીમાં વધારા સહિતના કારણોને જવાબદાર માનવામાં આવે છે.



# બળજબરી અને તાકાતને પ્રેમ ગણાવતાં પાત્રોથી હું ત્રાસી ગઈ છું : રાધિકા

## રાધિકાએ ઈન્ટરવ્યુમાં ફિલ્મોમાં વધી રહેલાં ટોક્સિક પાત્રો વિશે વાત કરી

જ્યારથી રણબીર કપૂરની નિમલ રિલીઝ થઈ ત્યારથી આલ્ફા મેલ અને ટોક્સિસિટીની ચર્ચાઓ વારંવાર થતી આવી છે. આવાં જ પ્રકારના પ્રેમનું સ્વરૂપ તાજેતરમાં રીરિલીઝ થયેલી એક દિવાનેં કી દિવાનિયત અને તાજેતરમાં રિલીઝ થયેલી ક્રિતિ સેનન અને ધનુષની તેરે ઈશ્ક મેં જોવા મળ્યું. ત્યારે તાજેતરમાં ઓટીટી પર આવેલી રાધિકા આપ્ટેની ફિલ્મ સાલી મહોબ્બત સદર્ભે આપેલા એક ઈન્ટરવ્યુમાં તેણે જણાવ્યું કે આપણે આવા ઉગ્ર અને ઘાતકી પ્રેમને મહત્વ આપવાનું બંધ કરવું જોઈએ.

રાધિકાએ કહ્યું, ''એ જ તકલીફ છે, મને નથી લાગતું કે ફિલ્મોમાં જે બને છે, તે માત્ર પ્રેમની તીવ્રતાને કારણે બને છે. તે બિલકુલ અન્યાય અને તેની સાથે થતાં વર્તનને કારણે બને છે. કોઈ તમારા ગળાંડૂબ પ્રેમમાં કે દુનિયામાં કોઈની પણ સાથે આવું વર્તન કરે તેને હું ફિલ્મમાં ચમકાવી ન શકું. આપણે તેને જે રીતે જોઈએ છીએ તે દષ્ટિકોણમાં ખોટા પડી રહ્યાં છીએ. કોઈ સાથે વારંવાર જ્યારે ખરાબ વર્તન કે અન્યાય થાય ત્યારે વ્યક્તિ આવો પ્રતિસાદ આપે છે.''

રાધિકાએ આગળ કહ્યું, ''આપણી સંસ્કૃતિમાં આપણે આવા વર્તનને પ્રેમ ગણાવી દઈએ છીએ, પરંતુ આપણે બીજાને ખુશ કરવા માટે જ્યારે આપણી ખુશીઓ સાથે વારંવાર સમાધાન કરવું પડે એ પ્રેમ ન હોઈ શકે. આ વાત સાથે હું સમહત નથી.''

રાધિકાએ ભારપૂર્વક કહ્યું કે બોલિવૂડમાં આપણે ઘણી વખત કોઈ તમારા પર બળજબરી કરે તેને ઊંડા પ્રેમમાં ખપાવી દઈએ છીએ, જે સાચું નથી. ''પછી તે પતિ હોય, પતિનો પરિવાર હોય કે તમારા પોતાના મા બાપ, એમને સાંભળો અને એ લોકો જેમ કહે તેમ જ કરો એને પ્રેમ ન કહેવાય. કોઈ તમારી ખુશીઓનું બલિદાન આપીને તેઓ કહે એમ જ તમે કરો એવી અપેક્ષા રાખે તો એ પ્રેમ નથી. બીજા વ્યક્તિને ખુશ જોવી એ પ્રેમ છે, પણ તેમને બળજબરી આજ્ઞાકારી બનાવવા એ પ્રેમ નથી. એ તાકાત અને બળજબરી છે. હું આવી બાબતોને પ્રેમ અને સન્માન તરીકે ગણાવાતું જોઈ હવે ત્રાસી ગઈ છું.''

તે માને છે કે ઈન્ડસ્ટ્રીએ આ બંધ કરવું જોઈએ, રાધિકાએ કહ્યું, ''એ ભયાનક અને દયાજનક છે. મને લાગે છે, આપણે આવી ફિલ્મો બનાવવાનું અને આવી વાર્તાઓ કહેવાનું બંધ કરી દેવું જોઈએ. આપણે વળગણ અને બળજબરીને જુસ્સો અને પ્રેમ ગણાવીને ભુલ કરી રહ્યાં છીએ.''



# રણવીર સિંહે બોક્સ ઓફિસ સફળતામાં રનબીર અને રિતિકને પાછળ છોડ્યા

અંધાધૂંધ કમાણીથી ધુરંધર રણવીર સિંહના કેરિઅરની સૌથી સફળ ફિલ્મ તો બની જ છે, સાથે જ થોડાં નિષ્ફળતાના વર્ષો પછી ફરી એક વખત તે સફળ કલાકારોની યાદીમાં પણ આવી ગયો છે. આ ફિલ્મ તેની કેરિઅરની એટલી મોટી ફિલ્મ બની ગઈ છે કે તે ફરી એક વખત સુપરસ્ટાર ગણાવા લાગ્યો છે. આ ફિલ્મની સફળતાથી રણવીરે તેના સ્પર્ધક સ્ટાર્સને પણ પાછળ છોડી દીધા છે. ધુરંધરની સફળતાથી રણવીરની કમાણી બોક્સ ઓફિસ પર ૪૦૦૦ કરોડે પહોંચી ગઈ છે, તેનાથી રિતિક રોશન અને રનવીર કપૂર પણ પાછળ રહી ગયા છે. ધુરંધર રણવીરની લીડ હિરો તરીકે ૧૭મી ફિલ્મ છે અને વર્લ્ડવાઈડ ૧૦૦૦ કરોડની કમાણી કરનારી તેની પહેલી ફિલ્મ છે. તેનાથી રણવીરની બધી જ ફિલ્મની કુલ કમાણી બોક્સ ઓફિસ પર ૪૨૦૦ કરોડથી પણ આગળ પહોંચી ગઈ છે. ૪૦૦૦ કરોડની કમાણીથી આગળ વધનાર રણવીર ઈન્ડસ્ટ્રીનો છઠ્ઠો એક્ટર બની ગયો છે. આ પહેલાં સલમાન, શાહરુખ, આમિર ઉપરાંત અક્ષય કુમાર અને રનબીર કપૂર કમાણીમાં આ આંકડા પર પહોંચી ગયા છે. રણવીરની આ કમાણી અજય દેવગન અને રિતિક રોશનની કમાણીથી પણ વધી ગઈ છે, જે હજુ ૩૫૦૦ કરોડ સુધી જ પહોંચી શકી છે. રણવીરના અલગ અલગ ફિલ્મમાં દેખાવ સાથે તે તેની સાથેના હિરો કરતા સૌથી વધુ સાતત્યપૂર્ણ રીતે કામ કરતો રહ્યો છે. તેની ૧૭ ફિલ્મમાંથી ૯ ફિલ્મે ૧૦૦ કરોડની કમાણી કરી હતી તેમજ ૧૧ ફિલ્મ બોક્સ ઓફિસ પર સફળ રહી છે. જેમાં ધુરંધર, પદ્માવત, બાજીરાવ મસ્તાની, દિલ ધડકને દો તેમજ લેડીઝ વર્સીસ રિકી બહેલનો સમાવેશ થાય છે. રણવીર અને રનબીરની ઘણી વખત સરખામણી થતી રહી છે સાથે જ સ્ટાર પાવરની દૃષ્ટિએ બંનેને સ્પર્ધક પણ માનવામાં આવે છે. ધુરંધરની સફળતા સાથે માત્ર બોક્સ ઓફિસ બાબતે રણવીર બધાથી આગળ નીકળી ગયો છે. રણવીરની ૪૨૦૦નીકમાણી હવે રનબીરની ૪૦૦૦ કરોડની કમાણીથી આગળ નીકળી ગઈ છે, જે સ્થાન તેણે એનિમલની સફળતાથી મેળવ્યું હતું. આગળ પણ રનબીરની રામાયણ અને લવ એન્ડ વોર આવી રહી છે, જેનાથી તે રણવીરને ફરી પાછળ છોડી શકે છે. તો તેના પછી રનવીરની ધુરંધર ૨ આવશે તો ફરી તે રણબીરને પાછળ રાખી શકે છે. રિતિક ૩૮૬૦ની કમાણી સાથે આ બંનેથી થોડો પાછળ ચાલી રહ્યો છે.રણવીર અને રનબીર સાથે તેમનાથી જુનિયર છતાં પોતાનું એક સ્થાન બનાવી ચુકેલો વિકી કૌશલ આ કમાણીના આંકડાથી થોડો જ દુર રહ્યો છે. તેણે લીડ એક્ટર તરીકે દસ ફિલ્મમાં કામ કર્યું છે. તેની કુલ વર્લ્ડવાઈડ કમાણી ૧૮૦૧ કરોડે પહોંચી છે. તેની સૌથી વધુ મહત્વની વાત એ છે કે વિકીની છેલ્લી ચાર ફિલ્મો છાવા, બેડ ન્યુઝ, સેમ બહાદુર અને ઝરા હટરે ઝરા બચકે – બોક્સ ઓફિસ પર ૧૦૦ કરોડની કમાણી પાર કરી ગઈ હતી.

હજુ રણવીર આ કમાણીના આંકડામાં આ જ વર્ષમાં ધુરંધર ૨ની સફળતા પછી ૫૦૦૦ કરોડની કમાણીને પાર કરી લેશે

# શ્રદ્ધા કપૂર એપ્રિલમાં ઇઠાનું શૂટ પૂરું કરીને નાગિન શરૂ કરશે



શ્રદ્ધા કપૂરનું ૨૦૨૬નું વર્ષ વ્યસ્ત રહેવાનું છે, જેમાં તે એક પછી એક ફિલ્મ હાથમાં લઇ રહી છે. હાલ એવા અહેવાલ છે કે શ્રદ્ધા કપૂર તેની બાયોગ્રાફિકલ ડ્રામા ફિલ્મ ઈઠાનું કામ પૂરું કરીને પછી તે એપ્રિલમાં નાગિન માટે કામ શરૂ કરશે.

શ્રદ્ધાની ઈઠાનું શૂટિંગ હાલ અંતિમ તબક્કામાં છે, જે લક્ષ્મણ ઉટેકર ડિરેક્ટ કરી રહ્યા છે. આ ફિલ્મમાં તે વિખ્યાત તમાશા અને લાવણી કલાકાર વિઠાબાઈ નારાયણગાંવકરનો રોલ કરે છે. આ એક એવો રોલ હતો, જેના માટે ખુબ શારિરીક શક્તિની જરૂર પડે છે સાથે જ તેમાં લાગણીનું ઉંડાણ પણ જરૂરી છે. તેના માટે શ્રદ્ધાએ ઘણા મહિનાઓ સુધી તાલીમ પણ લીધી છે.

આ અંગે એક સુત્ર દ્વારા મળતી માહિતી અનુસાર, ''શ્રદ્ધા હાલ ઈઠામાં ગળાડૂબ વ્યસ્ત છે. આ રોલ થકવી દે એવો અને ભાવનાત્મક રીતે પણ ખાલી કરી દે તેવો છે. શ્રદ્ધા ગમે તેમ કરીને નિયત સમયની અંદર ફિલ્મનું શૂટ પૂરું કરવા માગે છે. મેકર્સને પણ વિશ્વાસ છે કે શ્રદ્ધા માર્ચ સુધીમાં ફિલ્મનું શૂટિંગ પરું કરી દેશે.''આ શૂટને થોડાં સમય માટે રોકવું પડ્યું હતું કારણ કે શ્રદ્ધાને ડાન્સના એક શૂટ વખતે પગમાં ઈજા થઈ હતી, જોકે તેના કારણ ફિલ્મના શીડ્યુલમાં કોઈ ખાસ અસર થઈ નથી.એવા અહેવાલ છે કે શ્રદ્ધા કપૂર ઈઠા પુરી કરીને તરત જ અલગ જોનરની ફિલ્મ નાગિન શરૂ કરશે. આ એક ફેન્ટસી ફિલ્મ છે, જેમાં શ્રદ્ધા કપૂર એક નાગિન બનશે. તેનું શૂટિંગ એપ્રિલ ૨૦૨૬થી શરૂ થશે. કેટલાંક અહેવાલો અનુસાર આ ફિલ્મ પર કામ ચાલી રહ્યું છે. હાલ ફિલ્મની ટીમ તેના વિઝ્યુઅલ ડિઝાઈન પર કામ કરી રહી છે અને કાસ્ટિંગ પણ ચાલુ છે.આ ફિલ્મ અંગે એક સુત્રએ જણાવ્યું હતું, ''નાગિન પર લાંબા સમયથી કામ ચાલી રહ્યું છે અને ટીમ ઈચ્છે છે કે વીએફએક્સ ડિઝાઈનથી લઈને કાસ્ટિંગ સુધી બધું કામ યોગ્ય રીતે જ થાય. શ્રદ્ધા આ રોલ માટે નક્કી થઈ ગઈ છે, તો હવે બીજી કાસ્ટ પણ ધીરે ધીરે નક્કી થઈ રહી છે. તેઓ એપ્રિલમાં શરૂ થઈ રહ્યું છે.'' આ એક માઈથોલોજિકલ ફિલ્મ છે, જેમાં શ્રદ્ધા કપૂર અલગ અવતારમાં જોવા મળશે.

# મહિલા પ્રીમિયર લીગનો આજથી ધમાકેદાર પ્રારંભ

## મુંબઈ ઇન્ડિયન્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર ટકરાશે, હરમનપ્રીત કૌર, સ્મૃતિ મંધાના, દીપ્તિ શર્મા અને શેફાલી વર્મા વિમેન્સ પ્રીમિયર લીગમાં ધૂમ મચાવશે

મહિલા પ્રીમિયર લીગ આજથી શરૂ થવા જઇ રહી છે. હવે લોકોનું ધ્યાન વિમેન્સ પ્રીમિયર લીગ પર રહેશે. આ ટુર્નામિન્ટ આજથી ૫ ફેબ્રુઆરી સુધી નવી મુંબઈ અને બરોડામાં રમાશે. ચાર અઠવાડિયાના હાઇ-વોલ્ટેજ ક્રિકેટમાં ૨ ૨ મેચો રમાશે.

મુંબઈ ઈન્ડિયન્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર પાસે ટાઇટલ જીતવાનો અનુભવ છે, જ્યારે દિલ્હી કેપિટલ્સ દર વખતે ફાઇનલમાં પહોંચ્યા છે પરંતુ નિષ્ફળ ગયા છે. ઉત્તર પ્રદેશ વોરિયર્સ અને ગુજરાત જાયન્ટ્સે શાનદાર પ્રદર્શન કર્યું છે પરંતુ હજુ પણ ટ્રોફીની રાહ જોઈ રહ્યા છે.

આ સીઝન પાછલી ત્રણ સિઝન કરતાં અલગ હશે. કારણ કે, ભારતીય ટીમની સફળતા બાદ, દર્શકોનો ઉત્સાહ અને ખેલાડીઓની લોકપ્રિયતા નવા સ્તરે પહોંચી છે. હરમનપ્રીત કૌર, સ્મૃતિ મંધાના, દીપ્તિ શર્મા અને શેફાલી વર્મા હવે ફક્ત ચહેરાઓ નથી, પરંતુ રાષ્ટ્રીય પ્રતિષ્ઠા છે.

આ વખતે, ભારતીય મહિલા ખેલાડીઓ દબાણ હેઠળ નહીં, પરંતુ સફળતાના આત્મવિશ્વાસ સાથે ટુર્નામેન્ટમાં પ્રવેશ કરશે.તેઓ વિશ્વ ચેમ્પિયન તરીકે પ્રવેશ કરશે અને અપેક્ષાઓ પર ખરા ઉતરવા માટે તેમના તમામ પ્રયત્નો કરશે.

જેમ ૨૦૦૭ના T20 વર્લ્ડ કપ વિજય પછી IPL એ ભારતીય પુરુષ ક્રિકેટરોનું નસીબ બદલી નાખ્યું, તેવી જ રીતે, ભારતીય મહિલા ક્રિકેટ ટીમની જીત પછી, આ લીગ હવે ખેલાડીઓની સફળતામાં વધારો કરતી જોવા મળશે.

૨૦૨૬માં ઈંગ્લેન્ડમાં યોજાનારા મહિલા T20 વર્લ્ડ કપ સાથે, મહિલા પ્રીમિયર લીગ ખેલાડીઓ માટે તાલીમનું મેદાન પણ બનશે. અહીં પ્રદર્શન, કુશળતા અને આયોજન સીધા વર્લ્ડ કપ સંયોજનોને અસર કરશે.

ગયા સિઝનમાં ક્રાંતિ ગૌડ, કાશ્વી ગૌતમ અને શ્રી ચારણી જેવી નવી પ્રતિભાઓ મળી હતી, અને આ સિઝનમાં નવા નામો ઉભરી આવે તેવી અપેક્ષા છે. તેથી, WPL હવે ફક્ત એક લીગ નથી, પરંતુ ભવિષ્યના ક્રિકેટરો વિકસાવવા માટેની ફેક્ટરી છે.

બપોરના મેચો ભારતીય સમયાનુસાર બપોરે ૩:૩૦ વાગ્યે શરૂ થશે, જ્યારે રાત્રિના મેચો ભારતીય સમયાનુસાર સાંજે ૭:૩૦ વાગ્યે શરૂ થશે.



ટોસ અડધો કલાક વહેલો થશે, એટલે કે બપોરે ૩:૩૦ વાગ્યે રમાનારી મેચ માટે ટોસ ૩:૩૦ વાગ્યે અને સાંજે ૭:૩૦ વાગ્યે રમાનારી મેચ માટે સાંજે ૭:૩૦ વાગ્યે થશે.

# રવિન્દ્ર જાડેજાની ધમાકેદાર બેટીંગ : અણનમ ફીફટી ફટકારી



અલુર (કર્ણાટક) :'બાપુ' રવીન્દ્ર જાડેજા હાલમાં ચાલી રહેલી વિજય હઝારે વન-ડે ટૂર્નામિન્ટમાં ગુરુવારે હજી બીજી જ મેચ રમ્યો અને એમાં તેણે ૧૯મી લિસ્ટ-એ હાફ સેન્ચુરી ફટકારીને સૌને રોમાંચિત કરી દીધા હતા. જાડેજાએ ગુરુવારે ૩૯ બોલમાં હાફ સેન્ચુરી પૂરી કરી હતી. એમાં ચાર ચોગ્ગા અને બે છગ્ગા સામેલ હતા. નવાઈની વાત એ છે કે મંગળવારે ૩૬ રને અણનમ રહ્યા બાદ ગુરુવારે તે બાવન રન પર અણનમ રહ્યો હતો.સૌરાષ્ટ્રની આખી ઈનિંગ્સ જબરદસ્ત હતી. જાડેજા ઉપરાંત તેના બીજા ચાર સાથી બેટ્સમેનની ઈનિંગ્સ પણ ધમાકેદાર હતી. એમાં વિશ્વરાજ જાડેજા (૧૧૨ રન, ૧૦૩ બોલ, પાંચ સિક્સર, નવ ફોર), પ્રેરક માંકડ (૮૬ રન, ૪૯ બોલ, ચાર સિક્સર, દસ ફોર), કેપ્ટન-વિકેટકીપર હાર્વિક દેસાઈ (૮૨ રન, ૮૦ બોલ, એક સિક્સર, તેર ફોર) અને ચિરાગ જાની (૪૩ રન, ૨૭ બોલ, બે સિક્સર, ત્રણ ફોર)નો સમાવેશ હતો.જાડેજાએ ચોથી વિકેટ માટે ચિરાગ જાની સાથે ૯૫ રનની ભાગીદારી કરી હતી. તેમની એ ભાગીદારીએ જ ટીમનો સ્કોર પોણાચારસોને પાર પહોંચાડ્યો હતો. સૌરાષ્ટ્રએ ૫૦ ઓવરમાં ચાર વિકેટે ૩૮૩ રન કરીને ગુજરાતને ૩૮૪ રનનો તોતિંગ લક્ષ્યાંક આપ્યો હતો.

# વડોદરામાં કોહલીએ ભરપૂર પ્રેક્ટિસ કરી



વડોદરા : આગામી ૧૧ જાન્યુઆરીના રોજ વડોદરામાં ૧૫ વર્ષ બાદ વનડે ઇન્ટરનેશનલ મેચ રમાવા જઈ રહી છે. ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચેની આ મેચ ખાસ બની રહેશે કારણકે વિરાટ કોહલી અને રોહિત શર્મા રમશે.

આ બંને દિગ્ગજ ખેલાડીઓએ અન્ય બે ફોર્મેટમાંથી નિવૃતિ લીધી છે. ત્યારે હવે માત્ર વનડે મેચ રમતા હોય તેથી તેમની જોવા પ્રેક્ષકોમાં અનેરો ઉત્સાહ છે. વિરાટ કોહલી ૭ તારીખના સીધો લંડન થી મુંબઈ થઈ વડોદરા પહોંચ્યા હતો.

ગઈકાલે તેને સ્ટેડિયમ પર જઈને પ્રેક્ટિસ શરૂ કરી હતી. કોહલી હંમેશા ફિટ રહે છે તેથી તેની રનિંગ અને જીમ સેશન તથા બેટીંગમાં ફોકસ કર્યું હતું. વિરાટને પ્રેક્ટિસ કરવામાં માટે પણ અનેક લોકો સ્ટેડિયમ પર પહોંચ્યા હતા.



વિજય હજારે ટ્રોફીમાં ગુરુવારે મુંબઈની સ્ટાર ટીમ પંજાબ સામેની મેચ હારી ગઈ, જેની તેણે ક્યારેય અપેક્ષા નહોતી રાખી. ૨૧૬ રનના લક્ષ્યનો પીછો કરતા મુંબઈને જીતવા માટે ૨૬ ઓવરમાં ચાર વિકેટ બાકી હતી અને માત્ર ચાર રનની જરૂર હતી, પરંતુ પંજાબના બોલરોએ અચાનક સ્થિતિ બદલી નાખી અને એક રનથી મેચ જીતી લીધી.

# છેલ્લી ૧૦ મેચમાં એક જ ફિફ્ટી, વર્લ્ડ કપ અગાઉ ટી-૨૦ના નંબર ૧ બેટરે ટીમ ઈન્ડિયાનું ટેન્શન વધાર્યું

ICC T20 વર્લ્ડ કપના આડે હવે એક મહિના કરતા પણ ઓછો સમય બાકી છે. આગામી સાતમી ફેબ્રુઆરીથી શરૂ થનારી આ મેગા ટૂર્નામેન્ટ માટે ભારતે પોતાની ૧૫ સભ્યોની ટીમ જાહેર કરી દીધી છે. જો કે, વર્લ્ડ કપ પહેલા આંતરરાષ્ટ્રીય સ્તરે T20ના નંબર-૧ બેટર તરીકે ઉભરી આવેલા અભિષેક શર્માનું નબળું ફોર્મ ભારતીય કેમ્પમાં ચિંતા જગાવી રહ્યું છે.

પોતાની આક્રમક બેટિંગ માટે જાણીતો અભિષેક શર્મા છેલ્લા એક મહિનાથી રન બનાવવા માટે સંઘર્ષ કરી રહ્યો છે. આંકડાઓ પર નજર કરીએ તો તેની હાલત ગંભીર જણાય છે. છેલ્લી ૧૦ ઈનિંગ્સમાં (ઘરેલું અને આંતરરાષ્ટ્રીય) તેના બેટથી માત્ર એક જ અડધી સદી નીકળી છે. તેણે છેલ્લી અડધી સદી બીજી ડિસેમ્બરે સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં ફટકારી હતી. ત્યાર બાદથી તેનું બેટ શાંત છે. દક્ષિણ આફ્રિકા સામેની પાંચ મેચની ૨૦ સીરિઝમાં તેનો સર્વોચ્ચ સ્કોર માત્ર ૩૫ રન રહ્યો હતો. તાજેતરમાં વિજય હજારે ટ્રોફીમાં મુંબઈ સામે પણ તે માત્ર ૮ રન બનાવી આઉટ થયો હતો.

વર્લ્ડ કપમાં શુભમન ગિલની ગેરહાજરીમાં ઓપનિંગની જવાબદારી અભિષેક શર્મા પર છે. કેપ્ટન સૂર્યકુમાર યાદવ પણ હાલ શ્રેષ્ઠ ફોર્મમાં નથી. તિલક વર્માની ફિટનેસ સામે શંકા છે, જ્યારે ઈશાન કિશન અને સંજુ સેમસનની બેટિંગ પોઝિશનમાં સતત ફેરફારો થઈ રહ્યા છે. એશિયા કપમાં જે ડર અભિષેકના નામે હતો, તે હવે વિરોધી ટીમોમાં ઓછો થતો જણાય છે. વર્લ્ડ કપ પહેલા ન્યુઝીલેન્ડ સામેની ૫ મેચની સીરિઝ તેના માટે ફોર્મ પરત મેળવવાની છેલ્લી તક બની રહેશે.

ભારતીય ટીમ ટૂંક સમયમાં ન્યુઝીલેન્ડ સામે પાંચ મેચની સીરિઝ રમશે, જે વર્લ્ડ કપ માટે 'વોર્મ-અપ' સમાન હશે. જો આ સીરિઝમાં અભિષેક, સૂર્યા અને અન્ય બેટર્સ લય પ્રાપ્ત નહીં કરે તો ભારત માટે વર્લ્ડ કપનું મિશન કપરૂં બની શકે છે.



# બાંગ્લાદેશે ફરી ટી-૨૦ વર્લ્ડકપ માટે કરી વિનંતી! આઈસીસીને લખ્યો પત્ર

T20 વર્લ્ડકપ ૨૦૨૬ને લઈને ચાલી રહેલો વિવાદ હજુ પણ ચાલુ છે. બાંગ્લાદેશે હવે ICC ને બીજો પત્ર લખીને પોતાની ટીમ ભારત મોકલવાની ના પાડી છે.T20 વર્લ્ડકપ ૨૦૨૬ પહેલા ભારત-બાંગ્લાદેશ ક્રિકેટ સંબંધોમાં તણાવ વધી રહ્યો છે. બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે ૮ જાન્યુઆરીએ ઈન્ટરનેશનલ ક્રિકેટ પરિષદને બીજો ઔપચારિક પત્ર મોકલ્યો, જેમાં ભારતમાં તેના ખેલાડીઓની સલામતીનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો અને T20 વર્લ્ડકપ મેચોનું સ્થળ ભારતથી શ્રીલંકામાં ખસેડવાની માગણીને પુનરાવર્તિત કરવામાં આવી.T20 વર્લ્ડકપ ૭ ફેબ્રુઆરીથી શરૂ થવાનો છે. બાંગ્લાદેશ ટુર્નામેન્ટમાં ૪ મેચ રમવાનું છે, જેમાંથી ત્રણ કોલકાતામાં અને એક મુંબઈમાં યોજાવાની છે. પરંતુ હાલના સંજોગોને જોતાં બાંગ્લાદેશે ભારતનો પ્રવાસ કરવાની ના પાડી દીધી છે.



# પાકિસ્તાનની પાયમાલીના પુરાવો : પ્રિમીયર લીગની આખી ટીમની કિંમત પંત - ઐય્યરના પગાર જેટલી

પાકિસ્તાન સુપર લીગ (પીએસએલ) એ ગુરુવારે બે નવી ફ્રેન્ચાઈઝીની સફળતાપૂર્વક જાહેરાત કરી. લીગ, જેમાં પહેલા ફક્ત ૭ ટીમો હતી, હવે આઠ ટીમો હશે. એક રિયલ એસ્ટેટ કન્સોર્ટિયમ અને યુએસ સ્થિત એવિએશન અને હેલ્થકેર ગ્રુપ બોલી પ્રક્રિયામાં વિજેતા બન્યા.

OG ડેવલપર્સે સિયાલકોટ ટીમને આશરે US6$.55 મિલિયન (આશરે રૂ.૫૮૩.૮ મિલિયન) માં ખરીદી. યુએસ સ્થિત FKS ગ્રુપે હૈદરાબાદ ટીમને US$6.2 મિલિયન (આશરે રૂ.૫૫૫.૭ મિલિયન) માં ખરીદી. બંને ફ્રેન્ચાઈઝીનું સંયુક્ત મૂલ્ય આશરે રૂ.૧૧૪ કરોડ (આશરે રૂ.૧.૧૪ બિલિયન) છે.

રસપ્રદ વાત એ છે કે, નવી પીએસએલ હૈદરાબાદ ટીમનો ખર્ચ લગભગ આઈપીએલ સ્ટાર ઋષભ પંત અને શ્રેયસ ઐયરના સંયુક્ત પગાર જેટલો છે. શ્રેયસ ઐયરનો આઈપીએલ પગાર ૨૬.૭૫ કરોડ રૂપિયા છે અને ઋષભ પંતનો આઈપીએલ પગાર ૨૭ કરોડ રૂપિયા છે.

આ કુલ ૫૩.૭૫ કરોડ રૂપિયા થાય છે, જ્યારે પીએસએલ હૈદરાબાદનો ખર્ચ ૫૫.૫૭ કરોડ રૂપિયા હતો. આનો અર્થ એ થયો કે આખી ફ્રેન્ચાઈઝીનો ખર્ચ બે ખેલાડીઓના પગાર કરતા થોડો વધારે છે.વધુમાં, બંને પીએસએલ ટીમોનો કુલ ખર્ચ (રૂ. ૧૧૪ કરોડ) આઈપીએલ ૨૦૨૬ ની હરાજીમાં ટોચના નવ ખેલાડીઓના સંયુક્ત પગાર કરતા ઓછો છે, જે રૂ. ૧૧૮ કરોડ છે. આ બંને લીગના બજેટ અને બજાર મૂલ્યમાં તફાવત દર્શાવે છે.આ ટીમોના સમાવેશ પછી, પાકિસ્તાન સુપર લીગ ૨૬ માર્ચથી આઠ ટીમો સાથે શરૂ થશે. આ સિઝનમાં મુલતાન સુલ્તાન્સનું સંચાલન પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ દ્વારા કરવામાં આવશે. એપ્રિલમાં લીગ સમાપ્ત થયા પછી સુલ્તાન્સને વેચાણ માટે મૂકવામાં આવશે.





# સમસ્ત કાચરીયા પરિવાર દ્વારા શૈક્ષણિક કીર્તિમાન સમારોહ

## સન્માન સમારંભમાં રક્તદાન કેમ્પ પણ યોજાયો

સુરત, તા.૯

સમસ્ત કાચરીયા પરિવાર દ્વારા કતારગામ મલ્ટીપર્પઝ હોલ ખાતે શૈક્ષણિક કીર્તિમાન સમારોહ અને રક્તદાન કેમ્પ યોજાયો હતો, જેમાં વર્ષ ૧૯૪૭ થી ૨૦૨૫ દરમિયાન સ્નાતક કક્ષા તથા તેનાથી ઉપરની શૈક્ષણિક લાયકાત પ્રાપ્ત કરનાર કાચરીયા પરિવારના રાજ્ય અને દેશના પ્રતિભાશાળી ડોક્ટર વકીલ, સીએ, એન્જિનિયર આર્મીમેન, પોલીસ અધિકારીઓ તથા સરકારી અધિકારીઓનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.દરેક સન્માનિત વ્યક્તિને સન્માન ભેટ અને મેડલ અર્પણ કરીને પરિવાર દ્વારા તેમની શૈક્ષણિક સિદ્ધિઓને જાહેર મંચ પર બિરદાવાઈ હતી. બાળકો માટે ચિત્ર સ્પર્ધા પણ યોજાઈ હતી, જેમાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સમાજ પ્રત્યે સેવાભાવનાને આગળ ધપાવતા આ કાર્યક્રમમાં રક્તદાન શિબિર યોજી પરિવારના રક્તદાતાઓએ ઉત્સાહથી રક્તદાન કર્યું હતું. આ ઉપરાંત, યુવાનોને ૧૩,૦૦૦ કરતાં વધુ પોલીસની ભરતી અંગે પોલીસ કોન્સ્ટેબલ સભ્યએ માર્ગદર્શન આપ્યું હતું, શૈક્ષણિક પ્રોત્સાહન, સામાજિક જવાબદારી અને રાષ્ટ્રીય ભાવ સાથે યોજાયેલા આ સમારોહમાં સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી સંબંધિત મહત્વપૂર્ણ સમજ આપવામાં આવી હતી. આ પ્રસંગે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોને સૌએ માણ્યા હતા. કાચરીયા પરિવારના દરેક સભ્યોએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

# ઉત્તર દિશાથી પવન ફૂંકાતા ઠંડીમાં વધારો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૯**

સુરતમાં ઉત્તર દિશાથી ઠંડી પવન ફૂંકાતા આજે વહેલી સવારે તાપમાનમાં ઘટાડો થતા ઠંડીમાં વધારો થયો છે. ગઈકાલ કરતા આજે સવારે તાપમાન ૦.૮ ડિગ્રી ઘટીને નોંધાયું છે. હવામાન વિભાગના સૂત્રોએ જણાવ્યા મુજબ આજે વહેલી સવારે તાપમાન ૧૫ ડિગ્રી નોંધાયું છે. જે ગઈ કાલે સવારે ૧૫.૮ ડિગ્રી હતું. છેલ્લા ૨૪ કલાકમાં મહત્તમ તાપમાન ૩૦.૬ ડિગ્રી જળવાયેલું છે. અને વાતાવરણમાં ૮૫ ટકા નોંધાયું છે. સુરતમાં ઉત્તર દિશા તરફથી ઠંડા પવન ૭ કિમીની ઝડપે ફુંકાતા ઠંડી પ્રમાણમાં થોડો વધારો થયો છે. વહેલી સવારે અને મોડી રાત્રે ઠંડીની અસર વર્તાઈ રહી છે.



# એકતા યુવક મંડળ દ્વારા ૫૦ સેફટી ગાર્ડનું વિતરણ

સુરત, તા.૯

એક્તા યુવક મંડળ દ્વારા ગરદન સેફ્ટી ગાર્ડ ૫૦૦ થી વધુ વિતરણ કરવામાં આવ્યું છે સર્કલ -૫ રિઝન્ટ-૨ પી. આઈ. J. સોલંકી સાહેબ ના શુભ હસ્તે બાઈકો ઉપર લગાવામાં આવ્યા હતા એક્તા યુવક મંડળ ની ટીમ વાહનો ઉપર ગાડ ફીટ કરતા નજરે પડે છે એસ. આઈ. મુકેશ ભાઈ ,મણીલાલ ભાઈ, ટી આર બી ના જવાનો શાહીદ ભાઈ, હસેન ભાઈ , વાજીદ ભાઈ,રઈસ દાદા ,જાવીદ સર, મેહમુદ ભાઈ, ક્યુમ ભાઈ, ખલીલ ટી, સેયદ વસીમ ભાઈ, સૈય્યદ સલ્લાઉદીન સર ,એકતા યુવક મંડળ ના પ્રમુખ હાજી જબ્બાર ખાન એ આ કાર્યક્રમ ને સફળ બનાવવા ભારી જેહમત ઉપાડી હતી.

# વહેલા નિદાનથી કેન્સરને ચોક્કસ માત આપી શકાય છે : ડો. ડિમ્પલ

## ચેમ્બર દ્વારા 'કેન્સર જાગૃતિ અને નિવારણ' વિષય પર સત્ર યોજાયું



સુરત, તા.૯

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા કેન્સર જાગૃતિ અને કેન્સર નિવારણ વિષય પર એક રસપ્રદ અને માહિતીસભર સત્ર તારીખ ૦૪ January ૨૦૨૬ ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે, સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે યોજાયું હતું, જેમાં પી.પી. માણિયા હૉસ્પિટલના જાણીતા રેડિયેશન ઓન્કોલોજિસ્ટ Dr. Dimpal Gadhesariyaએ વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બરની ઈન્ડસ્ટ્રીયલ વર્કર્સ હેલ્થ કમિટીના ચેરમેન ડૉ. જગદીશ વઘાસિયાએ સ્વાગત સંબોધનમાં કહ્યું કે, કેન્સર થાય એટલે આખો પરિવાર બરબાદ થતો હોય છે. પરિવાર, સમાજ અને રાષ્ટ્ર સ્વસ્થ રહે એ માટે કેન્સર અટકાયતના પ્રયાસો જરૂરી છે.Dr. Dimpal Gadhesariyaએ કેન્સર શું છે એ સમજાવ્યું હતું અને તેને લગતી ગેરમાન્યતાઓ અને હકીકતો વિશે વિગતે ફોડ પાડતા કહ્યું કે રેડિયેશન બાબતે, કેન્સર બાબતે જાગૃતિની ખૂબ જ જરૂર છે. સમાજ માને છે કે કેન્સર થાય પછી કોઇ ઉપાય કે ઉકેલ નથી. કેન્સર એટલે કેન્સલ. જો કે હવે એવું નથી. કેન્સર સ્ક્રિનિંગ ખૂબ જ જરૂરી છે. વહેલું નિદાન કરવાથી કેન્સરને હરાવી શકાય છે. કેન્સર એ ચેપી રોગ નથી. તેમણે કહ્યું કે રેડિયેશન થેરાપી માણસને મારી નાખે છે એવી ગેરમાન્યતા છે, હકીકતમાં તે કેન્સરને દૂર કરી માણસને જીવાડવા માટે છે. ફેમિલી હિસ્ટ્રી ન હોય તો કેન્સર નહીં થાય એવી માન્યતા પણ ભૂલભરેલી છે.

કેન્સર ગમે તેને થઈ શકે છે. બાયોપ્સીથી કેન્સર ફેલાય છે એવી ગેરમાન્યતાનું ખંડન કરતા તેમણે કહ્યું કે એ એક સિમ્પલ પ્રોસિજર છે, એનાથી કેન્સર ફેલાતું હોવાના કોઇ પુરાવા નથી. તેમણે કહ્યું કે ૮૦ ટકા ગાંઠ કેન્સર નથી હોતી. કેન્સર ખાંડ પર નભે છે એ પણ તદ્દન ખોટી ગેરમાન્યતા છે. સુગર બંધ કરવાથી કેન્સર મટે એવું નથી. કેન્સરની ગાંઠ ચોથા સ્ટેજ સુધી ન પહોંચે ત્યાં સુધી દુઃખાવો થતી નથી એટલે ઘણી વાર દર્દી ડૉક્ટર પાસે જતો નથી. ફેંફસાનું કેન્સર ધુમ્રપાન કરનારને જ થાય એવું પણ નથી.

તેમણે ભારતમાં અને ગુજરાતમાં વધતા જતા કેન્સરના કેસો વિશે પણ પ્રકાશ પાડ્યો હતો અને કહ્યું કે હેડ એન્ડ નેક કેન્સરમાં ગુજરાત પ્રથમ ક્રમે છે એનું કારણ તમાકુ છે. દર આઠ મિનિટે દેશમાં એક મૃત્યુ સ્તન કેન્સરને લીધે થાય છે. તેમણે સ્મોકિંગ ઉપરાંત સ્થૂળતા અને બેઠાડું જીવનને લીધે થતાં કેન્સર વિશે પણ માહિતી આપી હતી અને કહ્યું કે કોઇ પણ ચાંદુ ૧૫ દિવસમાં ન મટે તો તરત ડૉક્ટર પાસે જવાની જરૂર છે. સ્ક્રિનિંગ ટેસ્ટ, લાઈફ સ્ટાઈલમાં ફેરફારો, વેક્સિન અને હેલ્ધી ડાયેટથી કેન્સર અટકાવી શકાય છે. ચેમ્બરની પબ્લિક હેલ્થ કમિટીના કો-ચેરપર્સન ડૉ. સોનિયા ચંદાણીએ મુખ્ય વક્તાનો વિશેષ પરિચય આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ પબ્લિક હેલ્થ કમિટીના કો-ચેરમેન ડૉ. રાજન દેસાઈએ કરી હતી.



# 'સોમનાથ સ્વાભિમાન પર્વ' ભારતના અખંડ સ્વાભિમાનની અભિવ્યક્તિ

## નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ સુરત રેલવે સ્ટેશનથી સુરત જિલ્લાના ૧૩૦૦ જેટલા શ્રદ્ધાળુઓની સુરત-વેરાવળ સ્પેશ્યલ ટ્રેનને ફલેગઓફ આપી પ્રસ્થાન કરાવ્યું

સુરત તા.૯

ભારતની પ્રાચીન સંસ્કૃતિ, આધ્યાત્મિક પરંપરા અને રાષ્ટ્રીય ગૌરવનું જીવંત કેન્દ્ર એવા સોમનાથ મંદિર ખાતે આયોજિત સોમનાથ સ્વાભિમાન પર્વનો ભવ્ય પ્રારંભ થયો છે ત્યારે હજારો શ્રદ્ધાળુઓ દેશભરમાંથી સોમનાથ દાદાના દર્શનાર્થે જઈ રહ્યા છે. આજ રોજ સુરત રેલ્વે સ્ટેશનથી સુરત અને વેરાવળની સ્પેશિયલ ટ્રેનને નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ ફલેગઓફ આપી પ્રસ્થાન કરાવ્યું હતું.

'ભારત માતા કી જય, હર હર મહાદેવ, ઓમ નમઃશિવાય'ના નાદ સાથે સુરત જિલ્લાના ૧૩૦૦ જેટલા વડીલો, યુવાનો સહિતના શ્રદ્ધાળુઓ સાથેની ટ્રેનને રવાના કરાઈ હતી. નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સોમનાથ સ્વાભિમાન પર્વ એ ભારતના સ્વાભિમાન, ઐતિહાસિક ધરોહર અને સાંસ્કૃતિક પુર્નઉત્થાનનો સશક્ત અભિવ્યક્તિરૂપ કાર્યક્રમ છે. જેમાં ભાગ લેવા માટે દેશભરમાંથી લાખો શ્રદ્ધાળુઓ સોમનાથ પધારી રહ્યા છે. ૭૨ કલાકના સામુહિક ઓમકાર નાદ સાથે શિવમંદિરો ગુંજી રહ્યા છે. ઋષિકુમારોના શંખનાદ અને સંતોના સાન્નિધ્યમાં ઓમ નમઃશિવાયના જાપ સોમનાથ મંદિરમાં થઈ રહ્યા છે એમ જણાવી નાયબ મુખ્યમંત્રીએ સૌ યાત્રાળુઓને શુભકામનાઓ પાઠવી હતી.

આ વેળાએ મેયર દક્ષેશભાઈ માવાણી, જિલ્લા કલેકટર ડો.સૌરભ પારધી, પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌત, અગ્રણી ઝંખનાબેન પટેલ, વી.ડી.ઝાલાવાડીયા, અનિલકુમાર શુકલા તથા અન્ય પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

નોંધનીય છે કે, સોમનાથ પર ગઝનવીના આક્રમણના ૧૦૦૦ વર્ષ અને મંદિર જીર્ણોદ્ધારના ૭૫ વર્ષનો સુભગ સમન્વય સધાયો છે ત્યારે 'સોમનાથ સ્વાભિમાન પર્વ' અંતર્ગત તા.૦૮, ૦૯ અને તા.૧૦ દરમિયાન ત્રિદિવસીય મહોત્સવમાં રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો સહિત શોર્ય યાત્રાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી આગામી તા.૧૧ જાન્યુ.એસોમનાથ મંદિર ખાતે સોમનાથ સ્વાભિમાન પર્વમાં સહભાગી થશે.



સમસ્ત બૌદ્ધ ડો આંબેડકરી સમાજ સુરત શહેર દ્વારા જાતિવાદી માનસિકતા ધરાવતા,ડો બાબાસાહેબ આંબેડકર ના ફોટો સળગાવી અપમાન કરતા એડવોકેટ અનિલ મિશ્રા ના વિરોધ માં સુરત કલેક્ટર કચેરી ખાતે આવેદન પત્ર આપી સુત્રોચાર કયા હતા

### યુક્રેનમાં

પહેલા પાનાનું ચાલુ

અગાઉ જો યુદ્ધ વિરામ થાય તો યુક્રેનમાં યુરોપના સંમતી શાંતિરક્ષક દળ પણ મુકવાની દરખાસ્ત હતી પણ રશિયાએ જાહેર કર્યુ છે કે તે નાટો દળને શાંતિરક્ષક દળ તરીકે સ્વીકારતા નથી અને તે રશિયન હુમલાનું નિશાન બની શકે છે અને આ પ્રકારના કોઈપણ વલણને રશિયા સામેના યુદ્ધ તરીકે ગણાશે.

### હવે સ્લીપર

પહેલા પાનાનું ચાલુ

લગાવવાનો જ છે. આ માટે મંત્રાલય તરફથી રાજસ્થાન સરકારને પત્ર લખીને પૂછવામાં આવ્યું છે કે તે એ બતાવે કે આ દુર્ઘટનાઓ માટે કોણ કોણ જવાબદાર છે.તેમાં કયા કયા સ્તરે લાપરવાહી વર્તાવામાં આવી અમે ભૂલ કરનાર અધિકારીઓને માફ નહી કરીએ. હવે આવા જે પણ મામલા આવશે, તેમાં જવાબદાર અધિકારીઓ સામે સખ્ત પગલા લેવામાં આવશે. ગડકરીએ કહ્યું હતું કે, ગાડીઓની પરસ્પર ટકકર રોકવા માટે વી ટુ વી (વ્હીકલ ટુ વ્હીકલ) સિક્યોરીટી ફીચર પર કામ થઈ રહ્યું છે. આ ટેકનિકલથી કારોમાં પરસ્પર વાયરલેસની ટેકનીકથી વાત કરવા અને સ્પીડ અચાનક બ્રેક લગાવવા ઉભી ગાડી અને ગાડીના લોકેશન દેવા જેવી રિયલ ટાઈમ જાણકારી શેર કરે છે. તેને અમેરિકા, યુરોપ, જાપાન અને ચીન ચેવા દેશોમાં નવી કારોમાં લગાવવા માટે ટ્રાયલ કરવામાં આવી રહી છે.ગડકરીએ જાહેરાત કરી હતી કે દેશમાં પ્રાઈવેટ બસ વેન્ડર સ્લીપર બસ નહીં બનાવી શકે. રાજસ્થાન અને અન્ય રાજયોમાં સ્લીપર બસોમાં આગથી મોતના મામલામાં મોટા સ્તરે લાપરવાહીઓ બહાર આવી છે. બસ બનાવનાર પ્રાઈવેટ બસ બોડી બિલ્ડરોએ તેને બનાવવામાં સુરક્ષાના ધોરણો નેવે મુકયા છે.

આ સ્થિતિમાં નિયમોને રિવાઈઝ કરી પ્રાઈવેટ બસ વેન્ડરો પાસેથી બસ બનાવવાના રાઈટ સમાપ્ત કરી દીધા છે. આ બસોને ચેસીસ કંપનીઓ જ બનાવશે.

### સુપ્રિમ કોર્ટમાં

પહેલા પાનાનું ચાલુ

અમને ઈન્ફ્રાસ્ટ્રક્ચરની જરૂર છે.આ પહેલા સુનાવણી દરમિયાન એનિમલ વેલફેર તરફથી દલીલ કરી રહેલા એડવોકેટ સીયુ સિંહે કૂતરાઓને હટાવવા કે શેલ્ટર હોમ મોકલવા પર વાંધો ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું કે કૂતરાઓને હટાવવાથી ઉંદરોની વસ્તી વધશે. આના પર કોર્ટે મજાકિયા અંદાજમાં કહ્યું- તો શું બિલાડીઓ લાવીએ?

### લેન્ડ ફોર

પહેલા પાનાનું ચાલુ

છે. આના આધારે હવે તેમની વિરુદ્ધ આ કેસનો ટ્રાયલ ચાલશે. ટ્રાયલમાં દલીલો થશે અને ત્યારબાદ તેના પર અંતિમ ચુકાદો સંભળાવવામાં આવશે.આરજેડી સુપ્રીમો લાલુ યાદવ નીચલી અદાલતના નિર્ણય વિરુદ્ધ ઉચ્ચ અદાલતમાં અપીલ કરી શકે છે.સુનાવણી દરમિયાન CBIએ કોર્ટમાં એક ચકાસણી રિપોર્ટ રજૂ કર્યો, જેમાં જણાવાયું કે ચાર્જશીટમાં નામજોગ ૧૦૩ આરોપીઓમાંથી પાંચનું મૃત્યુ થઈ ચૂક્યું છે.

તપાસ એજન્સીએ લાલુ પ્રસાદ યાદવ, તેમની પત્ની અને બિહારના પૂર્વ મુખ્યમંત્રી રાબડી દેવી, તેમના પુત્ર અને પૂર્વ નાયબ મુખ્યમંત્રી તેજસ્વી યાદવ સહિત અન્ય લોકો વિરુદ્ધ ચાર્જશીટ રજુ કરી છે.

### ભારત જર્મની સાથે

પહેલા પાનાનું ચાલુ

ભારત વચ્ચે મુક્ત વેપાર કરાર પર વ્યાપક વાટાઘાટોને ઝડપી બનાવવા માટે પણ કરશે. જર્મન કંપનીઓના ઘણા સીઈઓ પણ આવી રહ્યા છે.

હિંદ મહાસાગરમાં દેખરેખ મજબૂત બનાવવામાં આવશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, નવી સબમરીન હવાથી સ્વતંત્ર પ્રોપલ્શન સિસ્ટમથી સજ્જ હશે. આનાથી તેમની સહનશક્તિ વધશે અને ડીઝલ-ઈલેક્ટ્રિક પ્રોપલ્શન સિસ્ટમ કરતાં તેમને લાંબા સમય સુધી પાણીની અંદર રહેવાની મંજૂરી મળશે. આ સબમરીન હિંદ મહાસાગર ક્ષેત્રના વિશાળ પાણીમાં દેખરેખ ક્ષમતામાં વધારો કરશે, કારણ કે ચીન ત્યાં તેની હાજરીનો વિસ્તાર કરી રહ્યું છે.

ભારત-EU મુક્ત વેપાર કરાર પર પણ ચર્ચા થશે. જર્મન સરકારના પ્રવક્તાએ જણાવ્યું હતું કે જર્મન ચાન્સેલર ફ્રેડરિક મેર્ઝ સોમવારે ગુજરાતમાં પીએમ મોદી સાથે મુલાકાત કરશે. બંને નેતાઓની વાતચીતમાં ભારત-ઈ મુક્ત વેપાર કરાર પર પણ ચર્ચા થશે. જર્મન ચાન્સેલર સાથે અનેક જર્મન કંપનીઓના CEO પણ રહેશે.

### અમેરિકાએ પકડેલા

પહેલા પાનાનું ચાલુ

કરવામાં આવે અને તેમને સુરક્ષિત ઘરે પાછા ફરવા દેવામાં આવે.

ચીને પણ અમેરિકાની આ કાર્યવાહીની ટીકા કરી છે. ચીનના વિદેશ મંત્રાલયે કહ્યું કે તે સંયુક્ત રાષ્ટ્રની પરવાનગી વિના લાદવામાં આવેલા એકતરફી પ્રતિબંધોની વિરુદ્ધ છે. ઓસ્ટ્રિયાના પૂર્વ વિદેશ મંત્રી અને અમેરિકાના એક પૂર્વ સૈન્ય અધિકારીએ પણ આ કાર્યવાહીને આંતરરાષ્ટ્રીય કાયદાની વિરુદ્ધ ગણાવી છે.

જ્યારે, અમેરિકાની યુરોપિયન મિલિટરી કમાન્ડે કહ્યું કે આ ટેન્કરને અમેરિકી ફેડરલ કોર્ટના આદેશ પર પકડવામાં આવ્યું હતું. અમેરિકી કોસ્ટ ગાર્ડ લાંબા સમયથી આ જહાજ પર નજર રાખી રહ્યું હતું. અમેરિકાનો દાવો છે કે જહાજ જાણી જોઈને તેમનાથી બચતું રહ્યું.

### ઈરાનના ૧૦૦

પહેલા પાનાનું ચાલુ

તરફ, સરકારી મીડિયાનું કહેવું છે કે ૫ સુરક્ષાકર્મીઓ પણ માર્યા ગયા અને સેંકડો પોલીસકર્મીઓ ઘાયલ થયા.

તેહરાનમાં બજારો બંધ રહ્યા, વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી કેમ્પસ પર કબજો કર્યો. આના તરત જ પછી સરકારે સમગ્ર દેશમાં ઈન્ટરનેટ અને ફોન લાઇન કાપી નાખી, જેને ઈન્ટરનેટ વોચડોગ નેટબ્લોક્સે હિંસક દમનની તૈયારી ગણાવી. તેમ છતાં કેટલાક લોકો સ્ટારલિંક જેવી પદ્ધતિઓથી વીડિયો પોસ્ટ કરી રહ્યા છે.

ગુરુવારે પ્રદર્શનો વધુ તીવ્ર બન્યા જ્યારે દેશનિકાલ કરાયેલા રાજકુમાર રેઝા પહેલવીએ લોકોને રસ્તાઓ પર ઉતરવા અપીલ કરી. રેઝા પહેલવી ઈરાનના છેલ્લા શાહ મોહમ્મદ રેઝા પહેલવીના પુત્ર છે. તેમના પિતા ૧૯૭૯ની ઈસ્લામિક ક્રાંતિ દરમિયાન સત્તા પરથી હટાવવામાં આવ્યા હતા. યુવરાજ પહેલવી હાલમાં અમેરિકામાં રહી રહ્યા છે.

### આદેશ વિના

પહેલા પાનાનું ચાલુ

૧૯૫૧ના એક જૂના સંરક્ષણ કરાર હેઠળ અમેરિકાને પહેલેથી જ ગ્રીનલેન્ડમાં ઘણી છૂટછાટ મળેલી છે. આ કરાર અમેરિકા અને ડેનમાર્ક વચ્ચે થયો હતો.

કોપનહેગનમાં સ્થિત ડેનિશ ઇન્સ્ટિટ્યૂટ ફોર ઈન્ટરનેશનલ સ્ટડીઝના સંશોધક મિકેલ રુંગે ઓલેસને દ્રરૂ ને જણાવ્યું કે અમેરિકા પાસે ગ્રીનલેન્ડમાં એટલી સ્વતંત્રતા છે કે તે ત્યાં લગભગ જે ઇચ્છે તે કરી શકે છે.

તેમણે કહ્યું, "જો અમેરિકા સારી રીતે વાત કરે, તો તેને લગભગ બધું જ મળી શકે છે." પરંતુ ગ્રીનલેન્ડને ખરીદવું એ સંપૂર્ણપણે અલગ બાબત છે, કારણ કે ગ્રીનલેન્ડના લોકો તેને વેચવાના વિરોધમાં છે. ડેનમાર્ક પાસે તેને વેચવાનો અધિકાર નથી.

### પીએમ સ્વનિધિ

પેજ-૨ પાનાનું ચાલુ

૯૧૧૬૪ લાભાર્થીઓને રૂ.૯૧.૬૭કરોડ, બીજા તબક્કામાં ૩૨૩૫૯ લાભાર્થીઓને રૂ.૬૫.૯૫ કરોડ, ત્રીજા તબક્કામાં ૮૮૪૭લાભાર્થીઓને રૂ.૪૪.૧૯ કરોડ મળી કુલ- ૧૩૨૩૭૦ લાભાર્થીઓને કુલ રૂ.૨૦૧.૮૧ કરોડ બેંક મારફતે લોન ચુકવણી કરવામાં આવીછે. સરકાર દ્વારા યોજનાનાલાભાર્થીઓને આજ સુધી કુલ રૂ.૬.૩૨ કરોડ વ્યાજ સબસિડી બેંક ખાતામાં જમા કરાઈછે,તેમજ શહેરી ફેરીયાઓને ડિજીટલ ટ્રાન્ઝેક્શન ઈન્સેન્ટીવ પેટે રૂ. ૪.૮૨કરોડની ચુકવણી કરવામાં આવી છે.

### સિધ્ધનાથ

પેજ-૨ પાનાનું ચાલુ

નિઃશુક્લ સર્વરોગ નિદાન કેમ્પ અને રક્તદાન કરવા માટે નું શ્રી સિધ્ધનાથ પેટ્રોલિયમ નાં માલિક સંજયભાઈ પટેલ અને દીપકભાઈ પટેલ આહવાન કરવામાં આવે છે.કેમ્પ નું સ્થળ શ્રી સિધ્ધનાથ પેટ્રોલિયમ મુપો.અંભેટા ગામ નાં પાટિયા નજીક દાંડી રોડ

### ઉતરાયણ પર્વ

પેજ-૨ પાનાનું ચાલુ

દીધું છે.પતંગો સાથે દોરાની ખરીદી પણ પુરજોશમાં ચાલી રહી છે. બજારમાં સાદા સુતરાઉ દોરા ઉપરાંત રંગીન અને મંજાયેલા દોરાની ખાસ માંગ છે. ઉતરાયણ પૂર્વે દોરા મંજાવવાની પરંપરા મુજબ શહેરના અનેક વિસ્તારોમાં ઠેર ઠેર ચરખાઓ ફરતા જોવા મળી રહ્યા છે. યુવકો તેમજ અનુભવી કારગરો દ્વારા કલાકો સુધી દોરા મંજાવવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

પરંતુ આ વચ્ચે ગંભીર ચિંતા જનક બાબત પણ સામે આવી રહી છે. કેટલાક સ્થળોએ ધારદાર દોરી તૈયાર કરવા માટે કાચના પાઉડરનો ઉપયોગ થતો હોવાની માહિતી મળી રહી છે. સરકાર દ્વારા કાચમંજા દોરા પર સંપૂર્ણ પ્રતિબંધ હોવા છતાં છૂપા રૂપે આવા દોરા તૈયાર થતા હોવાની ફરિયાદો વધી રહી છે. આવી ધારદાર દોરીથી પક્ષીઓના ગળા કપાવાની ઘટનાઓ, બાઈકચાલકોને ગંભીર ઈજાઓ તેમજ બાળકોને નુકસાન થવાના બનાવો અગાઉ સામે આવી ચૂક્યા છે.આ સંદર્ભે સ્થાનિક પ્રશાસન અને પોલીસ વિભાગ સતર્ક બન્યો છે. પ્રતિબંધિત દોરાની વેચાણ અને ઉપયોગ સામે કડક કાર્યવાહી કરવાની ચેતવણી આપવામાં આવી છે. સાથે સાથે નાગરિકોને સુરક્ષિત, નાયલોનમુક્ત અને પર્યાવરણમૈત્રી દોરાનો જ ઉપયોગ કરવા અપીલ કરવામાં આવી છે. સામાજિક સંસ્થાઓ દ્વારા પણ લોકોને સમજાવવા માટે જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવી રહ્યા છે.

ઉતરાયણ માત્ર પતંગ ઉડાવવાનો તહેવાર નથી પરંતુ આનંદ, પરંપરા અને સમરસતાનો પર્વ છે. આ પર્વ દરમિયાન સુરક્ષા, માનવજીવન અને પર્યાવરણની સંવેદનશીલતાનું ધ્યાન રાખીને ઉજવણી કરવામાં આવે તો જ ઉતરાયણનો સાચો આનંદ માણી શકાય, તેવી લાગણી નાગરિકોમાં વ્યક્ત થઈ રહી છે.

### એસઆઈઆરની

પેજ-૨ પાનાનું ચાલુ

જરૂરી દસ્તાવેજો સાથે બોલાવવામાં આવી રહ્યાં છે.

આ મામલે સંતોષ પાટીલે ઉમેર્યું હતું કે એક વાર નામ આવી ગયા પછી મતદારોએ હાશકારો લઈ લીધો છે એટલે ડ્રાફ્ટ યાદીની હકીકત સામાન્ય જનતા સુધી પ્રમુખતાથી પહોંચે તેવી વ્યવસ્થા ગોઠવવા પર ભાર આપ્યો હતો જેને પગલે સ્પેશિયલ સચિવ એશ્વર્યા સિંગે કલેક્ટરને આદેશ આપી ડ્રાફ્ટ યાદી અંગે જનતામાં ખુલાસો કરવા આદેશ આપ્યો હતો.

આ સાથે જ કોંગ્રેસના પ્રતિનિધ મુસદ્દીક કાનુન્ગોએ બિહારના એસઆઈઆર મુદ્દાને ઉઠાવ્યો હતો કે તાજેતરમાં બિહાર વિધાનસભાની સામાન્ય ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થઈ ચુકી છે. ગુજરાતમાં અને ખાસ કરીને સુરતમાં અંદાજિત ૭ લાખ જેટલા બિહારના લોકો વસવાટ કરે છે. એકવાર બિહારમાં મત આપી આવ્યા પછી ગુજરાતમાં ફરીથી નામની નોંધણી કરાવે અથવા તો ટ્રાન્સફર કરાવે તો તાજેતરમાં આવનારી મહાનગર પાલિકા તેમજ ૨૦૨૭માં ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં પણ તેઓ મત આપી શકે એમ હોવાથી આ માટે સ્ટાન્ડર્ડ પ્રક્રિયા કે નિયમો લાગુ કરવામાં આવ્યા છે કે નહી? આ મુદ્દે કલેક્ટર તેમજ સ્પેશિયલ સચિવ યોગ્ય ખુલાસો આપી શક્યા ન હતા પરંતુ તેમણે જણાવ્યું હતું કે આવો કોઈ નિયમ લાગુ નથી જેથી એક મતદારને બીજા સ્થળે સરનામું બદલતા અટકાવવામાં આવે.

### ડ્રેનેજમાં ઝેરી

પેજ-૨ પાનાનું ચાલુ

આ સમગ્ર પ્રકરણમા પર્યાવરણીય કાયદાના ઉલ્લંઘનોની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, GPCB ગાંધીનગર દ્વારા M/s: Uma Enterprise, અને M/s: Maa Enterprise, Bamroli-Surat અને સાથે સાથે પ્રકરણમા સંડોવાયેલ M/s: OM CHLORIDE, GIDC-PANOLI (અંકલેશ્વર) અને M/s: OPJ CHEM PVT. LTD., GIDC-Dahej એમ તમામ એકમોને Water Act, ૧૯૭૪ હેઠળ કલમ -૩૩-૭ અન્વયે Closure Direction with immediate effect (તાત્કાલિક અસરથી એકમની ઉત્પાદન પ્રક્રિયા બંધ કરવા) અંગે ક્લોઝર હુકમ કરવામા આવ્યા છે.

સદર Closure Direction અન્વયે જે તે Authroity ને વીજળી અને પાણી પુરવઠો કાપી નાખવાનો આદેશ આપવામાં આવ્યો.

દરેક એકમો સામે પર્યાવરણીય નુકસાન વળતર (EDC) ની કાર્યવાહી શરૂ કરવામાં આવી અને બેંક ગેરંટી જેવી કાર્યવાહીનો સમાવેશ થાય છે. જયારે બેંક ગેરેન્ટી પણ જમા કરાવવા આદેશ કરાયો છે.

વધુમાં GPCB દ્વારા બંને એકમો M/s: Uma Enterprise, Bamroli-Surat અને M/s: Maa Enterprise, Bamroli-Surat ને સંયુક્ત રીતે પર્યાવરણીય નુકસાન વળતર (EDC) અંતર્ગત રૂપિયા ૨૫ લાખનો દંડ ફટકારવામા આવ્યો હોવાની પણ વિગત બહાર આવી છે.

તે ઉપરાંત, બોર્ડ દ્વારા સદર કૌભાંડમાં સંડોવાયેલા બંને ટેન્કરોના રજીસ્ટ્રેશન રદ્દ કરવા અંગે ઈ વિભાગને પણ સુચના આપવામાં આવેલ છે, તથા સદર બંને એકમોનાં પાણી સપ્લાય અને ડ્રેનેજ કનેકશન કાપી નાખવા માટે પણ સુરત મહાનગરપાલિકાને પણ સુચના આપવામાં આવેલ છે.

છેલ્લા પાનાનું ચાલુ

### વાંસદામાંથી

દુષ્કર્મ આચરીને બાદમાં ઘરે મૂકી ગયા હતા. બીજા દિવસે માતાએ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તાત્કાલિત અલગ-અલગ ટીમો બનાવીને તમામ આરોપીઓને ઝડપી લીધા છે. હાલ આગળની તપાસ આજે બપોર બાદ તમામ આરોપીને વાંસદા કોર્ટમાં રજુ કરીને રીમાન્ડની માગણી કરવામાં આવશે. આરોપીઓ પૈકી એક જુવેનાઈલ છે. જયારે બાકીના આરોપીઓની ઉંમર ૧૯ થી ૨૦ વર્ષ છે.

### રૂા.૮ કરોડના

એપીપી રાજેશ ડોબરીયા તેમજ મૂળ ફરિયાદી તરફે વકીલ નરેશ સોરઠીયાએ જામીન અરજીનો વિરોધ કર્યો હતો. મૂળો ફરિયાદી તરફે વકીલ વિશાલ લાઠીયા પણ હાજર રહ્યા હતા. કોર્ટે આરોપીના જામીન નકારી કાઢ્યા હતા

### તાપી જિલ્લાના

કાફલા સાથે ત્યાં ધસી ગયા હતા. પોલીસે તાત્કાલિક બળપ્રયોગ વાપરી ૧૨ લોકોની અટકાયત કરી હતી. આજે બીજા દિવસે અજંપાભરી શાંતિ વિસ્તારમાં જોવા મળી છે. પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવાયો છે.

### રૂા.૨૦ લાખના

કર્યો હતો. આ હુકમથી નારાજ થઈ મયુર મહેતાએ સેશન્સ કોર્ટમાં અપીલ કરી હતી. સેશન્સ કોર્ટે એડવોકેટ યોગેશ કે.જોગાણીએ તકરારી ચેકને લગતા પુરાવા પેઢીની વિગતો કોર્ટ સમક્ષ રજુ કરી દલીલો કરી હતી. દલીલો બાદ કોર્ટે ટ્રાયલ કોર્ટના હુકમને કાયમ રાખી અપીલ રદ કરતો હુકમ કર્યો હતો.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
શુક્રવાર, તા.૦૯ જાન્યુઆરી ૨૦૨૬ | E-mail : pratap_darpan@yahoo.co.in | મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

# કીડિયા ટાપુ પર ૧૦૦ ઝિંગાના તળાવોનો ધમધમાટ

## ડિઝલ ચોરી કૌભાંડ પકડવા ગયેલી પોલીસને સરકારી ટાપુ ગેરકાયદે કબજો નજરે પડ્યો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૯**

ડુમસના દરિયાની મધ્યમાં આવેલા પાંચ કિમીના ટાપુ પર અનેક ગેરકાયદે ઝિંગા તળાવો ધમધમતા હોવાનો ખુલાસો થતા સરકારી જમીન પર ગેરકાયદે કબજાના મુદ્દે ભારે ચર્ચાસ્પદ બન્યો છે.

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર અજીત પટેલના ડીઝલ ચોરીના કૌભાંડ બાદ કીડિયા ટાપુ પર ચાલતા અનેક અન્ય કોભાંડો પણ સામે આવ્યા છે. જેમાં પણ ખાસ કરીને કીડિયા ટાપુ ઉપર ગેરકાયદે તાણીદેવાયેલા ઝીંગા તળાવ હોવાનું સામે આવ્યું છે. મોટા માથાઓ ગેરકાયદે ઝીંગા તળાવનો મામલો દબાવવા સતત પ્રયાસો કરી રહ્યા છે. સરકારી વિભાગ ગેરકાયદે ઝીંગાતળાવ મુદ્દે એકશનમાં આવે તેવી માગ પણ ઉઠી રહી છે. SOGએ ડીઝલ ચોરીના મોટા રેકેટનો પર્દાફાશ કર્યા બાદ કરાયેલી તપાસમાં તાપી નદીની મધ્યે કીડિયા ટાપુ પર ગેરકાયદે ઝીંગાતળાવોની ભરમાર જોવા મળી હતી. ૫ કિમીના ઘેરાવના ટાપુ પર ડીઝલ માફિયાઓએ ૧૦૦ જેટલાં ઝીંગાતળાવો બનાવી દીધા હોવાનો પણ ઘટસ્ફોટ થયો હતો. સરકારી જગ્યા પર ગેરકાયદે કબ્જો કરી અંધારામાં જનરેટર ચલાવી અહીં કરોડોનો કાળો કારોબાર કાંઠાનો અજીત અને તેની મંડળી ચલાવી રહી હોવાનો પણ ખુલાસો થયો છે. વર્ષોથી એકહથ્થુ શાસન ચલાવતા આ કૌભાંડીઓ કોના છૂપા આશિર્વાદથી બેફામ બન્યા છે? તે મુદ્દો ચર્ચા સાથે તપાસનો વિષય બન્યો છે.

## એસઓજી પોલીસ ટાપુ પર ડ્રોન કેમેરાથી તપાસ કરશે

### પંચનામુ કરવા પોલીસ ઘટના સ્થળે જશે

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૯**

સુરત તાપી નદીના મધ્યે કીડીયા ટાપુ ઉપર આજે સુરત એસઓજી દ્વારા ડ્રોન કેમેરા થી તપાસ કરવામાં આવશે તેવુ જાણવા મળ્યું છે. ત્યાં ચોરી કરેલા ડીઝલ બેરલો હજુ પણ હોવાની શક્યતા સાથે ડ્રોન કેમેરાથી તપાસ કરવામાં આવશે. તદુપરાંત માસ્ટર માઈન્ડ અજીત પટેલ અને તેના સાગરીતો સામે ડીઝલ ચોરીના મજબૂત પુરાવા એકત્ર કરવા એસઓજી દ્વારા આજે ઘટના સ્થળનું પંચનામુ કરવામાં આવશે તેવું પણ સૂત્રોએ જણાવ્યું હતું.

સુરત સહિત સમગ્ર ગુજરાતમાં ચર્ચાએ ચગેલા ડીઝલ ચોરી કૌભાંડમાં સુરત પોલીસ દ્વારા કડકાઈ પૂર્વક આગળની તપાસનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. અત્યાર સુધી પોતાના આકાઓની મહેરબાનીથી છટકી જતા ડીઝલ ચોરી કોભાંડના માસ્ટર માઈન્ડ અજીત પટેલ અને તેની ટોળકી વિરુદ્ધ સુરત એસઓજીએ ગુનો નોંધી તેઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન શરૂ કર્યા છે. આ આરોપીઓ વિરુદ્ધ મજબૂત પુરાવા એકત્ર કરવા પણ એસઓજી પોલીસએ કમરકસી છે. આજે એસ ઓ જી પોલીસ દ્વારા જ્યાં ડીઝલ ચોરીનું કૌભાંડ ચાલતું હતું એ સ્થળનું પંચનામુ કરવામાં આવશે. આ ઉપરાંત હજુ પણ ચોરી કરેલ ડીઝલ ન જથ્થો કીડીયા ટાપુ ઉપર હોય પોલીસ ડ્રોન કેમેરાની મદદથી તપાસ કરશે તેવું જાણવા મળ્યું છે.

# સરથાણામાં ૧૭૭ ગ્રામ એમડી ડ્રગ્સ સાથે રિક્ષા ચાલક ઝડપાયો

## રિક્ષા ચાલક માનસિંગ કુસ્વાહને ડ્રગ્સ વેચવા માટે આપનાર આરોપીની શોધખોળ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૯**

સરથાણા પોલીસે સાવલીયા સર્કલ પાસે એક સોસાયટીના ગેટ પાસેથી ૪૦ વર્ષિય રીક્ષા ડ્રાઈવરને એમડી ડ્રગ્સ સાથે ઝડપી પાડ્યો હતો. રૂ.૫૮૫૦ની કિંમતના ૧૭૭ ગ્રામ એમડીની હેરાફેરી કરનાર રીક્ષા ચાલક સામે સરથાણા પોલીસે ગુનો નોંધી તેને એમડી ડ્રગ્સ આપનારને વોન્ટેડ જાહેર કર્યો હતો.

સરથાણા પોલીસ સુત્રો પાસેથી મળતી વિગત અનુસાર સાવલીયા સર્કલ પાસે આવેલ પ્રમુખ છાયા સોસાયટીના ગેટ પાસેથી સરથાણા પોલીસે રીક્ષા ડ્રાઈવર માનસિંગ પુરણસિંગ ઉ.વ.૪૦ને એમડ્રી ડ્રગ્સ સાથે ઝડપી પાડ્યો હતો. મુળ રાજસ્થાનના વતની માનસિંગ કુસ્વાહ પાસેથી મળી આવેલા એમડી ડ્રગ્સ અંગે તેની પુછપરછ કરાત તેમે અન્ય એક ઈસમ પાસેથી આ ડ્રગ્સ ખરીદ્યું હોવાની કબુલાત કરી હતી. પોલીસે એનડીપીએસ હેઠળ ગુનો નોંધી વોન્ટેડ આરોપીને ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા છે.

સુરત શહેર પોલીસ દ્વારા નો-ડ્રગ્સ ઝૂંબેશ દરમિયાન દરરોજ ડ્રગ્સનો વેપલો કરતા અસામાજિક તત્વોને પોલીસ પકડીને જેલમાં ધકેલી છે. દરમિયાન સરથાણા વિસ્તારમાંથી પોલીસે વધુ એકને ડ્રગ્સ સાથે ઝડપી પાડ્યો છે.

# ડીંડોલી ખાતે ખુલ્લા મેદાનમાં બોથડ પદાર્થ ઝીંકી એકની હત્યા

### હત્યામાં સંડોવાયેલા બે મિત્રોને ઝડપી પાડતી પોલીસ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૯**

ડિંડોલી માનશી રેસીડેન્સી પાસે આવેલા ખુલ્લા મેદાનમાં ગઈકાલે રાત્રે મિત્રો વચ્ચે થયેલી તકરારમાં બે મિત્રોએ એકને બોથડ પદાર્થ તેમજ ઢીક મુક્કીનો માર મારી હત્યા કરી નાંખી હતી. ગઈકાલે રાત્રે આ મામલે પોલીસને જાણ થતા પોલીસે બે જણા સામે હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

ડિંડોલી પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર મુળ ઉત્તરપ્રદેશના જોનપુરના હસવાહ ગામના વતની અને હાલ ડિંડોલી બાબા મેમોરીયલ હોસ્પિટલ રાધાકૃષ્ણનગર ખાતે રહેતા ઉમાશંકરસિંઘ રાજબહાદુરસિંઘનો ગઈકાલે મોડી સાંજથી રાત્રિના સમયગાળામાં ડિંડોલી માનશી રેસીડેન્સી પાસે આવેલા ખુલ્લા મેદાનમાં કોઈક કારણોસર ઝઘડો થયો હતો. મિત્ર અંશુ (રહે. શ્યામવિલા રેસીડેન્સી) અને દિલ્લુ યાદવ (રે. જગદંબાનગર) સાથે ઝઘડો થયો હતો. ઝઘડામાં દિલ્લુ અને અંશુએ ઉમાશંકરસિંઘને બોથડ પદાર્થ વડે તેમજ ઢીક્ક મુક્કીનો માર મારતા ઉમાશંકરસિંઘનું મોત નિપજ્યું હતું. હત્યા મામલે મૃતકની પત્ની રૂચિસિંઘે ગઈકાલે રાત્રે ડિંડોલી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવ્યો હતો.

# વાંસદામાં ૧૫ વર્ષની છોકરી પર ગેંગ રેપ કરનાર તમામ આઠ આરોપી ઝબ્બે

## એક સગીર અને બાકીના સાત આરોપીઓ ૧૯થી ૨૦ વર્ષના છે : ડીવાયએસપી ગોહિલ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૯**

નવસારી જિલ્લાના વાસદા તાલુકાના એક ગામમાં ૧૫ વર્ષીય સગીરા પર ૮ શખ્સોએ સામૂહિક દુષ્કર્મ આચર્યાની ઘટના સામે આવી છે. શૌચક્રિયા માટે ઘરની બહાર નીકળેલી સગીરાનું અપહરણ કરીને શખ્સો એક રૂમમાં લઇ ગયા હતા અને દુષ્કર્મ આચરીને મારી નાખવાની ધમકી આપી હતી. આ ઘટનામાં પોલીસે ગણતરીના કલાકોમાં જ આઠેય આરોપીઓની ધરપકડ કરીને આગળની તપાસ હાથ ધરી છે.

વાંસદા પોલીસ મથકેથી મળતી માહિતી અનુસાર બુધવારે રાત્રે આશરે ૧૦:૩૦ વાગ્યાના સુમારે ૧૫ વર્ષની સગીરા શૌચાલય માટે ઘરની બહાર નીકળી હતી. આ દરમિયાન ત્રણ યુવાનોએ તેનું મોઢું દબાવી બળજબરીથી બાઈક પર બેસાડી અપહરણ કરી ચેકડેમ પાસે લઈ ગયા હતા. ત્યાં અન્ય પાંચ શખ્સોને બોલાવવામાં આવ્યા હતા.

આ આઠેય નરાધમો સગીરાને એક પાણીની ટાંકી પાસે આવેલા રૂમમાં લઈ ગયા હતા. ત્યાં સગીરાને મારી નાખવાની ધમકી આપી તેની લાચારીનો ફાયદો ઉઠાવી વારાફરતી તેની પર સામૂહિક દુષ્કર્મ આચર્યું હતું. આ ઘટનામાં ભોગ બનનાર સગીરાની માતાએ હિંમત દાખવી વાંસદા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.પોલીસે આ મામલે ત્વરિત કાર્યવાહી કરતા પોકસો (POCSO) અને અન્ય કડક કલમો હેઠળ ગુનો નોંધી તપાસનો ધમધમાટ તેજ કર્યો છે. પોલીસે નિખિલ, પિયુષ, સાહિલ, રવિન્દ્ર, આકાશ, રાહુલ અને એક સગીરની ધરપકડ કરીને આગળની તપાસ હાથ ધરી છે.આ અંગે DySP ભગીરથસિંહ ગોહિલે જણાવ્યું કે, સગીરાના જ મિત્રોએ તેનું અપહરણ કર્યું હતું અને એની મરજી વિરુદ્ધ

અનુસંધાન પાના ૭ પર

# ચેક રિટર્નમાં ભરત દોડિયાને એક વર્ષની સજા કરતી કોર્ટ

### ધંધા માટે ઉછીના લીધેલા રૂપિયાનો ચેક રિટર્ન થતા કેસ કરાયો હતો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૯**

કામરેજ વિસ્તારમાં રહેતા એક શખ્સે ધંધાના કામ અર્થે ઉછીના લીધેલા રૂ. ૮૦,૦૦૦ની ચૂકવણી પેટે આપેલા ચેક રિટર્નના કેસમાં કોર્ટે તેને તકસીરવાર ઠેરવી એક વર્ષની સાદી કેદની સજા ફટકારી હતી.

ફરિયાદી ગીતાબેન અમૃતભાઈ લીંબાણી પાસેથી આરોપી રાજેશ ભરત ડોડીયાએ ધંધા માટે રૂ. ૮૦,૦૦૦ ઉછીના લીધા હતા. આ રકમની ચુકવણી માટે આરોપીએ સમજૂતી ખત કરી ચેક આપ્યો હતો. જોકે, બેંકમાં ચેક રજૂ કરતા તે અપૂરતા ભંડોળના કારણે પરત ફર્યો હતો. આ મામલે ફરિયાદીએ એડવોકેટ રમેશ વી. સાનેપરા અને નયન એન. માવાણી મારફતે કોર્ટમાં ફરિયાદ દાખલ કરી હતી.

બંને પક્ષોની દલીલો અને પુરાવાઓને ધ્યાને રાખી, નામદાર કોર્ટે તા. ૦૬-૦૧-૨૦૨૬ના રોજ ચુકાદો આપ્યો હતો. જેમાં આરોપીને નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ હેઠળ દોષિત ઠેરવી ૧ વર્ષની કેદ અને ફરિયાદીને રૂ. ૮૦,૦૦૦ વળતર પેટે ચૂકવવાનો આદેશ કર્યો છે. જો આરોપી વળતર ન ચૂકવે તો વધુ ૬ માસની સાદી કેદની સજા ભોગવવી પડશે.



સોમવારે સ્વામી વિવેકાનંદ જયંતી હોવાને કારણે આજરોજ દયાળજી બાગ ખાતે સ્વામિ વિવેકાનંદ પ્રતિમાને રંગરોગાન કરવામાં આવી રહ્યું છે. જે તસવીરમાં દ્રશ્યમાન થાય છે.

(તસવીર : હનીફ મલેક)

# રૂ.૮ કરોડના છેતરપિંડી કેસમાં જમીન દલાલના જામીન નામંજૂર

### આરોપી જગદીશ કાલસરીયાની જામીન અરજી કોર્ટે ફગાવી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૯**

ઓલપાડના કુડસદ ગામે રોયલ રેસીડેન્સી પ્રોજેક્ટમાં રોકાણ કરાવી રૂપિયા ૮ કરોડથી વધુની છેતરપિંડી કરવાના કેસમાં મોટા વરાછા જમીન દલાલ જગદીશ કાલસરીયાના જામીન સુરત કોર્ટે નકારી કાઢ્યા હતા

મૂળ સોમનાથના અને હાલ મોટા વરાછા સીટી લાઈટ રોડ ખોડલ છાયા રો હાઉસમાં રહેતા જમીન દલાલ જગદિશ જેરામ કાલસરીયા સહિતના આરોપીઓએ ઓલપાડના કુડસદ ગામે 'રોયલ રેસીડેન્સી' સ્કીમમાં રોકાણકારોને ૩૬ મહિનામાં મકાન અથવા બમણા વળતરની લાલચ આપી હતી. ત્યારબાદ જમીન પર લોન લઈ અને બુલેટ ટ્રેનનું વળતર મેળવી, ૫૮ રોકાણકારો પાસેથી ડિપોઝિટ પેટે ?૮.૪૮ કરોડ ઉઘરાવ્યા હતા. ત્યારબાદ મકાન કે નાણાં પરત ન કરી વિશ્વાસઘાત કર્યો હતો. જેથી કમલેશ જાનીએ આ અંગએ સરથાણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આ ગુનામાં જેલમાં બંધ જમીન દલાલ જગદીશ કાલસરીયાએ નિયમિત જામીન અરજી કરી હતી. સરકાર તરફે

અનુસંધાન પાના ૭ પર

# તાપી જિલ્લાના કુકરમુંડામાં રાત્રે કોમી તોફાનમાં ૧૨ની ધરપકડ

### ખાટીક ફળિયામાં ભારે પોલીસ બંદોબસ્ત તૈનાત કરાયો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૯**

તાપી જિલ્લાના કુંકરમુંડા ખાતે આવેલા મુખ્ય ગામના ખાટીક ફળીયામાં ગત મોડી રાત્રે બે પક્ષો વચ્ચે કોમી થતા સામ સામે ટોળા આવી ગયા હતા. જેમાં સામ સામે પથ્થરમારાને પગલે કેટલાય લોકો ઈજાગ્રસ્ત થયા હતાં તો વાહનોનો કચ્ચરઘાણ કાઢી નાંખવામાં આવ્યો હતો. તાપી એસપી સહિત મોટો પોલીસ કાફલો તાત્કાલિક ખાટીક ફળીયાને કોર્ડન કરી લીધો હતો અને જુના ઝઘડાની અદાવતમાં થયેલા તોફાન પર પોલીસ બળ વાપરીને સમગ્ર સ્થિતિને કંટ્રોલમાં લઈ લેવાઈ હતી. આ અંગે કુકરમુંડા પોલીસ મથકમાં બે જુથો સામે ફરીયાદો નોંધવામાં આવી છે. અત્યાર સુધીમાં કુલ ૧૨ આરોપીઓની ધરપકડ કરી લેવામાં આવી છે.

આ અંગે જાણવા મળતી વિગત અનુસાર કુકરમુંડા તાલુકાના મુખ્ય ગામના ખટીક ફળીયાની ખુલ્લી જગ્યામાં બે જુથો સામ સામે આવી જતા વાતાવરણ તંગ બન્યું હતું. લિયાકત રમજાન ખાટીક ઉ.વ.૪૭ની ફરીયાદ અનુસાર ગઈકાલે રાત્રે લિયાકતના ભાઈનો પુત્ર ફૈઝાન ખાટીક અને કુર્બાન તનવીર ખાટીક મોટર સાયકલ લઈને બજાર તરફ ગયા હતા ત્યારે ગૌરવ સૈંદાણે, વૈભવ સોનાર, હર્ષલ ચૌધરી, રાજ ભુરૂ ખટીક, તેજસ પટેલ તેમની મોટર સાઈકલ ઉભી રખાવી ઝઘડો કર્યો હતો. આ મામલે બે પક્ષના ટોળા સામ સામે આવી જતા બંને પક્ષ તરફથી ભારે પથ્થરમારો થયો હતો. બનાવની જાણ તાપી પોલીસને થતા તાપી એસપી મોટા પોલીસ

અનુસંધાન પાના ૭ પર

# રૂપિયા ૨૦ લાખના ચેક રિટર્ન કેસમાં સેશન્સ કોર્ટમાં કરાયેલી અપીલ રદ

### ટ્રાયલ કોર્ટની સજા કાયમ રાખતી સેશન્સ અદાલત

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૯**

આ કેસની વિગત અનુસાર પુણાગામ તળાવ રોડ અયોધ્યાનગર વિભાગ-એ ખાતે રહેતા મયુરભાઈ દિનેશભાઈ મહેતા અરિહંત મોબાઈલના નામે મોબાઈલનો ધંધો કરે છે. તેઓ યાજ્ઞિકભાઈ ગોરધનભાઈ પાંચાણી (રહે. શિવધારા રેસીડેન્સી, મોટા વરાછા) વાયએનકે એક્ષપોર્ટમાં મયુરભાઈ સાથે ભાગીદાર છે. દરમિયાન સને

૨૦૧૯ બાદ શરૂ થયેલી આ ભાગીદારી પેઢીમાં મયુર મહેતા દ્વારા યાજ્ઞિક પાંચાણી પાસેથી રૂ.૨૦ લાખ હાથ ઉછીના લીધા હતા. જેનું પેમેન્ટ ચુકવવા માટે આપેલા ચેક રિટર્ન થયા હતા. જે અંગે ટ્રાયલ કોર્ટમાં એડવોકેટ યોગેશ કે.જોગાણી મારફતે યાજ્ઞિક પાંચાણીએ મયુર મહેતા સામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ મુજબ કેસ કર્યો હતો. આ કેસ કોર્ટમાં ચાલી જતા કોર્ટે આરોપી મયુર મહેતાને ૧ વર્ષની કેદ અને

૨૦ લાખ ઉપર વાર્ષિક સાદા વ્યાજ સાથે વળતર ચુકવી દેવા હુકમ

અનુસંધાન પાના ૭ પર

# વડોદરામાં ૧૫ વર્ષની દીકરી પર બે યુવાનોનો બળાત્કાર

### ફતેગંજ પોલીસે બંને આરોપીઓને દબોચી લીધા

**વડોદરા, તા.૦૯**

૪ ઓકટોબર, ૨૦૨૪ને નવરાત્રિના બીજા નોરતે ભાયલીમાં ૧૬ વર્ષની સગીરા પર થયેલા સામુહિક દુષ્કર્મની ઘટના બાદ વધુ એક ગેંગરેપની ઘટના વડોદરા શહેરમાં સામે આવી છે. ૮ જાન્યુઆરીને ગુરૂવારના રોજ બપોરે ઘરેથી નીકળેલી ૧૫ વર્ષીય સગીરાને ફતેગંજ વિસ્તારમાં રહેતા હર્ષિત મેકવાન અને હેપ્પી નામના યુવકે રૂમમાં લઈ જઈ ત્રણ કલાક સુધી ગોંધી રાખી વારાફરતી દુષ્કર્મ આચર્યું હતું. આ મામલે પીડિતાના માતાએ ફતેગંજ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે પીડિતના માતાની ફરિયાદના આધારે બન્ને આરોપીને દબોચી લીધા છે.

મોડીરાતે ઘટનાની જાણ થતાં પીડિતાના સમાજના લોકો પણ મોટી સંખ્યામાં હોસ્પિટાલ દોડી ગયાં હતાં. પોલીસ પર ગંભીર આક્ષેપ કરતા પીડિતાના પરિવારજો અને સમાજના આગેવાને જણાવ્યું કે, ફરિયાદ નોંધાવવા ગયેલા પરિજનોને પોલીસે તગેડી મૂક્યાં હતાં. જે બાદ સમાજનો અન્ય લોકો પરિવાર સાથે પોલીસ સ્ટેશને પહોંચતાં પોલીસે ફરિયાદ નોંધી હતી અને કાર્યવાહી કરી હતી.

પીડિત સગીરા મૂળ ઉત્તર પ્રદેશની છે અને અહીં તેમના સગા-સંબંધીઓને મળવા આવ્યા હતા. છોકરીની ઉંમર ૧૫ વર્ષ છે, તે બપોરે દુકાને કંઈક વસ્તુ લેવા ગઈ ત્યારે દુકાનની બાજુમાં ૩-૪ છોકરાઓ બેઠા હતા. તેમણે છોકરીને બોલાવી અને કહ્યું કે, તારા સગા તને બોલાવે છે, એમ કહી તેને ઘરમાં લઈ ગયા અને અંદરથી દરવાજો બંધ કરી દીધો. ત્યારબાદ તે છોકરાઓએ વારાફરતી સગીરા સાથે ગેંગરેપ કર્યો હતો. લગભગ ૪ કલાક સુધી તેને રૂમમાં પુરી રાખી હતી. પડોશીને કોઈક રીતે જાણ થતાં તેણે બૂમ પાડી હતી અને આ છોકરાઓ ત્યાંથી ભાગી ગયા.